# ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 16 • પ્રકરણ : 11 • સળંગ અંક : 191 26 ફેબ્રુઆરી 2011 ડિજિટલ અવતાર – અગિયાર

## નવજાગૃતિ(રેનેસાં)નો અરુણોદય :

• ભોગીલાલ ગાંધી

### રાજા રામમોહન રાય અને દુર્ગારામ મહેતાજી

**1. ભારતીય ભૂમિકા**

યુરોપની સરખામણીમાં ભારતના પુનર્જીવન – ‘રેનેસાં’નો યુગ ઘણો મોડો આરંભાયો હતો. અને યુરોપ કરતાં ભારતની પાર્શ્વભૂમિની ભિન્નતા તથા ‘રેનેસાં’ સમયની પરિસ્થિતિની પ્રતિકૂળતાઓ પણ નોંધપાત્ર હતી. ભારતમાંના આ પુનર્જીવન સાથે પશ્ચિમી-યુરોપી પ્રજાઓના ભારત-આગમનની અને વિશેષે ભારતમાં અંગ્રેજી રાજ્યશાસનની ઘટના, તેનાં શુભાશુભ લક્ષણો સાથે, નિર્ણાયક પરિબળ બની હતી.

**અંગ્રેજ આગમન પૂર્વે**

અંગ્રેજોના આગમન પૂર્વે, બલ્કે પશ્ચિમી પ્રજાઓના આગમન પૂર્વે ઘણા લાંબા સમયથી - અતિ પ્રાચીન કાળથી વિદેશી ટોળીઓ અને પ્રજાઓએ વારંવાર ભારત પર આક્રમણ કર્યાં હતાં. પરંતુ એ તમામ ટોળીઓ અને પ્રજાઓ, એક તો, અને નોંધપાત્ર રીતે, ભારતમાંના તે તે સમયના વિકાસની તુલનાએ, પછાત પ્રજાઓ હતી. અને બીજું, તે તે પ્રજાઓ ભારતમાં આવી ભારતની પ્રજામાં ભળી જઈ, ભારતની ભૂમિ સાથે અવિચ્છિન્ન બની ગઈ હતી. બલ્કે આ તમામ નવાગંતુકોને પોતાના ઉદરમાં સમાવી લેવાની, આત્મસાત કરી લેવાની, અને બને તેટલા એ ઓછા સંઘર્ષો, અને અધિકતર સંપર્ક દ્વારા ભેદોને ઓગાળી નાખવાની એક અદ્‌ભુત સાંસ્કારિક રાસાયણિક પ્રક્રિયા ભારતને માટે સહજ બની ગઈ હતી.

બીજી રીતે વિચારતાં એ પણ જણાય છે કે, પ્રાચીન યુગથી એટલે કે ઉપનિષત્કાળથી આરંભી છેક મધ્ય યુગના અંત સુધીમાં ભારતમાં જ્યારે જ્યારે પ્રચલિત સમાજરચનાનું સ્વરૂપ જડ-રૂઢ અને વિકાસરોધક બનવા પામ્યું હતું, ત્યારે ત્યારે તેની અંદરથી જ નવા ક્રાંતિકારી પરિવર્તનશીલ બળો પ્રગટ્યાં હતાં; અને યુરોપના ઇતિહાસની તુલનાએ, પ્રમાણમાં ઓછા ક્રૂર અને કાતિલ સંઘર્ષો દ્વારા, નવઘડતરની પ્રક્રિયા અખંડપણે ચાલતી રહી હતી (દૃષ્ટાંતરૂપે ઉપનિષત્કાળમાં મોટા ભાગના ક્ષત્રિય ઋષિઓનું નૂતન બ્રહ્મચિંતન, બુદ્ધનું બંડખોર તત્ત્વચિંતન, લોકાયતી-સાંખ્ય-ચાર્વાક-નાસ્તિકવાદની જેહાદ, જ્ઞાનમાર્ગી અને ભક્તિમાર્ગી સંતો અને કવિઓનાં લોકતાંત્રિક સમાનતાવાદી આંદોલનો વગેરે)

ભારતના ઇતિહાસની એક ત્રીજી વિશેષતા પણ નોંધપાત્ર છે. ભારત ઉપર વિદેશી આક્રમણો થયાં, સદીઓ લગી રાજ્યોની ઊથલપાથલો ચાલુ રહી, પરંતુ ભારતવર્ષની પાયાની સમાજરચના આદિયુગથી મધ્યયુગના અંત સુધી લગભગ એવી ને એવી અને અંગ્રેજોના ભારતપ્રવેશના સમય સુધી ઘણે અંશે અકબંધ રહી હતી.

આવી ભારતીય ‘અકબંધ’ સમાજરચનાના બે પાયા હતા –

(1) પહેલો પાયો : વર્ણવ્યવસ્થા (વેદકાળની મૂળ બે વર્ણમાંથી ઉપનિષત્કાળ સુધીમાં સ્થાયી બનેલી ચાતુર વર્ણવ્યવસ્થા) આરંભમાં ગુણકર્મે કરીને બનેલી અને પાછળથી જન્મથી નક્કી થઈ ગયેલી, ઉચ્ચનીચની શ્રેણીવાળી, બ્રાહ્મણ વર્ણના ઇજારદારી વર્ચસ્વવાળી હિંદુ સમાજરચના : ચિંતન અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે, ઈશ્વર યા દેવદેવીઓની કલ્પના અને પૂજા, કર્માનુસારી પાપપુણ્ય-આધારિત પુનર્જન્મ અને પરલોક, તથા અન્ય મહત્ત્વનાં અંગો વિષેના આચારવિચારના ભેદો સુદ્ધાં જ્યારે ગૌણ બની જતા હતા ત્યારે, ઉપર કહી તેવી વર્ણવ્યવસ્થાની ઇમારત અકબંધ રાખવા મરણતોલ પ્રયાસો થતા રહ્યા હતાં. અને વર્ણભેદની અતિશયતા જ્યારે અસંખ્ય ન્યાતિઓમાં વિસ્તાર પામી સમાજના આખા દેહને છિન્નભિન્ન કરી રહી હતી, ત્યારે આરંભકાળની ગુણકર્મ પ્રધાન વર્ણવ્યવસ્થા તરફ પાછા ફરવાનો પ્રયાસ વધુમાં વધુ ઉદ્દામ લેખાયો હતો.

(2) બીજો પાયો : ગ્રામપંચાયતી લોકશાહી અને પરસ્પર સહકારી સ્વપર્યાપ્ત આર્થિક રચનાનો, તેમાં જમીનની માલિકી, તમામ વ્યવહાર પૂરતી ગ્રામપંચાયતની ગણાતી; અને ગામ તરફથી રાજ્યસત્તાને નિયત ‘ભાગ’ (ઉત્પાદનનો) આપી દીધા પછી, તેના તરફથી શાંતિ અને સુકાળના સમયમાં ભાગ્યે જ કશી રોકટોક કે દખલ સહેવાની રહેતી હતી. સામેથી, નહેરો અને સંરક્ષણની બાબતમાં રાજ્યે પોતાની જવાબદારી માન્ય કરી લીધી હતી. અને બધી સ્થાનિક સત્તાઓ, જરૂરિયાતો તથા વ્યવસ્થાનો ભાર ગ્રામપંચાયતને શિર રહેતો હતો.

**અંગ્રેજ આગમનનાં પરિણામ**

અંગ્રેજોની સત્તા સ્થાયી થતાં ભારતની પૂર્વકાલીન સમાજ રચનાના આ બેઉ પાયા હચમચી ઊઠ્યા.

અંગ્રેજ વેપાર માટે ભારતમાં પ્રવેશેલી ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ધીમે ધીમે કરતાં, હરએક પ્રકારના કાવાદાવા, જૂઠાણાં, બેઈમાની, ખૂન, અત્યાચાર, લૂંટ, લાંચરુશ્વત અને કુનેહ તથા શસ્ત્રબળને આધારે મોગલ બાદશાહો, સ્થાનિક નવાબો, મરાઠાઓ અને પોતાના જ પશ્ચિમી – પોર્તુગલ, ડચ, ફ્રેંચ ભાંડુઓનો કાંકરો કાઢતા જઈ, *1757* સુધીમાં તો બંગાળમાં કબજો જમાવી દીધો હતો. ક્લાઈવ, હેસ્ટિંગ્ઝ અને કૉર્નવૉલિસના અમલ દરમ્યાન, ચાંચિયાગીરી, જકાતનીતિ અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીના નાનામોટા પગારદારોની બેફામ ઇજારદારી, અને મહેસૂલી નીતિએ દેશી વેપારી, દેશી કારીગર અને દેશી ખેડૂતની પાયમાલી કરી નાખી હતી.

ભારતના અર્થકારણનો પાયો - ગ્રામઅર્થરચનાનો પાયો - જ તોડી નાખવામાં આવ્યો હતો : સદીઓ થયાં ભારત પાકો માલ નિકાસ કરનાર પૂર્વનું એક મહાન મથક હતું તે અંગ્રેજોના રાજઅમલમાં કાચો માલ નિકાસ કરી પાકો માલ આયાત કરનાર બ્રિટનનું ખંડિયું બજાર બની ગયું હતું. એકંદરે, વેપાર વધ્યો હતો, પણ વેપારીઓ ડૂબ્યા હતા; દેશીઓ ગરીબ થયા હતા. પરદેશી ધનાવન બન્યા હતાં.

અઢારમી સદીને અંતે, રાજા રામમોહન રાયની ભરયુવાનીના સમયે, ભારતની આર્થિક-રાજકીય અવદશા બેસી ચૂકી હતી.

**2. સામાજિક – સાંસ્કારિક ભૂમિકા**

ઈ.સ.1800થી ભારતવર્ષમાં અંગ્રેજોની સત્તા સ્થાયી અને વ્યાપક સ્વરૂપ પામી ત્યારે ભારતવર્ષ, વિશેષત: બંગાળ જ્યાં ભારતીય પુનર્જાગૃતિની પ્રથમ જ્યોત પ્રગટી — ત્યાં સાંસ્કારિક-સામાજિક સ્થિતિ ઘણીબધી નામોશીની હતી.

ચાતુર્વર્ણ્યના જડબેસલાખ ચોકઠામાં પ્રજાનો પ્રાણ રૂંધાઈ રહ્યો હતો. બ્રાહ્મણવર્ગની જોહાકીનો પાર ન હતો. એમણે કહ્યો તે ધર્મ, એમણે લખ્યું તે શાસ્ત્ર, ને એમણે પ્રયોજ્યો તે ન્યાય એવી હાલત હતી. જન્મથી મરણ પર્યંતના

# ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઈ.મેલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---------------


•

**સંપાદકીય પત્રવ્યવહાર**

**"ઓપિનિયન"**

'Kutir', 4 Rosecroft Walk,
WEMBLEY,
Middlsex HA0 2JZ [U.K.]

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

**ભારત માટે સંપર્કનું ઠેકાણું**

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ


---------------

**"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.**

તમામ નાનામોટા પ્રસંગે બ્રાહ્મણને હસ્તક ફરજિયાત ધર્મવિધિ કરવાની હોઈ એના વિરોધમાં કે એની અવકૃપામાં જીવવું જ મુશ્કેલ હતું. કાયદાનો બનાવનારો અને ન્યાય તોળનારો એ જ એકમાત્ર ઈજારદાર હતો (ઘણા લાંબા સમય સુધી ન્યાયની બાબતમાં કોર્ટમાં પણ પંડિત અને મોલવીના હાથે ન્યાય તોળાતો; અને એમણે રચેલાં શાસ્ત્રોના આધારો લેવાતા.) વળી આ બ્રાહ્મણ 'નિબંધકારો' નવી સ્મૃતિઓ પણ રચતા હતા;1 અને ધર્મને નામે જૂની રૂઢિઓને જીવતદાન આપી નવા વિચારો અને આચારોને ગળે ટૂંપો દઈ પોતાનો સ્વાર્થ સાધતા હતા. ભાવુક પ્રજા ધર્મને નામે, શાસ્ત્રને નામે, વધુ ને વધુ જડ બંધનોમાં પોતાની જાતને સુરક્ષિત માની જીવતી હતી; અને એની સામે અવાજ ઉઠાવનાર ઉપર કેવળ બ્રાહ્મણ – પૂજારી વર્ગનો જ નહિ, આખી પ્રજાનો ખોફ ઊતરતો હતો; અને એને ન્યાયજાતથી બહિષ્કૃત કરવામાં આવતો; એનો 'દીવોપાણી' સુદ્ધાં બંધ થતો. એવાની સાથે સંબંધ રાખનારનું પણ આવી બનતું.2 હિંદુ સિવાયની જાતિના લોકો સાથે ખાવાપીવાનો સંબંધ રાખવો એ તો મહાપાતક ગણાતું. એને 'યવનદોષ' ગણી તેવા માણસનો બહિષ્કાર થતો. અને છાણ-ગોમૂત્રનું પ્રાશન કરી, અપમાનિત થઈ ખાસો દંડ ભરી પ્રાયશ્ચિત કરનારને જ પાછો સમાજમાં લેવામાં આવતો! આવા 'બહિષ્કૃતો' રંજાડથી ત્રાસી જઈને, બચવા સારુ પરધર્મી બની જતા.

ઈશ્વર ઉપરની શ્રદ્ધા પણ હજારો દેવદેવીઓની – 'શક્તિ' (કાલિ આદિ)ની પૂજામાં પરિણમી હતી. આ પૂજાનાં સ્વરૂપો પણ અણઘડ હિંસક હતાં. બૌદ્ધ સહજીયા, વામપંથી, તાંત્રિક પંથોની (પશુબલિ અને ક્વચિત માનવબલિ જેવી) અઘોરી પદ્ધતિઓ દાખલ થઈ ગઈ હતી અને હિંદુઓની અંદરના જ પંથો વચ્ચે અસહિષ્ણુતા અને દ્વેષ વ્યાપક બન્યાં હતાં. મૂર્તિપૂજા, વિધિ-આચારો, દેવદર્શન, તીર્થાટન, આભડવું-અડકવું, નહાવું-ધોવું, તિલક-માળા વગેરેમાં ધર્મની અથેતિ સમાઈ ગઈ હતી. તંત્ર-મંત્ર, જાદુ-ઈલ્મ, ભૂત-પ્રેત આદિ ધતિંગો પણ ધર્મને નામે ફૂલ્યાંફાલ્યાં હતાં તથા ઠાઠમાઠ, વિલાસવિષય ધર્મની છત્રછાયા નીચે સલામત બન્યાં હતાં.

અસ્પૃશ્યતા, અને નીચી ગણાતી જાતિઓનો તિરસ્કાર, સ્ત્રીઓની માનહાનિ અને તાબેદારી, ફરજિયાત 'સતી' અને ફરજિયાત 'વૈધવ્ય', ઉપરાંત 'કુલીનગીરી' (કુલિન બ્રાહ્મણોમાં અનેક પત્નીઓ કરવાની પ્રથા) તથા 'દેવદાસી' (સ્ત્રીઓએ મંદિરોમાં નર્તકી તરીકે જીવવાની પ્રથા) તો બંગાળમાં ખૂબ જ ભયંકર સ્વરૂપે પ્રચલિત હતી.

જ્ઞાન અને અનુભવના દરવાજા ભિડાઈ જતાં, અને અમુક વાડામાં જ આચારવિચાર ભરાઈ પડતાં, કોઈ પણ નવી શોધ, નવું જ્ઞાન, નવો અનુભવ, નવો વિચાર, નવું સાહસ, નવી દૃષ્ટિને માટે કશો અવકાશ જ ભાગ્યે રહ્યો હતો અને પ્રારબ્ધવાદમાં શ્રદ્ધા રાખી, જે છે તે હાલતને સ્વીકારી લઈ, જૂની ઘરેડમાં જીવન પૂરું કરી જવાની નિર્માલ્યતા પ્રજાજીવનમાં પ્રવેશી ગઈ હતી.

સમાજના ઘણા મોટા સમૂહની દશા ઉપર વર્ણવી તેવી હતી. આગળ જણાવ્યું તેમ, અવારનવાર તેની સામે સુધારા અને પ્રગતિ માટે પ્રયાસો થતા રહ્યા હતા પરંતુ તે મહદંશે ચાતુર્વર્ણી સમાજરચનાના ચોકઠાની અંદર જ. અને અંતે તો, દુનિયાથી લગભગ અલિપ્ત સ્વપર્યાપ્ત ગ્રામઘટકોમાં, સેંકડો વરસથી એકધારું જીવન જીવતો સમાજ બહુ જલદીથી પાછો જૂની ઘરેડમાં પડી જતો હતો. આવા રૂઢ બનેલા સમાજ માટે પશ્ચિમી પ્રજાનાં તદ્દન ભિન્ન પ્રકારનાં આચારમાનસ અને વ્યવહારનો સંપર્ક એક જબરજસ્ત ધક્કારૂપ હતો – પ્રબળ આઘાતરૂપ હતો.

એણે આ દેશનો આર્થિક પાયો જડમૂળમાંથી ઉખાડી નાખ્યો; તે જ રીતે આ દેશની પ્રાચીન પ્રણાલી અને ચિંતન તથા જીવનપદ્ધતિ ઉપર જ ઘા કર્યો. પ્રાચીન ભારતીયત્વની કેવળ ઉપેક્ષા કરી.

બીજી બાજુ, ખ્રિસ્તી ધર્મના એકેશ્વરવાદ તથા તેનાં નૈતિક તત્ત્વો ઉપરના ઝોકનું આકર્ષણ પણ જાગ્યું.

પશ્ચિમનાં સાહિત્ય, શિક્ષણ, ઇતિહાસ, આદિએ નવી જ દૃષ્ટિ અને ભાવના વિકસાવી.

પશ્ચિમના અતિ ઝડપી ભૌતિક વિકાસ-વિજ્ઞાન, યંત્રો અને ઉદ્યોગોએ ઉત્કર્ષની નવીન પ્રેરણા પાઈ નવી મહેચ્છાઓ જગાડી.

**૩. નવી ક્ષિતિજો : નવી સમસ્યા**

આમ, અંગ્રેજોના સ્થાયી સંપર્કે નવી જ ક્ષિતિજો ઉઘાડી દીધી હતી.

**નવા કાર્યક્રમો : નવાં સાધનો**

ભારતીય સુધારકની સામે જબરજસ્ત સમસ્યાઓ મોં ફાડી ઊભી હતી :

(1) ધીમે ધીમે કરતાં હિંદુ ધર્મ અને સંસ્કારિતાનું જે રીતે પતન થયું હતું તેણે માનવીની ખુદ માનવતાનો પણ હ્રાસ કર્યો હતો.

(2) ભારત પર વિદેશી સત્તાનું જે ઘોર વાદળ જામ્યું હતું, તેની આર્થિક-રાજકીય ભીંસમાં ભારતની પ્રજા દીન અને દરિદ્ર બની રહી હતી.

(3) ભારતની સ્વતંત્રતા અને ઉત્કર્ષ-આબાદી માટે ભારતની એકતા અનિવાર્ય હતી, ત્યારે ભારત તો ધર્મો, ન્યાયજાત, રીતરિવાજ અને ઉચ્ચનીચ ભેદો દ્વારા શતધા ખંડિત હતું! એને નવેસરથી એકતા અર્પ્યા વિના, એની રાષ્ટ્રીયતાની અસ્મિતા જગાડ્યા વિના, એની ભાવિ પ્રગતિ અશક્ય જ હતી.

(4) આ પ્રગતિ માટે અંગ્રેજી શિક્ષણ અને રાજ્યપદ્ધતિ, તથા ઉદ્યોગો અને યંત્રોને અપનાવ્યા વિના છૂટકો નહોતો.

(5) આ પ્રગતિ માટે મંડળીઓ, સંસ્થાઓ, અખબારપત્રો, પુસ્તકો અને પ્રેસની પ્રવૃત્તિ અનિવાર્ય હતી.

(6) આને માટે ન્યાતજાત, ધર્મ ઇત્યાદિ ભેદોને ગૌણ બનાવી આખા દેશની ભાવના પ્રગટાવવાની, અને સાથોસાથ સ્ત્રીઓની પ્રગતિ સાધવાની પણ અનિવાર્યતા હતી.

(7) વિદેશીઓની પ્રગતિની પર્યેષણા માટે અને એમાંનાં સારાંનરસાં તત્ત્વોની સમજ માટે, તથા

એવા વિકાસની તૈયારીઓ માટે વિદેશીઓના વધતા જતા સંપર્કની, વિદેશ-પર્યટનની, અને છેલ્લે એ રાજ્યસત્તા ગમે તેવી કઠોર હોય તોય, ભારતે નવા ચીલે ચડી જવા સુધીય, તેના લાંબા સંસર્ગની અનિવાર્યતા હતી!

આમ, ભારતીય સુધારકની સામે, નવી ક્ષિતિજને અનુરૂપ નવા કાર્યક્રમો, નવાં સાધનો પડકારતાં ઊભાં હતાં. અને આપણે જોઈએ છીએ કે, ભારતીય પુનર્જીવનનાં પુરસ્કર્તાઓએ (ધાર્મિક, સાંસ્કારિક, સામાજિક અને રાજકીય-આર્થિક દરેક ક્ષેત્રના પુરસ્કર્તાઓએ) આ કાર્યક્રમ અને સાધનો સહજ ભાવે અપનાવ્યાં જ છે (અલબત્ત જુદા જુદા તબક્કે જુદા જુદા અગ્રણીઓએ જુદો જુદો ઝોક દાખવ્યો છે, તેની ચર્ચા આ લેખમાં જવા દઈશ).

**જટિલ સમસ્યા**


પરંતુ ભારતીય 'રેનેસાં' સામે બીજા દેશો કરતાં વિશેષ જટિલ સમસ્યાઓ હતી –

1. ભારતીય (ખાસ કરીને હિંદુ, ઉપરાંત મુસ્લિમ, પારસી ધર્મસહિતની) સંસ્કૃતિના વિકાસમાં વ્યાપેલો સડો શું ભારતનું અનિવાર્ય અંગ હતું ? ભારતીય સંસ્કૃતિના વિકાસના ઇતિહાસમાં નવી પ્રકટતી નૂતનતાઓને શમાવી લેવાની અસાધારણ ગુંજાશ રહેલી હતી એનું શું? એને કારણે ઓછામાં ઓછા સંઘર્ષો દ્વારા અનેક જાતિઓ, ટોળીઓ, ધર્મો અને માન્યતાઓ તથા આચારોને તેણે પોતાના પેટમાં શમાવી લઈ, ક્યાંય કશું 'અલગ' ન રહી જાય એ હદે એકાત્મય સાધી, તેમાંથી જ જે 'અખંડ વિકાસશીલતા'ની શક્તિ લાંબો સમય દાખવી હતી, તેને હવે શું સર્વથા નષ્ટ ગણીને વિસ્મરી દેવી અનિવાર્ય હતી? કે પછી એ પ્રાચીન સંસ્કારિતાનાં શ્રેષ્ઠ તત્ત્વોનો આત્મા પકડી લઈ, નવી પરિસ્થિતિમાં નવેસરથી એ શક્તિ પાછી પ્રગટાવવી હજી શક્ય હતી?

## 'નહીં કંઈ ગુમાવવું - ફક્ત શૃંખલાબેડીઓ'ના કવિ

**• પ્રકાશ ન. શાહ**

'નહીં કંઈ ગુમાવવું - ફક્ત શૃંખલાબેડીઓ'ના કવિ 'ઉપવાસી' કહેતાં ભોગીલાલ ચુનીલાલ ગાંધી(જન્મ - ૨૬ જાન્યુઆરી ૧૯૧૧; અવસાન - ૧૦ જૂન ૨૦૦૧)નું આ જન્મ શતાબ્દી વર્ષ છે. આરંભે જે પંક્તિ સંભારી એમાં માર્કસીય પરંપરાના એ ઘોષવાક્યનું અનુરણન તરત પકડાય છે કે 'વર્કર્સ ઓફ ધ વર્લ્ડ યુનાઇટ, યુ હેવ નથીંગ ટુ લુઝ બટ યોર ચેઈન્સ'. ભોગીલાલનાં ઉત્તમ વર્ષો તે વીસમી સદીનાં, પણ ઉત્તમ વર્ષો - સ્વાતંત્ર્યસંગ્રામ અને સ્વરાજનિર્માણના તેમ ગાંધી અને માર્ક્સનાં આંદોલનોનાં એમના જમાનાના જુવાનોની જેમ ભોગીભાઈનાયે જીવનની ઉષા ગાંધીના આંદોલનના આકાશમાં ઊગી અને મધ્યાહ્ને માર્ક્સની સોબત પણ રહી.



૧૯ વરસ પૂરાં થતે, ૧૯૩૦માં 'ગૂજરાત વિદ્યાપીઠ'ના આ સ્નાતકે કાલેલકર, કૃપાલાણી, રાવિપા, (રામનારાયણ વિ. પાઠક) સરખા અધ્યાપકોની સંનિધિમાં એવું તો કાઠું કાઢેલું હતું કે એક પા મીરાં વિશે ડૉક્ટરેટ કક્ષાનો સ્વાધ્યાય ચાલતો હોય તો બીજી પા બારડોલીની લડતમાં અરુણ ટુકડીના સભ્ય તરીકેની કામગીરી પણ કોળતી આવતી હોય : ગાંધીજી વલ્લભભાઈને સરદાર તરીકે સંબોધે અને યુવા ભોગીભાઈ ખુદ ગાંધીની અહિંસાદૃષ્ટિને આગળ કરી વલ્લભભાઈના કેટલાક ઉદ્ગારો સબબ વળતો સવાલ ઉઠાવે, આ સ્પિરિટ બેશક ભોગીભાઈના અંત:સત્ત્વ અને ગાંધી-વિદ્યાપીઠ થકી પ્રાપ્ત માવજતને જ આભારી હશે.

સ્વતંત્રતા અને સમાનતા, તે વર્ષોના વિશ્વ-ખેંચાણો હતા. શોષણ સામેના જંગનો ખ્યાલ અને માર્ક્સવિચારનો અભ્યાસ, એક તબક્કે, આ સ્વાતંત્ર્યસૈનિકને, કૉંગ્રેસ સમાજવાદી પક્ષ વાટે, સામ્યવાદી પક્ષ લગી ખેંચી ગયો : સત્યાગ્રહી ભોગીભાઈએ જો અંગ્રેજ સરકારની જેલો દીઠી તો સામ્યવાદી હોવાને નાતે સ્વરાજ-સરકારનીયે જેલ વેઠી. બધોયે વખત ઝંખના અને ધખના તો, પહેલાં અને પછી, શું સાબરકાંઠાના કોઈ ગામના હરિજનવાસના મહિનાઓમાં કે 'રાજનિવાસ'(ખેતવાડી, મુંબઈ)માં રાહુલ સાંકૃત્યાયન, મોહન કુમારમંગલમ્ અને કૈફી આઝમી વગેરે સાથેના કૉમ્યુન-વરસોમાં, જયપ્રકાશ સાથે બિહારયાત્રામાં, એક જ કે નહીં કંઈ ગુમાવવાનું - ફક્ત શૃંખલાબેડીઓ.

૧૯૪૩-૪૪માં ભોગીભાઈ એમનો કાવ્યસંગ્રહ 'સાધના' લઈને ઉપસ્થિત થયા. બિરાદર ચિત્તપ્રસાદનું મુખચિત્ર તેમ ઉમાશંકર જોશીની પ્રસ્તાવના 'ઊર્મિરંગ' એમનાં કવન અને કથાયિતવ્યને એકદમ ઉજાગર કરી આપનારા હતા. ઉમાશંકરની તે વખતની નિરીક્ષા અને નુકતેચીની ભોગીભાઈની એકંદર વિશ્વદૃષ્ટિના વિકાસને સમજવામાં પણ ઉપયોગી થઈ પડે એવી છે : સંગ્રહમાં ત્રણ વિભાગો હતા - પ્રણય, ઝંખના અને સાધના. ઉમાશંકરે લખ્યું છે કે અહીં વસ્તુત: એક સમગ્ર અભિગમ રહેલો છે. નિજી જણાતા પ્રણયમાંથી જાગતી વ્યાપક જીવનની ઝંખના, વ્યક્તિમર્યાદા વટાવી જઈ સમષ્ટિની વિરાટતાને આલિંગે છે ત્યારે તે સાધનાનું રૂપ પકડે છે અને આ પ્રક્રિયામાં બેડીઓ તૂટતી ચાલે છે.

જોવા-સમજવાનું એ છે કે ભોગીભાઈના કિસ્સામાં આ બેડીતૂટ કોઈ કર્મશીલ ચળવળવીર કે બળવાખોરની માત્ર નહોતી. સર્જક સાહિત્યના સહજ સેવન ઉપરાંત વિવિધ વિષયોમાં જે પણ નવા આયામો અને વિચારપ્રવાહો લક્ષમાં આવે, એ બધામાં ઊંડા ઊતરવાનું સહજ સ્વાધ્યાયનિરત વલણ એમનું હતું. જૂના વારામાં 'નવી દુનિયા' કાર્યાલયની કે પાર્ટી-પ્રકાશનોની કામગીરી હોય કે પાર્ટી છોડ્યા પછી તરતના વર્ષોમાં શરૂ કરેલ "વિશ્વમાનવ" સામયિક હોય. એક સ્વાધ્યાયપ્રણવ સંઘર્ષનો તંતુ તમને બધો વખતે દેખાશે

આ જ સ્વાધ્યાય-સાધના ઉત્તર અને ઉત્તમ વર્ષોમાં એમને સરદાર પટેલ યુનિવર્સિટી(વલ્લભવિદ્યાનગર)ના નિમંત્રણથી 'જ્ઞાનગંગોત્રી' ગ્રંથમાળાના સંપાદનમાં ખેંચી ગઈ. ત્રીસ ગ્રંથોની આ શ્રેણીના પ્રથમ સત્તાવીશ ગ્રંથો એમને હસ્તક તૈયાર થયા. મૂળે કિશોરભોગ્ય વાચનનો ખયાલ એમને હસ્તક સર્વસાધારણ સુશિક્ષિત નાગરિક સારુ 'ગૃહ વિદ્યાપીઠ' (હોમ યુનિવર્સિટી લાઈબ્રેરી) રૂપે વિકસ્યો. જ્ઞાનગંગાના અવતરણની એમની આ કામગીરીને પંડિત સુખલાલજીએ 'ભગીરથના ભ્રાતા' તરીકે વધાવી તો સુંદરમે ગુજરાત પાસે આ એક નાનો એવો મોટો માણસ છે એવી આદરભરી આત્મીય નોંધ લીધી.

એમના બહુવિધ લેખન સંપાદનની વધુ વિગતોમાં નહીં જતાં સારત: એટલું જ કહીશું કે રૂસી સાહિત્યના નિકટ પરિચય માટે ગુજરાત એમનું આભારી રહેશે. નોબેલપૂર્વ સોલ્ઝિનિત્સિન, નહીં તો, તમને કોના થકી મળે? ગોર્કીની અમ્મા, તૉલ્સતોયની કેરેનિના, પાસ્તરનાકનાં ઝિવાગો ને લારા, બધ્ધાં જોડે એમને માયા.

એ વળીને ગાંધીમાં ઠર્યા તે દરમિયાન અને ત્યારે એ કેવા વિચારમંથન અને પુર્નિવચારમાંથી પસાર થયા હશે એનો અંદાજે અહેસાસ એમના લેખસંગ્રહ 'પાથેય'માંથી મળી રહે છે તો 'મિતાક્ષર'માં એમના સાહિત્યિક-સાંસ્કૃતિક અભ્યાસલેખો સંગ્રહાયેલા છે.

લોકશાહી મૂલ્યોની રક્ષાના, અંત્યોદય-સર્વોદયના ને સંપૂર્ણ ક્રાંતિના આંદોલનો સાથે એમનો નિકટ નાતો રહ્યો અને ગુજરાતમાં જનતા-મોરચાની રચનામાં તથા કટોકટી સામેના લોકસંઘર્ષમાં એમની પાયાની ભૂમિકા રહી. જ્યારે એ વર્ષોનો ખરો અને પૂરો ઈતિહાસ લેખાશે ત્યારે એમનું મૂગું યોજકત્વ સુપેરે સમજાશે.

'ગુજરાતી સાહિત્ય પરિષદે' ભોગીભાઈને 'સચ્ચિદાનંદ સન્માન'થી પોંખ્યા ત્યારે નિરંજન ભગતે એમના સર્જનમાં સમગ્ર મનુષ્યજાતિના મહા પ્રશ્નોમાં પ્રતિષ્ઠિત ચેતના અને વૈશ્વીક ઇતિહાસદૃષ્ટિનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. આ જ વાનાં એમના જાહેર જીવનને પણ સમુચિતપણે મૂકી આપે છે.

e.mail : prakash.nirikshak@gmail.com

જો આવી શક્યતા રહેલી હોય તો તેના પાયા ઉપર ભારતીય સંસ્કારિતાની નવરચના કરવી રહે. અને એની નવરચના કરવા જતાં જે જે જૂની રૂઢિઓ, માન્યતાઓ ધર્મને નામે આડે આવતી જણાય તે બધીને દૂર કરીને જૂના ધર્મની અને સંસ્કારિતાની શુદ્ધિ કરવી રહે.

આવી શુદ્ધિની પ્રક્રિયામાં જ્યાં પ્રાચીન ધર્મગ્રંથોના ખોટા અર્થ હોય ત્યાં મૂળ તત્ત્વોનું સંશોધન કરીને, તેની સત્યતા પ્રગટ કરવી રહે.

જ્યાં પ્રાચીન ગ્રંથો બુદ્ધિપુરઃસરના અને નૈતિક ધોરણના વિકાસની આડે આવતા હોય ત્યાં તેમનો ત્યાગ કરવો રહે.

જ્યાં હિંદુ ધર્મ અને સંસ્કારિતાની અનિષ્ટતા દૂર થઈ શકે તેવી ન હોય ત્યાં તેનો ત્યાગ કરવાની સાથોસાથ, મુસ્લિમ, ખ્રિસ્તી આદિ ધર્મ અને સંસ્કારિતાના સદઅંશોને આવકારવા રહે.

અથવા –

2. આવી કશી શક્યતા જ હવે રહી નથી, એવું સમજવામાં આવે તો, અને અંગ્રેજી જ્ઞાનવિજ્ઞાન જ નહિ, પરંતુ પશ્ચિમી ધર્મ અને સંસ્કારિતાનાં તત્ત્વો ભારતીય તત્ત્વો કરતાં એકંદર વિશેષ ઉન્નત અને ઉત્કર્ષગામી જણાય તો ભારતીય સંસ્કારિતાના ત્યાગ અને પશ્ચિમીના સ્વીકાર ઉપર જ મદાર બાંધવી રહે.

અથવા –

3. હિંદુ ધર્મ અથવા ભારતીય સંસ્કારિતામાં કોઈ મૂળભૂત પાયાનાં દૂષણો છે જ નહિ, જે કાંઈ છે તે માટે પશ્ચિમી સંપર્ક જ જવાબદાર છે એવું માની જુનવાણી તત્ત્વોની રક્ષા કરવાનો મુખ્ય કાર્યક્રમ અપનાવવો રહે.

ભારતની નવજાગૃતિના અગ્રદૂતોએ નિઃશંક રીતે પ્રથમ માર્ગ (સ્વસ્થ સમન્વયનો) જ અપનાવ્યો હતો.

**૪. સર્વાંગી પુનરુત્થાનનો પ્રથમ પુરુષ**

ભારતને સર્વાંગી પુનરુત્થાનના સ્વસ્થ સમન્વયનો રાહ ચીંધી જનાર ભારતીય રાષ્ટ્રીયતાના આદ્યપુરુષ રાજા રામમોહન રાય હતા. તેમની પ્રથમ પ્રાતઃવંદનીય સંસ્થાઓ હતી : આત્મીય સભા (1815) અને 'બ્રહ્મસમાજ' (1828); ભારતનાં પ્રથમ રાષ્ટ્રીય પત્રો હતાં – બંગાળી 'સંવાદ કૌમુદી' (1821) અને ફારસી 'મિરાત-ઉલ-અખબાર' (1822).

આ મહાપુરુષે ખ્રિસ્તીઓની વધતી જતી વટાળપ્રવૃત્તિની અસર સામે, વેદાન્ત સૂત્રોના શાંકરભાષ્યનો અને ઉપનિષદોના અનુવાદો કરી, 'વેદાન્તસાર' નામનો મૌલિક ગ્રંથ રચી, હિંદુ ધર્મની શ્રેષ્ઠ પ્રણાલી (અદ્વૈતબ્રહ્મવાદ) આગળ આણી, ધર્મગ્રંથોના જ આધારો દ્વારા હિંદુ ધર્મમાં પ્રચલિત અનિષ્ટો (ફરજિયાત સતી, મૂર્તિપૂજા, કુલીનગીરી, નારીની અવનતિ) સામે જેહાદ ચલાવી, સંસારસુધારાનો પાકો પાયો ચણ્યો હતો; (1829માં સતીપ્રતિબંધક કાયદો થવા પામ્યો હતો અને મુસ્લિમ, ખ્રિસ્તી આદિ ધર્મની અંદરનાં અનિષ્ટો સામેય જેહાદ ચલાવી, તે તે ધર્મનાં શ્રેષ્ઠ તત્ત્વો સૂફીવાદ, એકેશ્વરવાદ (બાઈબલનું ભાષાંતર,'ઈસુના ઉપદેશો' દ્વારા) પ્રકાશમાં આણી, સર્વધર્મસમભાવના આધાર પર બુદ્ધિવાદી એકેશ્વરી વિશ્વધર્મની સ્થાપના કરવાની નેમથી 'બ્રહ્મસમાજ'(1828)ની સ્થાપના કરી હતી.

બીજી બાજુ, અંગ્રેજી રાજ્યઅમલના અન્યાયો (1823નો પ્રેસ ઑર્ડિનન્સરૂપી દમનધારો, ભારતમાં વસતા યુરોપિયનોના કેસમાં ભારતીય જૂરી ન્યાયનું કાર્ય ન કરી શકે તેવો 'જૂરી ઍક્ટ', અંગ્રેજી કંપનીની ઈજારદારી વગેરે) સામે પડકાર કરનાર (1823ના ઑર્ડિનન્સ સામે વિરોધમાં પોતાનું ઉર્દૂ પત્ર બંધ કરી દઈને, જૂરી ઍક્ટ ન બદલવા અંગે યુરોપિયનોની ઝુંબેશ સામે ખુલ્લેઆમ રણે ચડીને, તથા પોતાના ઇંગ્લંડ નિવાસ દરમ્યાન અંગ્રેજી કંપનીનો પટ્ટો નવેસરથી ચાલુ ન કરવા અંગે પાર્લમેન્ટ સમક્ષ લડનાર) રાજકીય જાગૃતિના આ આદ્યપુરુસ્કર્તાએ, અતિ દૂરગામી આર્ષદૃષ્ટિના પરિણામરૂપ અંગ્રેજી શિક્ષણપદ્ધતિની પ્રતિષ્ઠા કરી (1817માં હિંદુ કૉલેજની તથા ઍંગ્લો-હિંદુ સ્કૂલની સ્થાપના, 1823માં શિક્ષણ નીતિ અંગેની અતિ પાયાની મૌલિક મશહૂર નોંધ), ભારતીય વિકાસની અપૂર્વ ક્ષિતિજો ઉઘાડી નાખી હતી.

તથા 1830માં વિદેશ પ્રવાસ ખેડનાર આ પુરુષે 1821થી આંતરરાષ્ટ્રીય ઘટનાઓની ઊંડી સમજ પ્રગટ કરી (ચીન, આયર્લૅન્ડની આંતરિક સ્થિતિ, નેપલ્સની નિષ્ફળ ક્રાંતિથી અફસોસ (1821), સ્પેનિશ-અમેરિકન ક્રાંતિથી આનંદનો મેળાવડો (1823), તથા પ્રવાસ દરમ્યાન ફ્રાંસના ક્રાંતિ જહાજને જાતે જઈ કરેલાં અભિવાદન વગેરે) ભારતને વિશ્વની સાથે સાંકળી દઈ ભારતના ભાવિને અપૂર્વ વિશ્વદૃષ્ટિ પ્રદાન કરી હતી.

ભારતીય રાષ્ટ્રીયતાનો આ આદ્ય પુરુષ પોતાનાં લેખન, કાર્ય, સૂઝ, દૃષ્ટિ અને દક્ષતા, નિષ્ઠા અને ત્યાગ દ્વારા પોતાની પછીની પેઢીઓ માટે ભારતના સર્વાંગી પુનરુત્થાનનો સંગીન પાયો રચી, વિદેશમાં (બ્રિસ્ટલમાં)જ 1833માં દેહ છોડી ગયો હતો. આ પ્રાતઃસ્મરણીય રામમોહનની કબર ઉપર નીચેના શબ્દ આલેખવામાં આવ્યા છે :

"ઈશ્વરના એકત્વમાં સત્યનિષ્ઠાથી અને દૃઢતાપૂર્વક શ્રદ્ધા ધરાવનાર : એકલા પરમાત્માની જ ઉપાસના વિષેની એકાગ્ર નિષ્ઠાથી તેમણે પોતાનું જીવન પવિત્ર બનાવ્યું હતું."

અને આ વાક્ય ટાંકી, જગતના એક બીજા મહામાનવ રોમાં રોલાં એમને અંજલિ આપતાં લખી ગયા છે -

"યુરોપની ભાષા વાપરીએ તો, 'માનવજાતિના એકત્વની' એવા શબ્દો (ઉપરના શબ્દોને સ્થાને) મૂકવા જોઈએ. બંનેનો અર્થ એક જ છે."

**૫. રામમોહનનો વારસ : દુર્ગારામ**

ભારતના સર્વાંગી ઉત્કર્ષના આવા ધુરંધર શ્રેષ્ઠ સુધારકનું 1833માં અવસાન થયું ત્યારે, તેમણે ખેડેલા સ્વસ્થ સમન્વયના રાહે તત્કાલ અનુસારનાર બીજો વીર પુરુષ, ભારત સમસ્તમાં જો કોઈ આગળ આવી રહ્યો હોય તો તે હતો ગુજરાતનો એક અદના મહેતાજી!

ભારતના સંસારસુધારાનો બીજો આદ્યપ્રવર્તક મહેતાજી દુર્ગારામ (1809થી 1876); અને ભારતની બીજી પ્રાતઃસ્મરણીય સંસ્થા તે 'માનવધર્મસભા' (1844)૩.

અલબત્ત, રાજા રામમોહન જેવું વિભૂતિમત્વ દુર્ગારામમાં નથી. એવું જ્ઞાન, એવી મેધા, એવી વ્યાપકતા નથી, એવી વિરાટતા નથી. અનેક મર્યાદાઓ અને કેટલીક કમજોરી પણ ખરી. છતાં આગવી સૂઝ, સ્વસ્થ દૃષ્ટિ અને ધીરગંભીર બુદ્ધિ તથા નિર્ભીક નિષ્ઠાને પ્રતાપે સુરત શહેરનો એક અલ્પશિક્ષિત મહેતાજી સંસારસુધારાના ક્ષેત્રે ઉચ્ચ ગિરિશૃંગો સર કરી, રામમોહન રાય પછી ભારતના તત્કાલીન સુધારાના અગ્રદૂત તરીકે લાયક ઠરે, એવું સામર્થ્ય પણ એનામાં છે જ છે.

**સુધારાના શ્રીગણેશ**

માતાનું મૃત્યુ થતાં 1825માં મુંબઈમાં માસીને ત્યાં રહી અભ્યાસ કરી, 1826માં શિક્ષક તરીકે સુરત પાછાં ફર્યા; 1827માં મહેતાજી તરીકે ઓલાપાડ જવાનું થયું. ત્યાં તેમને 'ભૂતિયું ઘર' રહેવા મળ્યું. અઢાર વરસની આ વયથી મહેતાજીનો સંસારસુધારાનો ધંધો શરૂ થઈ ગયો જણાય છે.

1828થી 1838નો આ દાયકો શાંત સુધારાનો છે. વહેમો અને ખોટા રીતરિવાજો અંગે જે કોઈની સાથે બેસવા ઊઠવાના પ્રસંગ મળે તેને તેઓ ઉપદેશ આપે છે.

પરંતુ 1838માં તેમની પત્ની ગુજરી ગઈ. એ પછી, વૈધવ્યની વ્યથા જાતે અનુભવી અને વિધવાનાં પુનર્લગ્નની છડેચોક હિમાયત કરવા ચટપટી જાગી.

એવામાં જ 1840માં શિક્ષક તરીકેની વધુ તાલીમ લેવા વળી મુંબઈ જવાનું થયું. પાછાં ફરતાં જ (1842) સુધારાનો કાર્યક્રમ ઉપાડી લીધો:

શાળાના શિક્ષણમાં ભૂગોળ અને ખગોળ વિદ્યાઓનું નવું શિક્ષણ આપવા માંડ્યું. એ શિક્ષણ અને જ્ઞાન પુરાણોની પ્રાચીન માન્યતાઓથી વિરોધી હોઈ મહેતાજી નિંદાને પાત્ર ઠર્યા ત્યારે, એમના જમાનાની બીજી શાળા (બે જ શાળા હતી)ના શિક્ષક પ્રાણશંકર છોકરાઓને આ નવું શિક્ષણ આપતા હતા ખરા, પણ કહેતા હતાઃ 'સાહેબ પરીક્ષા લેવા આવે ને પૂછે ત્યારે કહેવું કે પૃથ્વી ગોળ છે ને ફરે

છે; પણ તે તમે માનશો નહિ; કેમ કે પૃથ્વી ગોળ હોય ને ફરે તો આપણાં ઘર પડી જાય; તે પડતાં નથી, માટે એ વાત ખોટી છે.'


ત્યારે, મહેતાજીનો તો વિજ્ઞાનમાં વિશ્વાસ બેઠો હતો ને પુરાણોની કપોળકલ્પિત કથાઓમાંથી ઊઠી ગયો હતો. તેઓ જે માનતા હતા, તે જ ભણાવતા હતા. આથી મહેતાજી નાસ્તિક તરીકે વગોવાયા હતા.

ઘરમાં પત્નીની સંવત્સરીનો પ્રસંગ આવતાં, કોઈ સગાંને જમવા તેડ્યાં નહિ .... ત્રણ બ્રાહ્મણોને જમવા બોલાવી, 'તેમના અજ્ઞાન પર દયા કરી' તેમને ગીતાનો ઉપદેશ સંભળાવ્યો! અને ત્યારથી 'ધર્મભ્રષ્ટ' તરીકે નાતજાતમાં ગવાયા.

## સુધારાની ઝુંબેશ

આ પછી તો, મહેતાજીએ સુધારાનો ખરેખરો ઉપાડો લીધો જણાય છે – સ્વાર્થી બ્રાહ્મણો પેટ ભરવાના પ્રપંચને કારણે જૂઠાં શાસ્ત્રો રચી પ્રજાને છેતરે છે; ધર્મને નામે વિધિતંત્રમંત્રની જાળ ફેલાવી ઠગે છે; તીર્થયાત્રાને નામે લોકો ધનથી લૂંટાય છે, ને અનાચારમાં સપડાય છે; રોવા-કૂટવાનાં, મરણવેરાનાં અને ઈતર કર્મજાળનાં દૃષ્ટાંતો આપી મહેતાજી પાખંડો ખુલ્લા પાડતા જાય છે.

પરંતુ હવે તો મહેતાજી સમાજના તમામ ભયો ત્યજી દઈને મહોલ્લે મહોલ્લે ને ચૌટે ચોકે, રાત ને દિવસ, વિધવાવિવાહનો ઉપદેશ આરંભી દીધો. કોઈ વિધવા છિનાળું કરે છે, એવી હકીકત જાણતાં જાતે (દાદોબા અને દિનમણિશંકરને લઈ) તેને ત્યાં જઈ ઉપદેશ આપ્યો: 'વ્યભિચાર કર્મ મૂકી દો અને જ્ઞાતિનું ભય પણ મૂકી દો ને કોઈ સારો પુરુષ જોઈને સ્વામી કરો ...'



**દુર્ગારામ મહેતાજી**

**"લોકોએ કરવેરાના વિરોધમાં) અરજી કરવી ઘટારત ખરી; પણ ક્યારે કે જ્યારે રાજા હોય ને પ્રજાનો વિચાર લઈને કંઈક કરે ત્યારે – પણ જો તેમ ન કરે ને પ્રજા ઉપર જુલમ કરે તો પ્રજાએ રાજા સામે લડીને રાજાને શિક્ષા કરવી, ને રાજ્ય બીજા રાજાને સોંપવું .... એવા કામમાં પ્રજા મધ્યેના માણસોને મરવાની કંઈ ચિંતા નહિ. કેમ કે જુલમગાર રાજાઓથી પ્રજાનું રક્ષણ થાય તેમાં મોટો પરોપકાર છે .... અમારું બોલવું કેવળ અંગ્રેજોને વાસ્તે નથી. પૃથ્વી પરના સર્વ રાજાઓ વાસ્તે છે ..... રાજા પોતે જ પ્રજાને દુ:ખી કરવા ઈચ્છે તો પ્રજાએ પોતાના હાથનું બળ રાજાને બતાવવું ને પરમેશ્વરની સહાયતા માગવી."**

માસી કે જે દુર્ગારામનાં માતાતુલ્ય હતાં, તેમણે જાણ્યું કે આ છોકરો તેમના મૃત્યુ પછી ન્યાત જમાડશે નહિ, માટે તેમણે જીવતે-જીવત વરો કરી દીધો! અને તે દિવસે જમનારાઓએ ગાળાગાળી ને ભ્રષ્ટતા દાખવ્યાં ત્યારે દુર્ગારામે એમને 'કળિયુગના બ્રાહ્મણ' કહી ભાંડ્યા.

આવા પ્રસંગો પછી તો દુર્ગારામ બંડખોર ગણાયા ને અધિક હડધૂત થયા.

1842માં પાંચ દદ્દાઓ (દુર્ગારામ, દાદોબા, દિનમણિશંકર શાસ્ત્રી, દલપતરામ માસ્તર અને દામોદરદાસ)ની 'મંડળી'એ સુધારાને વેગ આપ્યો. મુંબઈથી શિલા-છાપખાનું (લિથો પ્રેસ) મંગાવી વસાવ્યું. (ત્યાંના અમલદારે પરવાનગી નહોતી આપી – છાપું નીકળે તો અમલદારોનાં કૃત્યોની પણ જાહેર ચર્ચા થાય એ ભયે; એથી શરૂમાં સુરત શહેરની સરહદ બહાર કતારગામના દરવાજા આગળ મકાન ભાડે રાખી તેમાં છાપયંત્રો વસાવ્યાં. પાછળથી તે છાપખાનું શહેરમાં આણ્યું.) આ છાપખાનામાં શું શું છપાયું તેની માહિતી ઉપલબ્ધ નથી; પણ માનવધર્મસભા સ્થપાયા પછી તેના આંદોલનની પત્રિકાઓ બહાર પડી હતી તે ત્યાં છપાઈ હશે.

1843ના ફેબ્રુઆરીની 10મી એ છ જણા ભેગા થયા અને વ્યવસ્થિત મંડળીના નિયમ વિચાર્યા.

પરંતુ તત્કાલ મંડળી થવા પામી નહિ. અને મહેતાજીએ એકલપંડે સુધારાનો જબરજસ્ત ઉપાડો લીધો. 'મિશનરી'ની જેમ ચોરેચૌટે, ઘરેઘરે ફરી અથવા કોઈ ભેગું ન થયું હોય તોય, એકલા ફળિયામાં કે રસ્તા ઉપર ઊભા રહી, રોજ અમુક હજાર શબ્દોનો ઉપદેશ કરવાનો નિયમ રાખી સવા દોઢ વરસ લગી સુધારાનો સંદેશ લોકહૃદય સુધી પહોંચાડ્યા જ કર્યો.4

દુર્ગારામનો ઉપદેશ જેટલો શુદ્ધ હતો, એટલો જ સચોટ નીવડતો. એમની વક્તૃત્વશક્તિ અસાધારણ હતી.5 1844ના જૂનની 22મીએ રીતસર માનવધર્મસભાની સ્થાપના કરી, સુધારાનો પાકો પાયો નાખ્યો –

**હજારો દેવદેવીઓ નહિ, એક જ ઈશ્વર.**

**હજારો પંથો જાતો નહિ, મનુષ્યમાત્ર એક જાતિ.**

**મનુષ્યમાત્રનો ધર્મ એક છે : માનવધર્મ.**

**ઉત્તમ અધમનો આધાર ગુણ ઉપરથી, કુળ ઉપરથી નહિ.**

**વિવેકને અનુસરી કર્મ કરવાં (શાસ્ત્રમાં લખેલું છે માટે નહિ. – ભો.)**

**સન્માર્ગની શિક્ષા સર્વને કહેવી (ખુલ્લી રીતે, કશા ભય વિના. – ભો.)**

દર અઠવાડિયે-પખવાડિયે ધર્મસભાની બેઠકો જામવા માંડી. હિંદુ ઉપરાંત, ખ્રિસ્તી પારસી પણ આવવા લાગ્યા. અને સામાજિક જીવનવ્યવહારના તમામ સવાલો ખુલ્લે આમ ચર્ચાવા, વિચારાવા લાગ્યા –

ઈશ્વર, જીવ, આત્મા, એકેશ્વર, આત્મકલ્યાણ, મૂર્તિપૂજા, મૂઆ પછીની દશા, ગુરુ, શ્રાદ્ધ, જોષ, ગ્રહણ, મુહૂર્ત, જન્મપત્રિકા તથા હજાર પ્રકારનાં વહેમો, રૂઢિઓ, રીતરિવાજો અને આચારવિચારો ઉપર દિવસો-મહિનાઓ સુધીની બેઠકોમાં મહેતાજીનો સ્વસ્થ બોધ ચાલ્યા જ કર્યો.

થાક નથી, હતાશા નથી, ભય નથી કે વ્યગ્રતા નથી.

આ બેઠકોમાં ને આ બોધ સાંભળનારાં ટોળાંમાં હિંદુઓ છે, મુસ્લિમો છે, પારસીઓ છે, ને ખ્રિસ્તીઓ પણ છે. દિનમણિશંકર શાસ્ત્રી જેવા, અંદરથી સહાનુભૂતિ છતાં, ખુલ્લી રીતે સધિયારો આપતા નથી, તેય કોક વાર ધર્મસભાની બેઠકમાં આવી ચડે છે. દાદોબા પણ ઘણીવાર હાજર રહે છે. તે ચર્ચા-વિચારણામાં ભાગ લે છે અને આગંતુકોને જ એકબીજાના સવાલોના જવાબો આપવા દુર્ગારામ સૂચવે છે. અંતે દુર્ગારામ પૃચ્છકોની શંકાઓના શાંત-સ્વસ્થ જવાબો આપી, ભલભલા ઉગ્ર અને ગરમ વાતાવરણને વણસતું બચાવી લે છે. મહેતાજીને કોઈને માટે કશો રાગદ્વેષ નથી.

દુર્ગારામના આ સવાલ-જવાબો જાણે પ્રાત:સ્મરણીય સૉક્રેટીસના 'ડાયલૉગ્સ'ની યાદ તાજી કરાવે એવા સચોટ અને સયુક્તિક જોવા મળે છે.

આમ કરતાં વળી સુધારાની જ્યોત ભભૂકી ઊઠે છે: પાંચ પાંચ અઠવાડિયાં લગી બબ્બે હજારની મેદની સમક્ષ, ભૂતપ્રેતના ઉસ્તાદો, જાદુગરો, ભૂવા-જતિઓ, તંત્રમંત્રના જાણકારોને ખુલ્લો પડકાર આપી આમંત્રીને, વહેમ-ચવનનો નાશ પોકારવામાં આવે છે! અને ભૂવાઓની ધીંગી ધમકીઓ છતાં (એકવાર મહેતાજી ઉપર શારીરિક હુમલો થયા છતાં) સુધારાનો રથ આગળ ધપ્યો જ જાય છે!

## રાજદ્રોહના રાહે !

દુર્ગારામનો સુધારો કેવળ સાંસારિક બાબતો પૂરતો જ સીમિત રહ્યો નથી. 1844ના ઑગસ્ટની 29મી તારીખ ગુજરાતના રાષ્ટ્રીય ઇતિહાસની ગૌરવ

તિથિ બની ગઈ. સરકારે મીઠા ઉપરના દાણમાં વધારો કર્યો, સર્વવ્યાપી જંગી હળતાળથી શહેર હેલે ચડ્યું. પોલીસે જુલમની ઝડી વરસાવી અને રોષ ભભૂકી ઊઠ્યો – બેકાબૂ બન્યો. કિલ્લા પર હલ્લો થયો – બંને બાજુ ઘવાયા, ને મૂઆ!

ત્રીસ હજાર નગરજનો જાણે જંગે ચડ્યા હતા!

હિંદુ-મુસ્લિમ સૌ એક બની ઝૂઝ્યા હતા!

એક દિવસ પૂરો થયો .... બીજે દિવસેય એ જ મક્કમતા ને શહૂર ... ત્રીજે દિવસેય એ જ રંગ .... એ જ જંગ!

સરકારે સમાધાન કર્યું. દંગલ શાંત થયું.

માનવધર્મસભાની એ પછીની તરતની બેઠક (1-9-1844)માં ચર્ચા ભભૂકી ઊઠી: મહેતાજીએ ઉપસંહાર કરતાં કહ્યું :

"(લોકોએ કરવેરાના વિરોધમાં) અરજી કરવી ઘટારત ખરી; પણ ક્યારે કે જ્યારે રાજા હોય ને પ્રજાનો વિચાર લઈને કંઈક કરે ત્યારે – પણ જો તેમ ન કરે ને પ્રજા ઉપર જુલમ કરે તો પ્રજાએ રાજા સામે લડીને રાજાને શિક્ષા કરવી, ને રાજ્ય બીજા રાજાને સોંપવું .... એવા કામમાં પ્રજા મધ્યેના માણસોને મરવાની કંઈ ચિંતા નહિ. કેમ કે જુલમગાર રાજાઓથી પ્રજાનું રક્ષણ થાય તેમાં મોટો પરોપકાર છે .... અમારું બોલવું કેવળ અંગ્રેજોને વાસ્તે નથી. પૃથ્વી પરના સર્વ રાજાઓ વાસ્તે છે ..... રાજા પોતે જ પ્રજાને દુઃખી કરવા ઇચ્છે તો પ્રજાએ પોતાના હાથનું બળ રાજાને બતાવવું ને પરમેશ્વરની સહાયતા માગવી."

મહેતાજીના ચરિત્રલેખક મહીપતરામ નીલકંઠ લખે છે તે સાચું છે - "આ ભાષણ ઈ.સ. 1844ને બદલે ઈ.સ.1878માં (એપ્રિલના બીજી વારના દંગલ વખતે) કર્યું હોત તો તેમને તેમના જીવતરનો બાકીનો ભાગ કાળે પાણીએ ચડી આંદામાન બેટમાં કાઢવો પડત."6


*1844 પછી*

દુર્ગારામની પ્રવૃત્તિનો 1844 પછીનો ઇતિહાસ હજી પ્રકાશમાં આવ્યો નથી. (મહેતાજીના ચરિત્રકાર મહિપતરામે પોતાના પુસ્તકને '૧લો ભાગ' કહી પ્રગટ કર્યો હતો (1879), ત્યાર બાદની માહિતી તેમણેય પ્રગટ કરી નથી.) પરંતુ આટલું તો જાણવા મળે છે – મહેતાજી 1844 પછી, 1852 સુધી તો સુરતમાં જ રહ્યા હતા. અને 1853માં અંગ્રેજી શાળાધિકારી આયરિશ ગ્રેહામ સાહેબ (જેમને નંદશંકર મહેતા 'દુર્વાસા' તરીકે અને બીજા તીખા માણસ તરીકે ઓળખાવે છે) 'સાથે ન બનવાથી' તેમની રાજકોટ બદલી થઈ હતી.

1844-52 દરમ્યાનનાં વરસોમાં એમની જાહેર પ્રવૃત્તિના અછડતા ઉલ્લેખો મળે છે.

1850માં ફાર્બસની બદલી સુરત થતાં કવિ દલપતરામ સુરતમાં રહેલા; અને ત્યાંની 'પરહેજગાર' મંડળીની સભામાં તથા અન્યત્ર કવિતા વાંચી સંભળાવતા હતા. તે સમયે દુર્ગારામ મહેતાજી દલપતરામની શીઘ્રકવિત્વ શક્તિની પ્રશંસા કરી સુરતના નામાંકિત પુરુષો પાસે તેમને લઈ જતા.7

1850ની સાલમાં શહેર સુધરાઈનો કાયદો પ્રથમ સુરતમાં લાગુ થયો હતો અને સુધરાઈએ જકાત નાકાં નાખ્યાં હતાં. પ્રજાએ આની સામે બંડ ઉઠાવ્યું હતું. આ સમયે 'કવિ દલપતરામે તથા મહેતાજીએ



ભોગીલાલ ગાંધી (ઉપવાસી)
૨૬-૧-૧૯૧૧ : ૧૦-૬-૨૦૦૧

શહેરમાં શેરીએ શેરીએ ફરી ભાષણ કીધાં; કાયદો કબુલાવરાવ્યો; લોકમતને વાળ્યો..... '('કવિશ્વર દલપતરામ', પૃ. 124)

મહેતાજી 1853માં સૌરાષ્ટ્ર ગયા. ત્યાં પણ તેમના જ જ્ઞાતિબંધુ મણિશંકર કીકાણી (જન્મ 1823) સુધારાનું કામ કરતા હતા. તેમણે 'સુપંચ પ્રવર્તક મંડળ'ની સ્થાપના કરી હતી; તેમાં પરદેશગમન, બાળલગ્ન નિષેધ વગેરેનો પ્રચાર થતો હતો. (અલબત્ત, કીકાણી વિધવાવિવાહના વિરોધી હતા, એમ જણાય છે.) વળી કીકાણીએ 'સૌરાષ્ટ્ર દર્પણ' અને 'વિજ્ઞાન વિલાસ' માસિકો પણ પ્રગટ કર્યાં હતાં. Xxx કીકાણી દુર્ગારામના જ્ઞાતિબંધુ હતા. અને મૈત્રી થઈ હતી અને તેમને સુધારાના વિચારો પ્રગટ કરવામાં દુર્ગારામની સહાય મળી હશે એમ સૂચિત થાય છે. (સં.સુ.રે., પૃ. 26)

'ગુજરાત અને સૌરાષ્ટ્રની પ્રજા નવયુગના આદિ શિક્ષાગુરુ તરીકે દુર્ગારામને આજેયે ભાવથી સંભારે છે' (ક.દ., પૃ. 102) એમાં એ વાત સૂચિત થાય છે કે, દુર્ગારામે તેમના રાજકોટ-સૌરાષ્ટ્ર નિવાસ દરમ્યાન નોંધપાત્ર સુધારા પ્રવૃત્તિ આદરી જ હશે.

મહેતાજી નિવૃત્તિ-પેન્શન લઈ 1860માં સુરત પાછા આવ્યા પછીય એમની સુધારાની જ્યોત બુઝાઈ ન હતી. એની સાક્ષી પૂરતું એક જ્વલંત દૃષ્ટાંત મળી આવે છે – 1861માં મહીપતરામ પરદેશ પ્રવાસ કરી પાછા ફર્યા ને તેમને બહિષ્કૃત કર્યા, ત્યારે મહીપતરામને જમવા તેડનારા દુર્ગારામ હતા, અને એ કારણે તેઓ પણ ન્યાતબહાર મુકાયા હતા.8

પાછલાં વરસોમાં 'મહેતાજીએ સંન્યાસ લઈને સંસારત્યાગ કર્યો હતો' (ક.દ., પૃ. 110) આવા સમાચાર પણ પ્રાપ્ત થાય છે.

આમ, થોડીક છતાં મહત્ત્વની બાતમી ઉપરથી એટલું તો જાણવા મળે છે કે 1844 પછીય 1852 સુધી મહેતાજી સુરતમાં રહ્યા ત્યારેય, અને 1853થી 60 રાજકોટ રહ્યા ત્યારે, અને 1860માં નિવૃત્ત થઈ સુરત પાછા આવ્યા પછીય તેઓ સુધારાના જાહેર જીવનમાં લાંબો કાળ પ્રકાશમાન હતા, એટલું જ નહિ પણ, પાછલાં વરસોમાં સંન્યસ્તનો સ્વીકાર કરી અંત લગી વિશુદ્ધિના પંથે જ સ્થિત રહ્યા હતા.

સુરતના પ્રિન્સિપાલ હેનરી ગ્રીને મહેતાજીને 'લ્યૂથર' તરીકે નવાજ્યા હતા અને નવલરામે તેમને આર્નોલ્ડ કહી બિરદાવ્યા હતા, તે આપણે જાણીએ છીએ.

6. દુર્ગારામની સુધારા પ્રવૃત્તિની પ્રેરણા

દુર્ગારામ ઉપર કોની અસર હતી? દુર્ગારામના સુધારા પાછળ કોની પ્રેરણા હતી? - આવા સવાલો નિરર્થક છે. દરેક ક્ષેત્રના પુરસ્કર્તા પાછળ યુગની માગ ઊભેલી હોય છે – પરિસ્થિતિનો પોકાર હોય જ છે.

જો રાજા રામમોહન રાયને ભારતવર્ષની અને વિશેષે કરી બંગાળ-કલકત્તાની પરિસ્થિતિની પ્રેરણા હતી, તો દુર્ગારામ માટેય ગુજરાત-સુરત અને મુંબઈની પરિસ્થિતિ પ્રેરણારૂપ હતી જ હતી અને જેમ રાજા રામમોહન રાયે અનેક આપત્તિઓ અને વિરોધોનો સામનો કરી પોતાને અનુકૂળ વાતાવરણ સર્જ્યું અને જમાવ્યું હતું, તેમ દુર્ગારામનેય સાથીઓ, સહાયકો અને અનુયાયીઓ પ્રાપ્ત થયા હતા.

પરિસ્થિતિ અને વ્યક્તિઓની અસર દુર્ગારામના જીવન અને કાર્ય, વિચાર અને આચાર ઉપર થઈ જ હોય તે અતિ સ્વાભાવિક છે. આપણે એમના સમયનાં આ પરિબળોની ટૂંકી પિછાન કરી લઈએ.

દુર્ગારામ ઉપર અસર કરનારાં બળો –

1. સુરત નગરી : એની પાર્શ્વભૂમિ અને સામાજિક સ્થિતિ.

2. મુંબઈ નગરી : એની તત્કાલીન પ્રવૃત્તિની અસર.

3. બંગાળના સુધારાની અસર મુંબઈ દ્વારા યા સીધી રીતે ગુજરાત-સુરત અથવા દુર્ગારામ ઉપર

થઈ હોય તે.

4. દુર્ગારામના સમયના સુરતના સાથી-સુધારકોની અસર.

આપણે આ અસરો સંક્ષેપમાં જોઈએ.

સુરત : પાર્શ્વભૂમિ

મોગલાઈના જમાનામાં પંદરથી સત્તરમી સદીમાં સુરત ભારત વર્ષનું સર્વશ્રેષ્ઠ બંદર હતું અને જ્યારે આગ્રા ભારતનું મુખ્ય વેપારી કેન્દ્ર હતું, ત્યારે પરદેશ સાથેનો વેપારી સંબંધ (બરાનપુરને રસ્તે 550 માઈલ હજારો વણજારો આવજા કરતી) સુરત જાળવતું હતું. સત્તરમી સદીમાં દરિયાઈ વેપાર અને વીમાની બાબતમાં ભારતભરમાં બંગાળીઓ, મલબારીઓની સરસાઈ કરનારા ગુજરાતી સાહસિકો હતા. સર એચ. લિટલટને જાતે સુરતી વહાણોનું કરેલું વર્ણન (1612માં) સૂચક છે : એક વહાણ 153 ફૂટ લાંબું, 42 ફૂટ પહોળું, 31 ફૂટ ઊંડું હતું; તેમાં 1500 ટન માલ ભરેલો હતો! બીજામાં 1700 મુસાફરો હતા ... ઈંગ્લૅન્ડનાં વહાણો કરતાં હિંદી વહાણો ઊંચી કોટિનાં ગણાતાં હતાં. તેમાં સુરતીઓ વહાણ બનાવવામાં વિખ્યાત હતા.9

સુરત '84 બંદરો'ના કેન્દ્ર તરીકે મશહૂર હતું. મુસ્લિમો માટે સુરત મક્કાનું બારું હતું (મક્કાપુલ = મકાઈપુલ). આ સત્તરમી સદીમાં સુરતની વસ્તી સાતથી આઠ લાખની ગણાતી અને જાહોજલાલી અઢળક હતી. પરદેશી ઈતિહાસકારો અને પ્રવાસીઓ (ફ્રેન્ચ પ્રવાસી મેન્ડેસ્લો, ટેવર્નિયર, ઓરમે આદિ)એ સુરતનાં કરેલાં વર્ણનો આપણને આજેય આંજી દે એવાં છે.

ઔરંગઝેબના અમલ દરમ્યાન 1658થી શરૂ થયેલા સુરત પરના મરાઠા હલ્લાઓ 1706 સુધી – પાંચ દાયકા સુધી ચાલ્યા હતા. 1664માં શિવાજીએ પોતાના પહેલા હલ્લા દરમ્યાન ત્રણ દીમાં ત્રણ કરોડ રૂપિયા ઉસેડી લીધા હતા. આમ, મોગલ-મરાઠા ઘર્ષણના લાંબા કાળ દરમ્યાન સુરતની તારાજી શરૂ થઈ ગઈ હતી.

આ સમય દરમ્યાન, 1608માં અંગ્રેજોએ સુરત બંદરે ઊતરી, 1612માં પોતાની કોઠી (વેપારી પેઢી) શરૂ કરી દીધી હતી; અને 1614માં અંગ્રેજ એલચી ટૉમસ રો સુરત બંદરે લાંગરી, જહાંગીરના દિલ્હી દરબારમાં પહોંચી, અંગ્રેજો સારુ ખાસ વેપારી હકો (જકાત-માફી) મેળવી ચૂક્યો હતો. આ સમયે સુરતમાં દિલ્હીના મોગલ બાદશાહોના તાબેદાર નવાબોનો રાજઅમલ ચાલતો હતો.

પાછળથી 1733-59 વચ્ચે નવાબો સ્વતંત્ર થયા.

1759માં અંગ્રેજોએ કિલ્લાનો કબજો લીધો અને નવાબની સત્તા નામની રહી, સાચા કર્તાહર્તા અંગ્રેજ બન્યા. કિલ્લા પર નવાબી અને અંગ્રેજી બેઉ ઝંડા ફરકતા થયા ત્યારે સુરત બંદરની કેવળ જકાતી વાર્ષિક આવક રૂ.2,56,000 જેટલી હતી! ઈ.સ. 1800માં સુરતનું સંપૂર્ણ તંત્ર અંગ્રેજોને હસ્તક આવ્યું-નવાબી ઝંડો ગયો અને યુનિયન જૅક ફરક્યો, અને 'સુરત ભાંગી મુંબઈ ઘડવાની' નીતિએ સુરતની તારાજી પૂરી કરી .....

આપણે જોયું તેમ, ભારતવર્ષમાં સુરત એક એવું બીજું બંદર હતું જ્યાં સદીઓ થયાં હિંદુ-મુસ્લિમ અને પારસીઓ ઉપરાંત તુર્ક, જ્યૂ, આર્મીનિયન, જૉર્જિયન અને પાછળથી પોર્તુગીઝ, વલંદા, ફ્રેંચ, ઑસ્ટ્રિયન, સ્વિડિશ તથા અંગ્રેજી પ્રજા — દુનિયાની મશહૂર વેપારી અને સાહસિક પ્રજાઓ પોતાનાં વહાણો સુરતને કિનારે લંગારતી રહી હતી. અને સુરતના બાહોશ નાગરિકો આ વેપારીઓના દલાલો તરીકે માલ તૈયાર કરાવવો, લદાવવો, વહેંચાવવો આદિ કામો કરતા રહ્યા હતા; વેપારીઓના પ્રતિનિધિ તરીકે ભારતભરમાં અને ક્વચિત બીજા પડોશી દેશોમાં પ્રવાસો ખેડતા હતા; અને સૌની સાથે હળીમળી જઈ, સૌની રીતરસમો, આચારવિચારોથી જાણકાર થઈ જતા હતા; જરૂર મુજબ અનુકૂળ થઈ વર્તવામાં કાબેલ બન્યા હતા. મોગલ રાજ્યની નોકરી કરવા માટે ફારસી શીખી લેતા હતા; અને અંગ્રેજોનું રાજ્ય સ્થપાતાં એમનીય ભાષા શીખી લેવામાં પાછળ રહ્યા ન હતા.

આમ, અનેક સૈકાઓ થયાં, સુરતને અનેક જાતિઓ, સંસ્કારિતાઓ, ભાષાઓ તથા અનેક પ્રકારના વેપાર સંબંધોનો લાભ મળ્યો હતો.

અંગ્રેજોના હાથમાં સત્તા આવતાં તેમણે મરાઠા સમયની 'દેસાઈગીરી'ઓ (મહેસૂલી-ઈજારદારી) રદ કરવા માંડી હતી; અને 'ખેડૂત કરતાં વધારે ઠગાનારું પ્રાણી ભાગ્યે જ જોવા મળતું.' વળી એક બાજુ, હાથઉદ્યોગો (જરી અને વણાટના મુખ્ય) નાશ પામતા થયા હતા; તથા અંગ્રેજી નોકરીઓમાં પણ પગારો નજીવા હતા. 'દાણચોરી' અને 'દસ્તૂરી' (લાંચરુશ્વત) સર્વસાધારણ બન્યાં હતાં. કોઈ ન લે તો એ 'ઓલિયો ગણાતો.'

ભારતભરમાં વ્યાપેલાં સામાજિક અનિષ્ટો ઉપરાંત સુરતના ઉપલા વર્ગોમાં (પુરુષ ઉપરાંત સ્ત્રીઓમાં પણ) અનિષ્ટ રિવાજો અને રહેણીકરણી વ્યાપક બની હતી. ખુદ મહીપતરામના પોતાના સસરાના કુટુંબમાં પુત્રીને પૂનામાં વેચવાનો કિસ્સો બન્યો હતો!

સુરતની બીજી ખાસિયતોનું આલેખન 'નંદશંકર જીવનચરિત્ર'માં આપણને પ્રાપ્ત થાય છે –

સુરતના ઉપલા વર્ગોમાં, ગરીબ છતાં મોટાઈ દેખાડવાનો અને 'જીવ્યા કરતાં ભોગવ્યું ભલું'ની વિલાસિતાનો પુષ્કળ ફેલાવો હતો. છેક મુંબઈથી સુરતવાસીઓ તાડી પીવા ને બરફી ખાવા ને આરામ કરવા, ને ટાંકાનું પાણી પી જવા સુરત આવતા હતા! 'રામજણી'ના હાથનું પાન ખાવામાં અને વેશ્યા સલામ કરે તેમાં મોટાઈ માનતા ને સુખ અનુભવતા. સુખદુ:ખમાં 'રામજણી' જ યાદ આવતી હતી. મરણ પ્રસંગે કૂટવા પણ રામજણી આવતી હતી! ઘરનાં બૈરાં અભણ અને રસશૂન્ય હતાં માટે અલભ્ય વસ્તુ મેળવવા પુરુષો બહાર ભટકતા હતા. રજપૂત સ્ત્રીઓ તો કેદીની પેઠે ગોંધાઈ મરતી. જમવાનો અભખરો એટલો કે કેટલાક તો 'મરણક્રિયા' જીવતાં કરી લેતા! ઉડાઉગીરી કરી દેવાદાર બનવું એ એક બડાશનો અને પ્રતિષ્ઠાનો વિષય બની ગયો હતો - નાગર, કાયસ્થો અને દેસાઈઓમાં લગભગ બધા જ કરજદાર હોય! 'જેને બારણે ઉઘરાણીદાર શેઠનો મહેતો ફરકે નહિ તે અમીર નહિ' – કન્યા તેને કોઈ આપે નહિ!

જાહિરદારીનો (નામ આગળ બોલાય એનો) શોખ : રાંધવામાં, શાક સમારવામાં, લગ્ન વખતે ઘોડો અને સાબેલા શણગારવામાં, છોકરીઓના ચોટલા ગૂંથવાની કળામાં અને રંગીલાપણામાં નામના મળતી. સુરતવાસી ઉડાઉની સાથે ઉદાર, વિલાસી ને રસિક, બટકબોલો ને ટીખળી ખરો જ ખરો. નવાબીના સમયમાં ફારસીનો વિશેષ પ્રચાર હતો : અને (પેશ્વાઈ આશ્રયે સંસ્કૃતનો કેટલોક પ્રચાર વધ્યો હતો.) નવાબીની નોકરીઓ કરનારી નાગર કાયસ્થ કોમમાં તો નામ પણ 'મિજલસરાય' 'સાહેબરાય' રખાતાં થયાં હતાં – અરે પૂજાવખતની સંધ્યા પણ ફારસીમાં કરવામાં આવતી – કુલગોરને પણ! આની અસરમાં માગર કાયસ્થો જાતે 'કસીદા' કહી સંભળાવતા. (પાછળથી, કોઈ પણ ઘટના બનતાં ગરબી ને લાવણી લખવાનો પ્રચાર હતો)10

•

આમ સુરતમાં ઉપલા વર્ગોમાં (પુરુષ અને સ્ત્રીઓમાં પણ) સામાજિક બંધનો એક બાજુ શિથિલ બની રહ્યાં હતાં, ત્યારે બીજી બાજુ સનાતનીઓ જડ જબરજસ્તીનો ઈલાજ અજમાવી પરિસ્થિતિ વધુ તંગ ને સ્ફોટક બનાવી રહ્યા હતા.

વધુમાં 'ગુહ્ય સૂત્ર' અનુસાર ધનવાન થવાના, પતિપત્ની વચ્ચે મનમેળ કરવાના, સંતતિ થાય તે માટેના, લગ્ન અને ધનપ્રાપ્તિ માટેના મંત્રો દ્વારા પ્રજાજનોને ધૂતવાના પ્રયાસો પુરજોશમાં હતા. એટલું જ નહિ પણ ધર્મભીરુ અને ભોળી પ્રજાને ધૂતવા સારુ બનાવટી શાસ્ત્રો ઊભાં કરવાનો ધંધો પણ ચાલતો હતો.11

દુર્ગારામના સુધારક સાથી દાદોબા કહે છે, તેમ, "જાતિભેદ જોવા હોય તો ગુજરાત જાઓ."12

•

સુરત નગરીની આવી અવદશા હતી; અને જ્યારે ઉચ્ચ કુટુંબના ભલભલા શિક્ષિતો વિલાસ અને ભ્રષ્ટતાને માર્ગે, નામ કમાવવાની છિછરી અને છેલબટાઉ રીતરસમોમાં ગળાડૂબ ડૂબેલા હતા, અને એમાંય મોટાઈ માનતા હતા તયરે એકલદોકલ સુધારક સેનાની દુર્ગારામ આત્માની અને દેશવાસીની ઉન્નતિના કઠોર પંથે વિચરી રહ્યા હતા!

મુંબઈની આબોહવા

મુંબઈ અંગ્રેજી સત્તાનું મુખ્ય કેન્દ્ર હતું.

મુંબઈ નવા વિકસતા વેપારઉદ્યોગનું ધામ હતું અને અંગ્રેજી શિક્ષણ અને વિદેશી સંપર્કનું નવું અને જોરદાર મથક હતું. એટલે, સુધારાના આ ઉષઃકાળે મુંબઈમાં કલકત્તા અથવા સુરતના જેવો જુવાળ ઉછળ્યો ન હતો. પરંતુ ધીમી છતાં વ્યાપક પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ હતી. અને હવે પછીની મહારાષ્ટ્રી સુધારકોની પેઢી વ્યાપક ચિંતન અને સુધારાને પંથે અપૂર્વ ફાળો આપી જનાર હતી.

1830-44 દરમ્યાન મુંબઈની હાલત કેવી હતી?

•

ભારતભરમાં વ્યાપેલા, અને બંગાળમાં પ્રચલિત બનેલાં (આગળ ઉપર નોંધેલાં) મોટા ભાગનાં અનિષ્ટો અને સડાઓ ઉપરાંત, કેટલાક સાલ મુંબઈમાં વિશેષ ધ્યાન ખેંચતા હતા –

ખ્રિસ્તીઓની વટાળ પ્રવૃત્તિ; અને તેની સામેની 'શુદ્ધિ' પ્રવૃત્તિ સામે સનાતનીઓનો રોષ.13

દરિયો ઓળંગવાથી લાગતો યવનસંપર્ક દોષ.14

ઈશ્વરને ચરણે સર્વસ્વ સમર્પણ કરવાની ભાવનામાંથી ક્રમશઃ મૂર્તિને, અને બાદ ધર્માચાર્યોને જ ઈશ્વર માની પોતાની પોતાની વહુબેટી સુદ્ધાં (ઉપભોગ માટે) 'સમર્પણ' કરવાની અનીતિખોર ચાલ : 1850 પછી આ ચાલ ભયંકર બનતાં કરસનદાસ મૂળજી અને નર્મદનો ગોસાંઈ સામેનો સંઘર્ષ).

છાપવાની શાહીમાં ચરબી વપરાતી હોઈ, છાપેલા કાગળ-છાપાં, પુસ્તકોને સ્પર્શવાને વાંચવાની પણ મનાઈ! અને છાપખાનાંની હયાતી સામે જ વિરોધ.15

મિશનરીઓની પ્રવૃત્તિ લંડન મિશન ઉપરાંત શાળાઓ દ્વારાય ખ્રિસ્તી ધર્મનો પ્રચાર થતો – ઈશુને એકમાત્ર દેવ તરીકે રજૂ કરવામાં આવતા; અને હિંદુ ધર્મને ઉતારી પાડી, નાતજાત ઉપર પ્રહારો કરી, ખ્રિસ્તી ધર્મમાં આકર્ષવાના પ્રયાસો થતા અને તેમાં સંસ્કૃત ભણેલા બ્રાહ્મણોનો પણ ઉપયોગ કરવામાં આવતો. આને કારણે, ખ્રિસ્તી મિશનની જ નહિ, પણ અંગ્રેજી શિક્ષણની પ્રવૃત્તિ સામે પણ રોષ જણાય છે. એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓમાં આને અંગે ઉગ્ર ચર્ચાઓ થતી અને ખ્રિસ્તી પ્રચાર સામેની 'પ્રતિહલ્લા પ્રવૃત્તિ' અંગે તે સમયે 'પ્રભાકર' (મરાઠી પત્ર)માં લખાણો પણ લખાતાં હતાં. 16

શિક્ષણનાં ક્ષેત્રે મુંબઈમાં 1828માં એક જ અંગ્રેજી શાળા હતી. 1842 સુધીમાં 4; અને ઇલાકાભરમાં પ્રાથમિક સરકારી શાળાઓ 120 હતી, તેમાં 7750 વિદ્યાર્થીઓ ભણતા હતા.

1822માં મુંબઈમાં પ્રથમ પત્ર 'મુંબઈ સમાચાર'17 (અઠવાડિક) પ્રગટ થયું હતું. તેના પારસી સંચાલક પારસી ગૃહસ્થ ફરદુનજી મર્ઝબાન હતા. તેમણે સુરતથી મુંબઈ આવી 1812માં સૌ પ્રથમ પ્રેસ (ગુજરાતી) મુંબઈમાં નાખ્યું હતું.

1830માં નવરોજી દોરાબજી ચાનદારૂનું બીજું પત્ર પ્રગટ થયું તેય ગુજરાતીમાં – 'મુંબઈ વર્તમાન' (અઠવાડિક) : બાદ 1831માં ત્રીજું પત્ર પ્રગટ થયું તે 'જામેજમશેદ' (ગુજરાતી અઠવાડિક) – પેસ્તનજી માણેકજી મોતીવાળાનું (1853માં તે દૈનિક થયું). (આ દરમ્યાન 'ચાબુક' નામનું ગુજરાતી પત્ર સુધારાની 'બદનક્ષી' કરનારું 1831માં પ્રગટ થયું હતું).

અને 1832 (જાન્યુ.)માં પ્રથમ અંગ્રેજી-મરાઠી પાક્ષિક - 'દર્પણ' બાળશાસ્ત્રી જાંભેકરે પ્રગટ કર્યું તે. તેમાં તેમણે શિક્ષણ, વટાળપ્રવૃત્તિ, તથા મૂર્તિપૂજા અંગે ચર્ચા કરતાં લખાણો છાપ્યાં હતાં. બાદ 1841માં 'પ્રભાકર' (મુંબઈથી) અને 'જ્ઞાનપ્રકાશ' (પૂનાથી) એમ બે મરાઠી પત્રો પ્રગટ થયાં હતાં. આ પત્રોમાં પાછળથી (1845થી 'લોકહિતવાદી'એ જબ્બર વિદ્વત્તાપૂર્ણ ચર્ચાઓ આરંભી હતી. 1845માં મુંબઈથી 'જ્ઞાનોદય' (મરાઠી પત્ર) પણ પ્રગટ થયું હતું.

પરંતુ સુધારાની જાહેર સંસ્થાઓ ગણાવી શકાય તેવી 1844 સુધીમાં મુંબઈમાં એકે ન હતી.

મુંબઈના સુધારકો

હવે આ સમયના મુંબઈના સુધારકો વિષે જોઈએ. નિઃશંક રીતે મુંબઈના પ્રથમ આગેવાન ગણી શકાય તે નાના (જગન્નાથ) શંકર શેટ18 (1803-1865)ની કારકિર્દી 1822થી શિક્ષણ-પ્રચારક અને શિક્ષણ-સહાયક તરીકે આરંભાઈ હતી : મુંબઈમાં 1848માં 'સ્ટુડન્ટસ લિટરરી ઍન્ડ સાયન્ટિફિક સોસાયટી' સ્થપાઈ ત્યારે તેને ઉત્તેજન આપ્યું હતું. 1848થી તેમણે કન્યાશિક્ષણ તરફ વધુ લક્ષ પરોવ્યું હતું અને 1852માં 'ધ બૉમ્બે ઍસોસિયેશન' જેવી રાજકીય સુધારાની સંસ્થાના તેઓ પ્રમુખ હતા, અને ડૉ. ભાઉ દાજી મંત્રી. સર્વાંગી શિક્ષણ, મેડિકલ કૉલેજ, બાળગુનેગાર-સુધાર, લૉ કૉલેજ, પછાતવર્ગ-સુધાર, ઉદ્યોગવિકાસ, શહેરવિકાસ, નાટ્યગૃહ વગેરેમાં શંકર શેટની સેવાઓ અનન્ય ગણાય.

ઉપરાંત, 1834 સુધી મુંબઈ શહેરનો બધો બંદોબસ્ત - સ્વચ્છતા, આરોગ્ય, ન્યાયદાન વગેરે તમામ બાબતો - 'સ્થાનિક સ્વરાજ' સંસ્થા (મ્યુ.) પણ યુરોપિયનોને હસ્તક હતી. શંકર શેટના અથાગ પ્રયાસને અંતે આ બધે સ્થળે હિંદીઓને પણ સ્થાન આપવામાં આવ્યું હતું. ... સંસારસુધારાનાં સીધાં કાર્યોમાં, તેમણે 'સતીબંધી' અંગે તેમને પૂછવામાં આવતાં, પોતાનો અભિપ્રાય સરકારને લખી જણાવ્યો હતો; 'શુદ્ધીકરણ'માં તેમણે આગળ પડી હિસ્સો લીધો હતો; પરદેશગમનની બાબતમાં જાતે ન જતાં, 1841માં માણેકજી કર્સેટજી યુરોપથી પાછા ફર્યા ત્યારે પારસીઓની કોમે તેમનો બહિષ્કાર કર્યો હતો, તે વેળા શંકર શેટે તેમને જમવાનું આમંત્રણ આપ્યું હતું. પરંતુ બીજા પારસીઓએ હાજર ન રહેવાનું જણાવ્યું ત્યારે શંકર શેટે એ 'મિજબાની' રદ કરી હતી .... વિધવા પુનર્લગ્નની બાબતમાં તેમના ચરિત્રકાર કુળકર્ણી લખે છે : "તે સમયે 'પુનર્વિવાહ' શબ્દ ઉચ્ચરવાની પણ કોઈની છાતી ન હતી; પણ તે સંબંધી સહાનુભૂતિપૂર્વક વિચાર શરૂ થયો હતો. અલબત્ત નાના કાલમાન જોઈને વર્તનારા હતા …"19

ડૉ. ભાઉ દાજી (1822-1873) સરદાર ગોપાળ હરિ દેશમુખ ઉર્ફે 'લોકહિતવાદી' (1823), દાદાભાઈ નવરોજી (1825-1917) આ સૌની પ્રવૃત્તિ શિક્ષણ તથા રાજકારણની દૃષ્ટિએ ઉચ્ચ કક્ષાની હતી. પરંતુ તેમની પ્રવૃત્તિનો કાળ 1845 પછીનો હતો. x x x ડૉ. ભાઉ દાજીએ 1842માં 'કાઠિયાવાડ તથા કચ્છની કેટલીક જાતિઓમાં બાળહત્યા' નિબંધ લખી ઇનામ મેળવ્યું હતું.20

બાળ ગંગાધર શાસ્ત્રી જાંભેકર21 (1810-1846) : મહેતાજી મુંબઈમાં 1825-26માં હતા ત્યારે બાળશાસ્ત્રી પણ વિદ્યાર્થી હતા. 1830માં તેઓ નેટિવ એજ્યુકેશન સોસાયટીના મંત્રી બન્યા હતા. 1832માં તેમણે 'દર્પણ' નામનું અંગ્રેજી-મરાઠી પાક્ષિક પત્ર શરૂ કરેલું (તથા 'દિગ્દર્શન' નામનું માસિક22 ચલાવતા). 1834માં શ્રીપત શેષાદ્રિ નામના ખ્રિસ્તી થયેલા ગૃહસ્થને હિંદુ ધર્મમાં પાછો લાવનારામાં જાંભેકર અગ્રણી હતા. 1839-40માં તેઓ એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં મરાઠી વિભાગમાં પ્રોફેસર હતા, અને ત્યાર બાદ ડેપ્યુટી ડિરેક્ટર નિમાયા હતા. દુર્ગારામ શિક્ષકની તાલીમ લેવા અર્થે મુંબઈ ગયા હતા, અને ત્યારે તેઓ સીધી યા આડકતરી રીતે આ પ્રોફેસર શાસ્ત્રીના સંપર્કમાં આવ્યા હશે. 1840માં જ તેમણે ગંગાધર શાસ્ત્રી ફડકે પાસે વિધવા વિવાહના સમર્થનમાં પુસ્તક તૈયાર કરાવ્યું હતું.23

જાંભેકરની 36 વર્ષની ટૂંકી કારકિર્દી અત્યંત ઉજ્જ્વળ છે. અચ્છા શિક્ષક, ઇતિહાસ અને ગણિતના ગ્રંથકર્તા, તથા પત્રકાર હોવા ઉપરાંત એક સારા વિચારક હતા. સુધારાના વિચારોને તેમનાથી પોષણ મળ્યું હતું. પરંતુ 'દાદોબા ચરિત્ર'ના લેખક જણાવે છે તે મુજબ 'સુધારક તરીકે તેઓ વિશેષ આગળ આવ્યા ન હતા; તથા ક્રાંતિ દ્વારા સામાજિક પુનર્ઘટના કરવાની ઇચ્છા કરનારાનો પક્ષ લીધો નહિ, તોય તેમના વિચાર પ્રગતિશીલ હતા.' ઉપરાંત – સરકારી નોકરી હોવાથી અને બીજી અનેક પ્રવૃત્તિઓ અને જવાબદારીઓને કારણે તેમને સુધારાની પ્રવૃત્તિથી અલિપ્ત રહેવાની ફરજ પડી હતી.24

બંગાળની અસર

બંગાળના સુધારાની મુંબઈ ઉપર અને તે દ્વારા સુરત-ગુજરાત ઉપર સીધી અસર થવાની વાત પણ વિચારવા જેવી છે. એ વિષે એવું પણ મનાય છે કે –

મુંબઈમાં 1840માં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર સુધારાનો પ્રચાર કરવા આવેલા; અને એમની પ્રેરણાથી મુંબઈમાં પરમહંસ સભાની સ્થાપના 1840માં જ થયેલી ! પરંતુ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર 1840માં મુંબઈ આવે એવી સંભાવના જ નથી. તેમાંય તેમનો જન્મ ઈ.સ. 1820માં થયો હતો અને તેમણે 1829થી 1841 સુધી વિદ્યાર્થી જીવન ગાળ્યું હતું તથા બાળલગ્ન નિષેધ તથા વિધવા પુનર્લગ્નની સુધારા ઝુંબેશ તેમણે અનુક્રમે 1850 અને 55માં આરંભેલી – આ બધું જોતાં, સુધારાના પ્રચાર માટે 1840માં તેમનું મુંબઈ આવવું અશક્ય જ ગણાય. બંગાળના કોઈ વિખ્યાત સુધારક નેતા મુંબઈમાં સુધારાના પ્રચાર અને સંગઠન માટે આવ્યા હોય તો તે હતા કેશવચંદ્ર સેન. 1865માં તેમણે પ્રાર્થના સમાજની સ્થાપનાની પ્રેરણા આપેલી .... ગુજરાતમાં બંગાળની સીધી અસર નર્મદના સમયમાં વર્તાય છે. નર્મદ પોતે 'બ્રાહ્મસમાજનો' ગ્રંથ બંગાળમાંથી એક શાસ્ત્રી પાસે બાળબોધમાં ઉતરાવ્યો હતો, એમ પોતે 'મારી હકીકત'માં જણાવે છે.

25 દાદોબા અને દુર્ગારામ

હવે આપણે જેમની અસરથી જ નહિ, જેમની સીધી પ્રેરણા અને દોરવણીથી દુર્ગારામે સુધારામાં ઝંપલાવ્યું અને માનવધર્મ સભાનો જન્મ થયો – એવી માન્યતા વિષે જરા વધુ વિગતે વિચારવું જરૂરી બને છે.

સૌથી પ્રથમ તો આપણે એ જોઈએ કે દાદોબા સુરત આવ્યા તે પૂર્વે અને મુંબઈ પાછા ગયા બાદ તેમની સુધારા પ્રવૃત્તિ કેવા પ્રકારની હતી.

દાદોબા પાંડુરંગ (1819 – 1882) : વિદ્યાભ્યાસ પૂરો કરી 1835માં મુંબઈમાં તેઓ આસિસ્ટંટ શિક્ષક બન્યા; 1836માં મરાઠી વ્યાકરણકાર તરીકે ખ્યાતિ પામ્યા; 1836-37માં તેમણે જાવરાનો પ્રવાસ ખેડ્યો; બાદ, આઠ નવ મહિના એલ્ફિન્સ્ટન ઈન્સ્ટિટ્યૂટમાં શિક્ષણ કાર્ય કર્યું હતું. 1840-41માં સુરત આવવા નીકળ્યા ત્યાં સુધી સંસારસુધારાની કોઈ સીધી પ્રવૃત્તિમાં પડ્યા ન હતા યા કોઈ સુધારક આંદોલન અને સંસ્થા સાથેનો તેમનો સંબંધ થયો ન હતો. 1846માં નૉર્મલ ક્લાસના ડિરેક્ટર બાળશાસ્ત્રી જાંભેકરનું અવસાન થતાં, તેમની જગાએ દાદોબાની નિમણૂક થતાં તેઓ સુરત છોડી મુંબઈ ગયા. બાદ પણ તત્કાળ કોઈ સુધારાની પ્રવૃત્તિ તેઓ કરી શકેલા નહિ.

1849ના સપ્ટૅમ્બરમાં મુંબઈમાં 'જ્ઞાન પ્રસારક મંડળી' સ્થપાઈ હતી (તેની ગુજરાતી, મરાઠી બે શાખા હતી), તેના મરાઠી વિભાગના અધ્યક્ષ તરીકે થોડોક સમય રહ્યા હતા.

પરંતુ, 'દુર્ગારામ જેવો કર્તબગાર જોડીદાર તેમને સાંપડ્યો નહિ' ('દાદોબા ચરિત્ર', પૃ. 250), વરસો બાદ, છેક 1849માં રામ બાળકૃષ્ણ જયકર (રત્નાગિરીમાં શિક્ષક હતા) કસ્ટમ ખાતાની નોકરી માટે મુંબઈ સ્થાયી થયા બાદ (1849થી 1951), પરમહંસ સભાની સ્થાપના થઈ શકી. અને રામ બાળકૃષ્ણ તેના પહેલા અને છેલ્લા (1860 સુધી) અધ્યક્ષ રહ્યા હતા. આ બધો સમય પણ દાદોબા 'પરમહંસ સભા'ની બેઠકોમાં હાજરી આપતા નહિ; પ્રત્યક્ષ કામમાં એમનો વિશેષ ઉપયોગ ન હતો; સલાહમસલત પૂરતો સંબંધ રહ્યો જણાય છે. વળી, 1865માં શૅરના મૅનિયામાં જાતે ફસાતાં પૈસાની તંગીમાં આવી પડતાં તેઓ રજવાડાની નોકરી માટે પ્રયાસ કરવા પાછળ રોકાયા હતા; અને જ્ઞાનોપાસના-ગ્રંથલેખનમાં પડ્યા હતા. સુધારાના સીધા કાર્યમાં પડ્યા ન હતા.

દાદોબાની સુરત-કારકિર્દી

હવે, તેમની સુરત દરમ્યાનની કામગીરી વિષે જરૂર એમ સ્વીકારવું જોઈએ કે –

દાદોબા સુરત આવ્યા (1841) પછી, પાંચ દદ્દાના પ્રયાસોથી '42માં 'પુસ્તક પ્રસારક મંડળી' તથા 'શિલા પ્રેસ'ની, અને 1844માં 'માનવધર્મ સભાની' સ્થાપના થઈ હતી. વળી દાદોબા આ 'માનવધર્મસભા'ના પ્રમુખપદે રહ્યા હતા, અને દુર્ગારામ મંત્રી (ચિટણીસ) હતા. દાદોબા સુરતની પ્રથમ અંગ્રેજી શાળાના પ્રિન્સિપાલ, અંગ્રેજીના વિદ્વાન, મરાઠી ભાષાના લેખક હતા (સંસ્કૃતનું પાકું જ્ઞાન તો તેમણે સુરતમાં આવ્યા પછી જ દિનમણિશંકર શાસ્ત્રીના શિષ્ય યજ્ઞેશ્વર શાસ્ત્રી પાસે લીધું હતું). મુંબઈથી આવેલા હતા, એ જોતાં પ્રમુખપદે તેમને સ્થાન આપવાનું સુયોગ્ય જ ગણાય.

આ પ્રવૃત્તિ દરમ્યાન, તેમણે દુર્ગારામને સારો એવો સાથ સહકાર આપ્યો હતો (સુધારાના બોધમાં દુર્ગારામની સાથે સામેલ થઈને જતા. માનવધર્મની સભાની બેઠકોમાં મોટે ભાગે હાજરી આપતા, અને વિચારવિનિમયમાં ભાગ લેતા. ખ્રિસ્તી બની ગયેલા પારસી નસરવાનજીને તેના ધર્મમાં પાછો આણવાના કાર્યમાં દાદોબાનો સાથ મહેતાજીને મળ્યો હતો, તેય સ્પષ્ટ છે. પરંતુ -

દાદોબા પોતે પોતાના આત્મવૃત્તાંતમાં લખે છે કે, 'મારા સુરત આવતાં પૂર્વે દસબાર વરસથી દુર્ગારામ મહેતાજી સુધારાનું કામ સુરતમાં કરી રહ્યા હતા' ... અને 'તેઓ સુધારક તરીકે સુરતમાં જાણીતા હતા.' એટલે કે દુર્ગારામે 1828-30થી પૂર્વે કાર્ય આરંભી દીધું તો હશે જ.

'માનવધર્મસભા'ની સ્થાપના અને તેના સિદ્ધાંતો નક્કી કરવાની બાબતમાં પણ દુર્ગારામે પોતે જ પહેલ કરેલી જણાય છે –

માનવધર્મસભા સ્થાપતાં પૂર્વે 10-2-1843ની નાનકડી મિત્ર મંડળીમાં થોડીક ચર્ચા બાદ મહેતાજી 'હું લખાવું છું – હમણાં જ લખો' કહીને તત્કાલ મોઢામોઢ ધર્મસભાનાં સાત સિદ્ધાંત-સૂત્રો લખાવી નાખે છે, તે આગળ ઉપર આપણે જોયું.

માનવધર્મસભાની સ્થાપના (22-6-1844) પછીય તેની બેઠકોમાં દુર્ગારામ જ મુખ્ય સૂત્રધાર અને સંયોજક હતા એ વાત માનવધર્મસભાની નોંધ ('દુર્ગારામ ચરિત્ર') ઉપરથી સ્પષ્ટ થાય છે.

'માનવધર્મસભા' અને 'પરમહંસ સભા'

હવે એક વાતની સ્પષ્ટતા કરવી રહે છે. સુરતની 'માનવધર્મસભા' અને મુંબઈની 'પરમહંસ સભા'ના સંબંધ વિષે. આટલી વાત હવે સિદ્ધ છે કે -

'માનવધર્મસભા'ની સ્થાપના 1844માં થઈ હતી.

'પરમહંસ સભા'ની સ્થાપના, આજ સુધી માનવામાં આવ્યું છે તેમ, 1840માં થઈ ન હતી. પરંતુ તે 1849-50માં જ થઈ હતી, એ વાત પણ આગળ ઉપર આપી દીધી છે.

સુરતની 'માનવધર્મસભા' મુંબઈની 'પરમહંસ સભા' કરતાં આદિ હતી, એટલું જ નહિ, તેની જનેતા હતી – (1) આ પરમહંસ સભામાં જે પ્રાર્થના ગવાતી હતી તે દાદોબાએ સુરતનિવાસ દરમ્યાન લખેલી હતી. (2) પરમહંસ સભાનાં સાતે સૂત્રો માનવધર્મસભાનાં સૂત્રો સાથે પૂરેપૂરાં મળતાં છે. (3) દુર્ગારામે માનવધર્મસભામાં વારંવાર 'પરમહંસ' શબ્દનો પ્રયોગ કરેલો છે ('દુર્ગારામ ચરિત્ર' પૃ. 56, 72, 80, 83, 138).26

સુરતના સાથીઓ

દુર્ગારામના પ્રવૃત્તિકાળ દરમ્યાનના મુખ્ય સાથી સુધારકોમાં 'ચાર દદ્દા'માંના દાદોબા અંગે તો આપણે વિગતે જોઈ ગયા. બીજા છે દિનમણિશંકર શાસ્ત્રી. આપણે જોયું તેમ તેઓ એક ઉચ્ચ કક્ષાના પંડિત શાસ્ત્રી હતા. ખુલ્લી રીતે સુધારામાં ઝંપલાવવા તૈયાર ન હોવા છતાં, દુર્ગારામ મિત્ર-સાથી તરીકે તેમની પૂંઠે રહ્યા હતા. મહેતાજી અનેકવાર, - વિધવાને પુનર્લગ્ન કરી લેવાના ઉપદેશવાળા કિસ્સામાંય તથા બનાવટી શાસ્ત્રોના લખનારા પાસેય શાસ્ત્રચર્ચા કરવાના પ્રસંગે - તેમને પોતાની સાથે લઈને જતા હતા. પાછળથી તેઓ દુર્ગારામના ટેકેકાર રહ્યા ન હતા, એમ જણાય છે. બલ્કે, મહીપતરામ પરદેશથી પાછા ફર્યા બાદ, પાછળથી તેમણે પ્રાયશ્ચિત કર્યા છતાંય, તેમને ન્યાતમાં દાખલ ન કરવાના આગ્રહી જુનવાણીમાં દિનમણિશંકર મુખ્ય હતા x x x ત્રીજા દલપતરામ માસ્તર ઉત્સાહી અને સાચા દિલના સુધારક હતા, અને દુર્ગારામના પ્રસંશક-શિષ્ય સરખા હતા. છેલ્લા દામોદરદાસ શેઠ. એમની સુધારા પ્રત્યેની સર્વસાધારણ સહાનુભૂતિ નજરે પડે છે.

બાકી તો, દુર્ગારામને દાદોબા ઉપરાંત, જો કોઈ પુરુષની ખૂબ જ મોટી ઓથ મળી હોય તો તે હતા હેનરી ગ્રીન સાહેબ. તેઓ સુરતની અંગ્રેજી શાળાના પ્રિન્સિપાલ હતા. (દાદોબા તેમના આસિસ્ટંટ હતા. એ રીતે દાદોબા ઉપર

ગ્રીનની અસર હોઈ શકે) ગ્રીન 'agnostic' અજ્ઞેયવાદી હતા; અને દેવળમાં પાઠ પૂજા કરવા જતા નહિ. તેઓ નાસ્તિક તરીકે પ્રખ્યાત થયા હતા અને દુર્ગારામના સુધારાને સહાય કરવામાં હંમેશાં તત્પર રહ્યા હતા.

27 નર્મદ 1851માં મુંબઈ અભ્યાસ કરી સુરત પાછો ફર્યો હતો અને 1851 (ફેબ્રુઆરી)થી 1854 (જાન્યુઆરી) સુધી સુરત રહ્યો હતો. આ દરમ્યાન પોતાના સગા દોલતરામ સાથે મળીને 'સ્વદેશ હિતેચ્છુ' નામની મંડળી ઊભી કરી હતી, અને 'જ્ઞાનસાગર' નામનું અઠવાડિક ભાગદારીમાં કાઢ્યું હતું. નર્મદ ઉમેરે છે કે, દોલતરામે28 આ છાપું શરૂ કર્યું તેની પાછળ તેની મતલબ દુર્ગારામ મહેતાજીની કેટલીક 'નરસી ચાલ' જાહેરમાં આણવાની હતી, તેવું તેને પાછળથી માલૂમ પડ્યું હતું ('મારી હકીકત' પૃ. 35).

પરંતુ હજી આ સમયે, નર્મદ પોતે જ લખે છે તેમ, તેનું મન બૈરામાં મહાલતું હતું; અને તે ભાંગનો કેફ કરતો હતો; પ્રેમસંબંધી અને દેશદાઝના વિચારો કરતો હતો; પરંતુ -

"સુધારાના અને તેને અમલમાં આણવાના વિચારો - પછી ખાનગી કે જાહેર - તે વખતે બિલકુલ ન હતા; જાતિભેદ, પુનર્વિવાહ, મૂર્તિપૂજા, અભક્ષ્યાભક્ષ્ય વગેરેના સુધારા સંબંધી વિચારોનું મને સપનું પણ નહિ હતું. ઉદ્યોગ કરવો, સંપ રાખવો, ભાષણ કરવાં, નિબંધો વાંચવા, ગ્રંથો લખવા અને દેશનું ભલું કરવું - એટલું જ હું સુધારા સંબંધી જાણતો હતો."

દુર્ગારામના શિષ્ય અને તેમની સુધારાની પ્રવૃત્તિના (ખાસ કરીને ભૂતપ્રેત વિરોધી જંગી આંદોલનના) કિશોરસાક્ષી; અને દુર્ગારામના ચરિત્રલેખક મહીપતરામ રૂપરામ નીલકંઠ (જન્મ : 1829) : 1851માં મિશનરીઓ તરફથી 'પરહેજગાર' મંડળીનું પત્ર નીકળતું તે ઘણું ખરું મહીપતરામના હાથથી લખાતું.29 1852માં મુંબઈમાં એલિફન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ (નોકરી સાથે) કરવા ઊપડી ગયા હતા. અને 'કરણઘેલો'ના મશહૂર કર્તા, નંદશંકર મહેતા (જન્મ 1835) પણ 1845માં સુરતમાં અંગ્રેજી નિશાળમાં દાખલ થયા હતા; અને ત્યાર બાદ મુંબઈ અભ્યાસ માટે ગયા હતા.

આ બધા સુરતના સાથીઓ ઉપરાંત, ગુજરાત અને સુધારા સાથે સંકળાયેલી બે મહત્ત્વની વ્યક્તિઓની આ સમયની પ્રવૃત્તિ જોઈ લઈએ.

કવિ દલપતરામની 1850થી 1851 દરમ્યાનની સુરતની પ્રવૃત્તિ તો આપણે આગળ જોઈ ગયા છીએ. તે પૂર્વેની તેમની પ્રવૃત્તિની નોંધ કરીએ :

દલપતરામની પ્રવૃત્તિનો આરંભ 1848માં જ થયો હતો (1848ના ઉત્તરાર્ધમાં ફાર્બસ સાથેનો મેળાપ થયા પછી). 1848ના ડિસેમ્બરમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હવે વિદ્યાસભા)ની સ્થાપના થઈ. 1849ના એપ્રિલમાં 'વરતમાન' બુધવારિયું પત્ર શરૂ થયું :30 1849માં જ પુસ્તકશાળા સ્થપાઈ; એ જ સાલમાં જૂનમાં ગ્રંથ પ્રકાશનની શરૂઆત કરી. અને 1849ના જુલાઈમાં પહેલી કન્યાશાળા સ્થપાઈ.

રણછોડદાસ ગિરધરભાઈ ઝવેરી31 : દુર્ગારામ ૧૮૨૫-૨૬માં મુંબઈ જઈ શિક્ષણ લેવા લાગ્યા ત્યારે, 'ગુજરાતના કેળવણીખાતાના પિતા' તરીકે જાણીતા થયેલા અને નર્મદ જેમને 'ગુજરાતની પ્રસિદ્ધિનો પહેલો પુરુષ' કહે છે તે રણછોડદાસ ગિરધરભાઈ ઝવેરી મુંબઈમાં કેળવણીખાતામાં જોડાયા હતા અને દેશી નિશાળોને સારુ પુસ્તક રચવાના કામમાં ગુજરાતી વિભાગમાં કામ કરતા હતા.

1845 જૂનથી 1848ના ડિસેમ્બર લગી મુંબઈ રહ્યા પછી રણછોડદાસને સુરત મોકલવામાં આવ્યા. આ વખતે દુર્ગારામની સુધારણાની પ્રવૃત્તિ ધમધોકાર હતી. અને ગ્રીન સાહેબ દુર્ગારામની સલાહ લઈ મહેતાજીઓની વ્યવસ્થાનું કામ કરતા હતા. હવે ગ્રીન સાહેબની બદલી મુંબઈ થઈ અને તેમની જગાએ ગ્રેહામ32 અંગ્રેજી શાળાના હેડમાસ્તર બન્યા; પછી રણછોડદાસની સલાહ મુજબ કામ ચાલ્યું. અને મહેતાજીનો 'અન્યાય દૂર થયો,' એવું જાણવા મળે છે.

ગુજરાતની પ્રસિદ્ધિના આ પહેલા પુરુષના સુધારા અંગેના વિચારો તથા આચાર જોઈએ તો તેઓ મૂર્તિપૂજામાં માનતા હતા અને જાતે પૂજા કરતા હતા. જાદુમંત્રતંત્રને ખોટું માનતા અને મહેતાજી દુર્ગારામને તેમની આ પ્રવૃત્તિમાં મદદ કરતા હતા. મહેતાજીએ શિલાછાપ પ્રેસ અને પુસ્તક પ્રસારક મંડળ કાઢ્યું. તેમાં પાંચ દદ્દાની સાથે તેઓ પણ ભાગીદાર હતા. મહેતાજીને અંદરખાનેથી 'સારા વિચાર બતાવતા અને મદદ કરતા.'

મુંબઈમાં 1848માં પ્રથમ જ્ઞાન પ્રસારક મંડળ નીકળ્યું ત્યારે તેના પહેલા પ્રમુખ હતા.

•

ગુજરાતભરમાં આ સમયે (1830-1844) સુધારા અંગેની સંસ્થા યા ઘટના ભાગ્યે જ બની જણાય છે.

સિવાય કે મહેતાજીનો સંસારસુધારો હજી પા પા પગલી ભરતો હતો ત્યારે, 1832માં શામળદાસ દેસાઈએ33 પરદેશ પ્રવાસ ખેડ્યો હતો.

આ પુરુષ વિષે વધુ માહિતી નથી. રાજા રામમોહન રાયે 1830માં પરદેશગમન કર્યું લગભગ તે જ અરસામાં પરદેશગમન કરનાર ભારતનો આ બીજો પુરુષ હશે!

ટૂંકમાં, સુધારાનો પવન હજી અમદાવાદમાં કે ગુજરાતમાં ક્યાંય વાતો થયો ન હતો.

એકંદરે જોતાં, કલકત્તા પછી સુરત સુધારાની બીજી નગરી તરીકે આગળ તરી આવે છે. અલબત્ત, હવે પછીની પેઢી દરમ્યાન, મુંબઈની પ્રવૃત્તિ ઊંડા ચિંતન સાથે ધમધોકાર આગળ વધવાની છે.

આ બધા ઉપરથી કહી શકીએ કે દુર્ગારામ ઉપરની મુખ્ય અસરોમાં સુરતની પરિસ્થિતિએ તેમના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવ્યો હશે જ.

એ વાત પણ બિલકુલ સ્પષ્ટ છે કે, મુંબઈમાં શિક્ષણ, વૃત્તપત્રો અને સુધારાની નાની નાની પ્રવૃત્તિઓની છાપ, દુર્ગારામના ચિત્ત ઉપર પડી જ હશે. ખાસ કરીને બીજી વાર, 1838માં પત્નીનું અવસાન થયા પછી, જ્યારે તેમનું મન 'વિધવા વિવાહ' જેવા ઉગ્ર સુધારાની દિશામાં પુરજોશથી ધસી રહ્યું હતું ત્યારે જ, મુંબઈ જવાનું થતાં, જરૂર તેમના ઉપર તેની પાકી અસર થઈ જ હશે. અને આ દરમ્યાન બંગાળના સુધારાની સીધી નહિ, પણ આડકતરી, અને વૃત્તપત્રો દ્વારા મુંબઈ પર જે અસર થતી રહી હશે, તે પણ આ જાગ્રત સુધારકે અવશ્ય પોતાની રીતે ગ્રહણ કરી જ હશે. તેમાં વળી, સુરત પાછા ફરતાં દાદોબાનો અને પાછળથી ગ્રીનનો સાથ-સહકાર અવશ્ય એમને સ્ફૂર્તિ આપનાર બન્યો જ છે. તથા ગુજરાતના પોતાના સુધારકો સાથીઓનાં જે કાંઈ સહાય અને ઉત્સાહ તેમને પ્રાપ્ત થયાં તે બધાંને કારણે, દુર્ગારામનો સુધારાનો પિંડ બંધાયો છે.

પરંતુ આ બધાંનાં ચોક્કસ સ્વરૂપો અને મર્યાદાઓ જાણ્યા જોયા પછી આપણે નિ:સંકોચ રીતે અને ગૌરવપૂર્વક એમ કહેવા અધિકારી ઠરીએ છીએ કે, દુર્ગારામ તમામ આદ્ય પ્રવર્તકોની જેમ પરિસ્થિતિમાંથી આપમેળે ઊભા થયેલા અને અંત:પ્રેરણાથી ધ્યેય પ્રતિ આગળ ધપતા આત્માર્થી હતા.

7. કમજોરીઓ – સુધારાની કસોટી ?

આમ છતાં, દુર્ગારામની – ગુજરાતના આદ્ય સુધારકની કેટલીક ગંભીર દેખાય તેવી કમજોરીઓ અંગે પણ આપણે વિચાર કરવો રહે છે.

1. પત્ની ગુજરી ગયા બાદ, 1841થી દુર્ગારામે વિધવા-પુનર્લગ્નની પ્રખર ઝુંબેશ ઉપાડી આખા સુરતને ઊંચું કરી મૂક્યું હતું. તે અરસામાં 'મથુરી નામે જુવાન ડુંગરપુરી વિધવા' તેમને વરવાને તૈયાર થઈ. આ ખબરથી નાગર બ્રાહ્મણોમાં ખળભળાટ થઈ ગયો. મથુરીનાં પુનર્લગ્ન દુર્ગારામ વેરે થતાં અટકાવવાને ભારે પ્રયત્ન ચાલ્યો ને સુધારાના શત્રુ જય પામ્યા. અને મહેતાજી અભેગૌરી નામે કુંવારી કન્યાને પરણી ગયા. તથા સાસુ સસરા સાથે એવી કબૂલાત પણ કરી કે 'વિધવા-પુનર્વિવાહ સંબંધી જાહેર બોધ કરવો નહિ.'

મહેતાજીની આ ગંભીર નબળાઈ સામે મહેતાજીના ચરિત્રલેખક ખુદ મહીપતરામે 'મહેતાજી પોતાના મતને અને નામને હીણપત લગાડી' એ પ્રકારનાં આકરાં વેણ ઉચ્ચાર્યાં છે. અને જો વિધવા સાથે વિવાહ કરી ન્યાત બહાર રહ્યા હોત તો 'એ વિશાળ બુદ્ધિનો ઉત્સાહી નર ભરતખંડના કોઈ મોટા આચાર્ય કે યુરોપના લ્યૂથર જેવો થાત' એવી સંભાવના પણ પ્રગટ કરી છે.

અલબત્ત, આજીવન દુર્ગારામનો અભિપ્રાય વિધવા લગ્ન વિષે બદલાયો ન હતો અને કોઈ સામેથી પૂછે ત્યારે, સ્પષ્ટ વાણીમાં પોતાનો સુધારાનો મત વ્યક્ત કરતા રહ્યા હતા.34

2. દુર્ગારામ પોતે મૂર્તિપૂજાના વિરોધનો ઉપદેશ કરતા હતા. છતાં તેમનાં માસીના મૃત્યુ બાદ (1851ના અરસામાં હશે) માસીએ સોંપેલી મૂર્તિની પૂજા તેઓ કરતા હતા.35

આ પ્રસંગ ટાંકતાં કવિ નાનાલાલ કહે છે કે, અહીં આપણને દુર્ગારામનો બુદ્ધિવાદ વિ. હૃદયવાદ જોવા મળે છે.

3. મહીપતરમ વિદેશ જઈ પાછા ફર્યા પછી દુર્ગારામે તેમને પોતાને ત્યાં જમાડીને ન્યાતનો રોષ વહોર્યો હતો, એ આપણે આગળ જોઈ ગયા છીએ. આમ, ન્યાતની સામે થઈ ટેક રાખી રહ્યા હતા. પરંતુ દોઢેક વર્ષને અંતે 'પ્રાયશ્ચિત' કર્યું હતું.36

આ બનાવની નોંધ લેતાં નર્મદે કેવળ આકરાં નહિ, કડવાં અને અપમાનકારી વેણ ઉચ્ચાર્યાં છે. મહેતાજીનું 'સઘળું જ લુચ્ચું વાજું હતું', 'મનમાં પાપ' હતું ઉપરાંત, 'ટેક બતાવવાનું તમારા સરખાનું કામ નથી; તે રાખનાર જુદા જ'37 (એટલે નર્મદ જેવા – લે.) વગેરે. વાત તો એમ છે કે મહેતાજીએ દોઢેક વરસ પહેલાં હિંમતભર્યું પગલું ભર્યું હતું ત્યારથી જ 'આ કાંઈ મરદાઈ નહિ', 'ખરો ટેક તો મહીપતરામને વારે વારે જમવા તેડ્યાં કરે ત્યારે' જ મનાય – એવી ટીકા પણ કરેલી, અને દુર્ગારામને 'માનના ભૂખ્યા' વગેરે કહી ઉતારી પાડેલા.

ઊણપો

આ ઉપરાંત મહેતાજીની ઊણપો તરીકે કેટલાક મુદ્દા રજૂ થયા છે – (1) 'પરમહંસ સભા'ની જેમ પાંઉરોટીનો શિરસ્તો માનવધર્મ સભાએ દાખલ કર્યો નહિ38 (2) દુર્ગારામે 'બાળલગ્ન' તરફ ધ્યાન દીધું નહિ39 વગેરે.

સુધારાના આ આદિ યુગમાં ખુદ રામમોહન રાયે પણ આ તરફ લક્ષ આપ્યું ન હતું (અને બે પત્નીઓ હોવા છતાં રામમોહન બહુપત્નીત્વના વિરોધી પણ હતા!)

ઉપર જણાવી તે ઉપરાંતની પણ, પાછળના યુગના માણસોને યાદ આવે અને ખૂંચે એવી, અનેક બાતમીઓ, ઘટનાઓ અને કમજોરીઓની નોંધ થઈ શકે ખરી.

આવી અને બીજા પ્રકારની નબળાઈઓ અને ઊણપો શ્રેષ્ઠતમ બંગાળી, મહારાષ્ટ્રી અને ગુજરાતી સુધારકોની પાછલી પેઢીઓમાં (કેશવચંદ્ર સેન, રાનડે, નર્મદ, કરસનદાસ, મહીપતરામ વગેરે સુદ્ધાંમાં), સુધારો જ્યારે વધુ અનુકૂળ બન્યો ગણાય ત્યારે, ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે.

સુધારકોના યુગની, સુધારકોની પોતાની, અને સુધારકોના સાથીદારોની શક્તિ-અશક્તિ-મર્યાદાના પ્રકાશમાં આ આખી ચર્ચા એક સ્વતંત્ર વિષય તરીકે કરવી જરૂરી છે.

આપણા પૂર્વજોએ ઉત્કર્ષના યુગપ્રેરક નવા વિચારો રજૂ કર્યા, એમનો પ્રચાર કર્યો, એને માટે મંડળો રચ્યાં. તેમાંની જ કેટલીક બાબતોમાં પોતાના જ આદર્શ અનુસાર સંપૂર્ણપણે જીવી નહિ શક્યા હોય, તોય, લગભગ આખી જિંદગી એ ધ્યેય માટેની નિષ્ઠા છોડ્યા વિના કાર્યરત રહ્યા, અને લગભગ આખી જિંદગી દુ:ખ વેઠતા રહ્યા – એ હકીકતો ઓછી પ્રેરણાદાયી નથી.

સાથોસાથ આપણે એ વિચારીએ કે – સુધારાઓનો સ્વીકાર કરનારા આપણે – આજની પેઢીના શિક્ષિતો પણ ખરેખર ક્યા સુધારાને, કેટલી હદે જાગ્રત રીતે અનુસરીએ છીએ? જે સુધારાઓ આજે સહજ થયેલા જણાય છે તે મોટે ભાગે તો, બાહ્ય પરિસ્થિતિના હડસેલાને જોરે, યા કાનૂનના દબાણને કારણે અનુસરાઈ રહ્યા નથી શું?

8. ઉપસંહાર

ઓગણીસમી સદીના પૂર્વાધમાં ભારતમાં ત્રણ નવાં બળો કામ કરી રહ્યાં હતાં –

1. ઈસ્ટ ઇંડિયા કંપનીની વેપારી ઇજારદારી લૂંટણનીતિ, તથા રાજદ્વારી એકહથ્થુ તંત્ર.

2. જુદાં જુદાં ખ્રિસ્તી મિશનોની સંસ્થાઓ : તેમની ધારણા તે સમયે એવી હતી કે જો ભારતની આખી પ્રજાને ખ્રિસ્તીધર્મી બનાવી શકાય તો બ્રિટન સાથે ઐક્ય સધાતાં ભારતની પછાત પ્રજા ઉન્નતિના પંથે પળી શકશે; અને બ્રિટન પણ એક મહાન શક્તિ બની જશે.

3. અંગ્રેજી વેપારીઓમાંનાં અને અમલદારોમાંનાં કેટલાંક પ્રગતિશીલ દૂરંદેશી તત્ત્વો – (બંગાળમાં જૉન ડિગ્બી,40 ડેવિડ હૅર,41 તથા ગુજરાતમાં પાછળથી (1848) ફાર્બસ – જેમણે ભારતની સાંસ્કૃતિક-સાંસ્કારિક પ્રગતિમાં દેશી પુરસ્કર્તાઓને સાથ સહાય આપ્યાં હતાં.

4. આ સમયે ભારતવાસીઓનું પોતાનું એક બીજું પણ પરિબળ હતું –

ભારતની દુર્દશા જોઈ અકળાઈ ઊઠી; ખ્રિસ્તી મિશનરીઓના જેવા જ ભાવના સેવનારા અને 'જૂનું તેટલું ખતમ કરો'ના આવેશમાં હિંદુ ધર્મ અને પ્રાચીન ભારતીય સંસ્કારિતા પ્રત્યે તિરસ્કાર સેવનારા, અંગ્રેજી નૂતનતાના આશક, ખ્રિસ્તી ધર્મ પ્રશંસક, તથા મુક્ત વ્યવહારના પ્રતીક તરીકે મદ્ય અને ગોમાંસ અપનાવનારા, બંગાળમાં ઘરોઘર બંડ પેટાવી જનાર - 'a generation without fathers and children' જેવા 'યંગ બંગાલ' આંદોલનના નેતા પ્રોફેસર હેનરી વિવિયન ડેરોઝિયો (1809-1831) અને તેમના સાથીદારો હતા. અલબત, આ તેજસ્વી ક્રાંતિકારી જુવાનોએ જ ભારતમાં પ્રથમ રાજકીય સંસ્થા 'બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન'ની સ્થાપના કરી હતી (1851) અને મજૂર આંદોલનનાં પણ બીજ વાવ્યાં હતાં; અને તેમણે (1834-35માં) 'Enquirer' (જ્ઞાનાન્વેષણ) તથા 'બંગાળ સ્પેક્ટેટર' (1842) પત્ર દ્વારા રાજકીય – આર્થિક સમસ્યાઓની ઊંડી છણાવટ કરી અવિસ્મરણીય સેવાઓ પણ બજાવી હતી.42

રામમોહન રાય અને દુર્ગારામ મહેતાજી બંને વચ્ચેના વિભૂતિ તત્ત્વમાં અપરંપાર ભેદ હોવા છતાં, બંનેની શ્રદ્ધા એક જ હતી – બંનેના રાહ લગભગ સરખા હતા.

રાજા રામમોહન રાય તથા દુર્ગારામ મહેતાજીની સર્વશ્રેષ્ઠ વિશેષતા એ છે કે એમણે સર્વાંગી સુધારાનો સ્વસ્થ સમન્વયનો માર્ગ અખત્યાર કર્યો હતો, જેને પરિણામે તેઓ –

ભારતીય શ્રેષ્ઠ તત્ત્વો અને પ્રણાલીની રક્ષા કરી, તેના પાયા ઉપર ભારતીય સમાજની નવરચના કરવા કૃતનિશ્ચય હતા. અને આખી હિંદી પ્રજા ખ્રિસ્તી બની જાય તો સંસ્કારી બની આગળ આવે એવી માન્યતા તથા ખ્રિસ્તી પાદરીઓની વટાળપ્રવૃત્તિ સામે સર્વથી જાગ્રત અને સક્રિય રહ્યા હતા.

કેવળ હિંદુ સમાજ નહિ, ખ્રિસ્તી અને મુસ્લિમ ધર્મ અને સમાજનાં અનિષ્ટોને ખુલ્લાં પાડ્યાં છતાં, તે ધર્મ અને સંસ્કારિતાનાં શુભ તત્ત્વોને પ્રકાશમાં આણી 'સર્વધર્મ સમાનતા'ના પાયા પર 'વિશ્વધર્મ'ની રચના કરવાના પ્રયાસો (બ્રાહ્મસભા : માનવધર્મસભા) આદર્યા હતા.

અંગ્રેજી રાજ્યસત્તાનાં અનિષ્ટો જોયા જાણ્યા ને અનુભવ્યા પછી, અને પ્રસંગ આવ્યે તેની સામે વિરોધ કર્યા છતાં, પુરાણી શાસ્ત્રી પ્રથા – મદ્રેસા પ્રથાની સંકુચિતતા અને નિષ્ફળતા સામે જેહાદ ચલાવી ભારતના પુનર્જીવન માટે અંગ્રેજી શિક્ષણ-પ્રથા, જ્ઞાન-વિજ્ઞાનને જીવનદાયી અમીકૂપી સમજી ઉમળકાભેર આવકારતા રહ્યા હતા.

અને એકંદર એવી શ્રદ્ધા સેવતા હતા કે બ્રિટનનો સહકાર ભારતના અને દુનિયાના ઉત્કર્ષ માટે ઐતિહાસિક રીતે અનિવાર્ય છે.43

આથી જ તો એ વાત પણ સ્પષ્ટ થાય છે કે, પ્રથમ માર્ગ અખત્યાર કરનાર આ પુરસ્કર્તાઓ માટે તેમના પછીના સુધારક સેનાનીઓ માટે ઊભી જ થઈ ન હતી. દા.ત.

(1) પહેલાં રાજકીય ક્રાંતિ વા પહેલાં સંસાર સુધારો? (ખાસ કરીને મહારાષ્ટ્રમાં 'લોકહિતવાદી', રાનડે, ટિળક, આગરકરની વર્ષો સુધી ચાલેલી ચર્ચા).

(2) સુધારો ઉગ્ર, ઉદ્દામ કે શાંત, મવાળ? ક્રાંતિકારી કે ક્રમશ:? બલ્કે-યાહોમ કરીને, કે ધીરે ધીરે? (ગુજરાતમાં નર્મદ દલપત યુગની ચર્ચા).

ઉપરાંત, આ પુરસ્કર્તાઓને પાછળના વિવેચકોએ ઊભાં કરેલાં 'ઓરિએન્ટાલિસ્ટ' કે 'ઍંગ્લિસિયન' 'સુધારાવાદી' કે 'સંરક્ષણવાદી' આવાં ચોકઠાંમાં આપણે બેસાડી શકતા નથી. તથા 'અંગ્રેજી સરકારની મદદથી' કે 'મદદ વિના કેવળ પ્રજાની જાગૃતિના બળે' સુધારા કરવાની સમસ્યા પણ હજી જાગી ન હતી. બલ્કે આવા અપૂર્વ સમન્વયનો બીજો જોટો આપણે અનેક દાયકા બાદ, મહાત્મા ગાંધીમાં જોવા પામીએ છીએ. રાષ્ટ્રપિતા ગાંધીના આ પૂર્વજોને – સર્વાંગી, સ્વસ્થ, સમન્વયવાદીઓને – રાષ્ટ્રીય નવજાગૃતિના આ આદ્યપ્રવર્તકોને વંદીને વિદાય લઈએ.

**સંદર્ભ સાહિત્ય :-**

**ગુજરાતી**

1. દુર્ગારામ મહેતાજીચરિત્ર : (મહીપતરામ રૂપરામ)
2. મારી હકીકત : (નર્મદાશંકર)
3. નંદશંકર જીવનચરિત્ર : (વિનાયક નંદશંકર મહેતા)
4. મહીપતરામ : (ભાનુસુખરામ નિ. મહેતા)
5. જૂનું નર્મગદ્ય : (નર્મદ)
6. નવલગ્રંથાવલિ : (નવલરામ પંડ્યા)
7. અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન : ખંડ 1 (હીરાલાલ પારેખ)
8. સંસાર સુધારાનું રેખાદર્શન : (નવલરામ ત્રિવેદી)
9. શ્રી રામકૃષ્ણ પરમહંસ : (રોમાં રોલાં; અનુ. : ચંદ્રશંકર શુક્લ)
10. હિંદની અંગ્રેજ વેપારશાહી : (મગનભાઈ પ્ર. દેસાઈ)
11. આધુનિક ભારત : (આચાર્ય જાવડેકર; અનુ. : દેશપાંડે)
12. અર્વાચીન ગુજરાતી શિક્ષણનાં સવાસો વર્ષ : (સં. રામલાલ નવનીતલાલ)
13. અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય : (વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી)

**મરાઠી**

14. દાદોબા પાંડુરંગ : (અનંત કાકબા પ્રિયોળકર)
15. નામદાર જગન્નાથ શંકર શેટ : (વિનાયક માધવરાવ પિતળે) (1916)
16. ના. નાના શંકર શેટ : (પુ. બા. કુલકર્ણી)
17. ડૉક્ટર ભાઉ દાજી લાડ : (શ્રીનિવાસ નારાયણ કર્ણાટકી)

**અંગ્રેજી**

18. Raja Ram Mohan Roy (G. A. Natesan)
19. Rammohan Roy Vol. I (Iqbal Singh)
20. A Century of Social Reform in Inda (S. Natrajan)
21. Notes on Bengal Renaissance (Amit Sen)
22. Swami Vivekanand (Dr. B. N. Dutt)
23. Social Background of Indian Nationalism (Dr. A. R. Desai)
24. India To-day (R. P. Dutt)

Bombay Gazetter Vol. II (1877)

**પાદટીપ - 1 થી 43 :-**

1. નિબંધકર રઘુનંદન શાસ્ત્રીએ 'સતી'ની પ્રથા સાબિત કરતા ઋગ્વેદનું એક વાક્ય ફેરવી પણ નાખ્યું હતું. "All those women, well-dressed ascend the room in front of them'ને બદલે 'enter the fire-room" એવું કરી નાખ્યું હતું ! આ જ શાસ્ત્રીએ આ પ્રકારની બીજી પણ બનાવટો કર્યાના ઉલ્લેખો મળે છે. (Swami Vivekanand, p.39) ... ગુજરાત અંગેના આવા કિસ્સાની નોંધ આગળ જતાં આપી છે.

2. આનો એક કિસ્સો મુંબઈ અંગેનો આગળ જતાં નોંધ્યો છે.

3. આજ સુધી એવું સ્વીકારી લેવામાં આવ્યું છે કે, દુર્ગારામ ગુજરાતના આદ્યસુધારક હોવા છતાં, સુરત ગુજરાતની પ્રથમ સુધારા નગરી હોવા છતાં રામમોહન રાય પછી ભારતવર્ષનો સંસારસુધારાનો પ્રવાહ કલકત્તા બાદ તત્કાલ મુંબઈમાં પ્રગટ થયો હતો; અને તેના અગ્રણીઓ મહારાષ્ટ્રી સુધારકો નાના શંકર શેટ, બાળશાસ્ત્રી જાંભેકર, દાદોબા પાંડુરંગ હતા અને દાદોબાનાં પ્રેરણા અને ઉત્તેજનથી દુર્ગારામે સુરતમાં સુધારાનું અને 'માનવધર્મસભા'ની સ્થાપનાનું કાર્ય કર્યું હતું વગેરે.

આ માન્યતાઓ આધારરહિત છે, અને હકીકતોથી વેગળી છે, જેની વિગતો આગળ ઉપર આપણે જોઈશું.

4. 1843ની 4થી ફેબ્રુઆરી : "વસંતપંચમીએ 'પૃથ્વીમાં સર્વ મનુષ્યો ગરક થવાનાં છે,' તેવી ઠગાઈની વાત પ્રથમ કાશીમાં કોઈ બાહામણાયે ધૂતવાને કાઢીને મહાદેવના દેરામાં કાગળ નાખ્યો હશે…" આ કાગળની હજારો નકલો થઈ દેશભરમાં તેનો પ્રચાર થયો હતો; આખો ગુજરાત દેશ ખળભળી ગયો હતો ! ત્યારે મહેતાજી લખે છે : "હું નિશ્ચય જાણું છૌં કે એ મનુષ્યની મૂર્ખાઈનું લક્ષણ છે …." (દુ.ચ. પૃ.17)

કતલની રાતે હજારો મુસલમાનોને છાતી કૂટતા જોઈ દયા આણી બોધ કરવાનું મન થયું (ન.ગ્રં.1, પૃ. 153)

હોડીમાં બેઠાં બેઠાં એક ઘરડી ડોશીને જાતિભેદ તોડવાનો ઉપદેશ કર્યો. (ન.ગ્રં.1, પૃ. 143)

હોડીમાં રાંદેર જતાં એક મુસ્લિમ ઉપદેશકની મેલી બુદ્ધિ જોઈ એનેય ઉપદેશ કર્યો. (દુ. ચ., પૃ. 41) વગેરે દૃષ્ટાંતો.

5. ગુજરાતમાં આટલી બધી અસર કોઈ પણ વક્તાની એટલા થોડા વખતમાં થયેલી અમે જોઈ નથી. (ન. ગ્રં. પૃ. 141)

6. મહેતાજીનું અવસાન 1876માં થઈ ચૂક્યું હતું.

7. આના બે કિસ્સા : ('મારી હકીકત', પૃ. 39)

8. સં. સુ. રે., પૃ. ૨૭

9. 'હિંદની અંગ્રેજ વેપારશાહી', પૃ. 335

10. 'નંદશંકર ચરિત્ર', પહેલા પ્રકરણના આધારે

11. બંગાળના રઘુનંદન શાસ્ત્રીની જેમ સુરતમાં દુર્ગારામને હાથ આમોદવાળા શાસ્ત્રી દીનાનાથ ભટ ચડી ગયા હતા. આ શાસ્ત્રીએ ઋષિઓને નામે 'ડાકોર માહાત્મય' નામે નવો શાસ્ત્રગ્રંથ બનાવેલો; અને તે રાધાવલ્લભી મતના ગોસાંઈની સૂચનાથી. તે જ રીતે તેણે સ્વામી સહજાનંદજી ઈશ્વર હતા એવું પ્રતિપાદિત કરવા સ્વામીનારાયણી પંથનો ગ્રંથ બનાવ્યો હતો. આ શાસ્ત્રીએ આ પ્રકારનો એકરાર કરવા ઉપરાંત એય સ્વીકાર્યું હતું કે તેણે આ કાર્ય ધનલોભે કર્યું હતું. ('દુર્ગારામ ચરિત્ર', પૃ. 43-44 )

12. 'દાદોબા ચરિત્ર', પૃ. 192

13. ખ્રિસ્તી બની ગયેલા શ્રીપત શેષાદ્રિને હિંદુ ધર્મમાં પાછો લાવવાના 'શુદ્ધિ પ્રવૃત્તિ'ના આ પાપ સામે પગલાં ભરીને પૂનાના બ્રાહ્મણોએ તો અવધિ કરી નાખી હતી! ઠરાવ કરીને પ્રાયશ્ચિત્તો જાહેર કર્યાં હતાં – શુદ્ધિ કરનાર બ્રાહ્મણને દર અમાસે એક લઘુરુદ્ર અને 1000 ગાયત્રી જાપ કરવાની સજા; કારપિતૃત્વ પ્રયુક્ત દોષ માટે બાળશાસ્ત્રી જાંભિકરને 4 પ્રાજાપત્ય કરવાની સજા; અને બાળાજી દિવાણજીને 'સંસર્ગજનિત દોષ' માટે 1 પ્રાજાપત્યની સજા! આ ઠરાવ ઉપર પૂનાના 21 બ્રાહ્મણોની સહી હતી. ('દાદોબા ચરિત્ર', પૃ.239)

14. ગંગાધર દીક્ષિત ફડકે નામનો એક ગૃહસ્થ 1821માં સરકારી નોકરી માટે મુંબઈ ગયો હતો; ત્યાં છ વરસ નોકરી કરી પૂના પાછો ગયો ત્યારે તેને 'દરિયો ઓળંગવા' માટે ન્યાતબહાર મૂકવામાં આવ્યો હતો! (C. S. R. in India)

15. 'દાદોબા ચરિત્ર', પૃ.159-60

16. એજન, પૃ. 231-37

17. રાજા રામમોહનના 'સંવાદ કૌમુદી' પછીનું આ પ્રથમ પત્ર હતું. (1932માં આ પત્ર દૈનિક બન્યું હતું.)

18. 'શ્રીમંત નામદાર જગન્નાથ શંકર શેટ' (વિ.મા. પીતળે) તથા 'ના. નાના શંકર શેટ' (પુ. બા. કુળકર્ણી)

19. 'નાના શંકર શેટ', પૃ. 441

20. 'ડૉક્ટર ભાઉ દાજી લાડ' (શ્રી.ના. કર્ણાટકી)

21. 'દાદોબા ચરિત્ર'ના આધારે

22. 'આધુનિક ભારત', પૃ. 82

23. એજન, પૃ.82

24. 'દાદોબા ચરિત્ર', પૃ. 238

25. આ ઉપ-પ્રકરણમાં દાદોબા અંગેની માહિતી 'દાદોબા ચરિત્ર'ને આધારે

26. 'દાદોબા ચરિત્ર'ના સંપાદક-લેખક શ્રી પ્રિયોલકર એક નિષ્ઠાવાન સંશોધક હોવા છતાં, તેમણે આ બાબતમાં કેટલીક ગંભીર ભૂલો કરી છે.

દા.ત. (1) માનવધર્મસભાની તા. 25-8-1844ની બેઠકમાં દુર્ગારામે પોતાના ઉપદેશમાં 'માનવધર્મસભા'ને સ્થાને 'પરમહંસસભા' એવો ઉલ્લેખ કર્યાનું શ્રી પ્રિયોલકર જણાવે છે – (અને તેના આધારમાં 'દુર્ગારામ ચરિત્ર'નું પા. 101 ટાંકે છે.) : 'એક ભગવાં લૂગડાંવાળા પરમહંસસભામાં આવીને પ્રશ્ન કીધો કે આત્મા શું મેલો થાય છે કે તમે એને ધુઓ છો?' હકીકતે, આ ઉતારો કરવામાં જ ભૂલ છે. મૂળ વાક્ય નીચે મુજબ છે : 'એક ભગવાં લૂગડાંવાળા પરમહંસે સભામાં આવીને પ્રશ્ન કીધો....' x x આવી જ રીતે, 'દાદોબા ચરિત્ર'માં એક બીજી પણ ગંભીર ભૂલ છે.

(2) મુંબઈની 'પરમહંસસભા' ગુપ્ત રીતે મળતી હતી; તેની બેઠકોમાં નાતજાત-ભંજનના કાર્યક્રમ તરીકે 'પાંઉભક્ષણ'નો કાર્યક્રમ હતો. શ્રી પ્રિયોલકર આ કાર્યક્રમ વિષે ખોટી રીતે એવો ઉલ્લેખ કરે છે કે - "આ પાંઉભક્ષણનો પ્રકાર સુરતની માનવધર્મસભામાં પણ હતો." અને તેના સમર્થનમાં 'દુર્ગારામ ચરિત્ર'ના પા. 59નો એક ઉતારો ટાંકે છે : "તે જ વેળા (તા. 6-7-1844ની બેઠકમાં) ભઠિયારાની દુકાનેથી રોટલો મંગાવી મહેતાજી દુર્ગારામ, માસ્તર દાદોબા અને તેમના મતના સાથીઓએ જોડે ખાઈ,"- આવો અધૂરો ઉતારો આપ્યો છે. હકીકતે - આ વાક્ય નીચેની રીતે પૂરું થાય છે. "જોડે ખાઈ દેખાડ્યું હોય તો ... તેઓ જગતના ઇતિહાસમાં પહેલા વર્ગના મહાપુરુષોની પંક્તિમાં દાખલ થયા હોત."

(બીજી નાની પણ મહત્ત્વ ધરાવતી ભૂલોય નજરે ચડે છે. દા.ત. નવલરામ જ. ત્રિવેદી તેમના સં.સુ.રે.માં એવું જણાવે છે કે, (પા. ૨) 'માનવધર્મસભાની હકીકતનું દફતર મહેતાજીએ લખ્યું છે. તેમાંથી અર્ધું ચૌટાની નિશાળ બળી તેમાં બળી ગયું, ને બાકીનું અર્ધું મહેતાજી પાસે રહ્યું હતું. તેમ જ ઈ.સ. 1853થી મહેતાજી પોતાના જીવનની ખાનગી નોંધ લખવા માંડ્યા હતા, તે બંને સ.બા. મહીપતરામે લખેલ 'દુર્ગારામ ચરિત્ર'માં આપવામાં આવેલ છે. x x x આનો જ આધાર લઈ શ્રી પ્રિયોલકર એવુ લખે છે કે - 'સભાનું અરધું દફતર તેમની શાળા કોઈ દુષ્ટોએ બાળી નાખી તે વેળા આગનું ભોગ બન્યું. અરધું બાકી રહ્યું તે ઉપરથી દુર્ગારામે પોતાના જીવનવૃત્તાંતની ખાનગી નોંધ 1853માં લખાવવાની શરૂઆત કરી હતી, તેના ઉપરથી રા.સા. મહિપતરામ રૂપરામે 'દુર્ગારામ ચરિત' એ પુસ્તક તૈયાર કર્યું.' (દાદોબા ચરિત્ર' પા.249)

27. મારી હકીકતના આધારે

28. આ દોલતરામ વકીલ હશે. કેટલાક પાંચ દદ્દામાં દામોદરદાસને બદલે એમનું નામ મૂકે છે. (જુઓ સ.સુ.પૃ.17) આ ગૃહસ્થ સુધારાના સાથી તરીકે જેમની ગણતરી કરેલ છે તે દોલતરામ કેશવરામ હશે. (દુ.ચ. પા. 28) અને પાછળથી વિરોધમાં પડ્યો હશે, એમ લાગે છે.

29. 'મારી હકીકત', પૃ. 40

30. સુરત બાદ અમદાવાદમાં પહેલવહેલું શિલા છાપખાનું 1846-47 (સં. 1902-03)માં બજીભાઈ અમીચંદે નાખ્યું હતું; તેમાં આ બુધવારિયું પ્રગટ થવા લાગ્યું હતું ('કવીશ્વર દલપતરામ' ભા. 2, પૃ. 84)

31. કૃષ્ણલાલ મો. ઝવેરીના પિતામહ : માહિતીનો આધાર - 'અર્વાચીન ગુજરાતી શિક્ષણનાં 125 વર્ષ.'

32. આ જ ગ્રેહામ સાહેબની સાથેના અણબનાવથી મહેતાજીને રાજકોટ બદલી થયાનો ઉલ્લેખ આગળ આવી ગયો છે.

33. 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન' ખંડ-1, પૃ. 263

34. 'દુર્ગારામ ચરિત્ર', પૃ. 9-10

35. કવિ દલપતરામે જાતે જોયેલ પ્રસંગ ('કવીશ્વર દલપતરામ' ભા. 2, પૃ. 107-08)

36. જૂનું નર્મગદ્ય, પૃ. 418

37. જૂનું નર્મગદ્ય, પૃ. 416

38. 'દુર્ગારામ ચરિત્ર', પૃ. 60

39. 'નવલગ્રંથાવલિ', ભા. 1 પૃ. 146

40. રામમોહન રાય આ અમલદારના ખાનગી 'મુનશી' તરીકે કામ કરતા હતા, જેણે રામમોહન રાયને અસાધારણ સાથ અને પ્રેરણા આપી (જુઓ 'Rammohan Roy', Ch. 4)

41. ડેવિડ હૅર : ઘડિયાળી વેપારી હતો. ખૂબ ધન કમાઈ ને તે કલકત્તામાં સ્થાયી થયો હતો. 1815માં રામમોહન રાયે 'આત્મીય સભા' શરૂ કરી ત્યારે કશા આમંત્રણ વિના તે તેમાં હાજર થયો હતો. અને ત્યારથી તેનું આખું કુટુંબ રામમોહનનું આત્મીય બની ગયું હતું.

42. Notes on the Bengal Renaissance પ્રકરણ 3. અહીં, એવી પણ એક નોંધ મળે છે કે એક ડેરોઝિયન સંન્યાસી બની કાઠિયાવાડ ચાલ્યો ગયો અને ત્યાં તેણે કોઈ રજવાડા સામેના પ્રજાકીય બંડમાં ભાગ લીધો હતો.

43. માતૃભાષા બંગાળી દ્વારા સાધારણ પ્રજાજન સુધી જ્ઞાનની અપૂર્વ જ્યોત (ધર્મના મૂળ ગ્રંથોના અનુવાદ, મૌલિક સિદ્ધાંતચર્ચાના ગ્રંથ, માસિકપત્રો, વ્યાકરણનું પુસ્તક વગેરે દ્વારા) પહોંચાડનાર રામમોહન રાયે કૉલેજના શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષાનો આગ્રહ સેવ્યો હતો! ('Social Reform in India', P.7; 'Social Background of Indian Nationalism', p. 134.)

અલબત્ત, અમારે (ભો. ગાં) મતે અંગ્રેજી ભાષાનું માધ્યમ તે સમયમાં 'Liberating force' હતું, તે જતે દિવસે 'Imperialistic force' બની ગયું .....

રામમોહન રાય તો એટલી હદે ઇચ્છા ધરાવતા હતા કે, અંગ્રેજો હિંદમાં એવી રીતે કામ કરે કે ઇંગ્લંડ તે હિંદનું લોહી ચૂસી તેને ફીકુંફચ કરી મૂકનારું ભૂત બનીને ન રહે; પણ ઇંગ્લંડ અને હિંદનાં લોહી, તેમનું સોનું, ને તેમના વિચારો એકબીજા સાથે ભળી જાય. તેમણે તો આગળ વધી એટલે સુધી ઇચ્છા રાખેલી કે હિંદી પ્રજા અંગ્રેજીને પોતાની રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારે, હિંદી સમાજમાં પશ્ચિમી સભ્યતા દાખલ કરે, અને પછી આઝાદી મેળવી એશિયાના બાકીના ભાગમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવે. ('શ્રી રામકૃષ્ણ પરમહંસ', પૃ. 155-56 )

અલબત, આ પ્રકારની શ્રદ્ધા અને ઇચ્છા આજે તો આપણને તરંગી જ લાગે છે, પરંતુ, પશ્ચિમી – અંગ્રેજી પ્રજાઓની પૂર્વે, ભારતમાં રાજકર્તા તરીકે આવી વસેલી અને ભારતના સંસ્કાર જીવનમાં ઓતપ્રોત બની ગયેલી અનેક પ્રજાઓની જેમ, અંગ્રેજો પણ ભારતની પ્રાચીન તત્ત્વપ્રણાલીની શ્રેષ્ઠતા અપનાવી લઈ, ભારતને પોતાની ભૌતિક અને ભાષાકીય પ્રગતિનું પ્રદાન કરી વિશ્વઐક્ય સ્થાપે એવી ઝંખના આની પાછળ હશે.

**(સદ્ભાવ : "વિશ્વમાનવ" મે 1960. ભોગીલાલ ગાંધીકૃત 'મિતાક્ષર'; પહેલી આવૃત્તિ : 1970 – પૃ. 168 -217)**

.............................

## મેટ્રોગર્લનું મૌગ્ધ્ય

• પંચમ શુક્લ

**સૂડાને સોનેરી સાંકળે રાખી**
**કરાવે ગેલ મકૉઉને;**
**એવા ઘેલસા'ગરા દેશીને**
**સખી ના હાર પે'રાવું રે !**
**એના પુચ્છની પૂંઠે, અડવી ટૉબી-ટૉલ ઉડાડું રે !**

**મજેથી જિંદગી આખી;**
**જીન્સ-ને-ટૉપ-ને-બોબ્ડે'રુંમાં ઝૂલતી-**
**રૂડાં ગોરમા પૂજું રે !**

**સખી, આ મોળાકતમાં મીઠું વલખી;**
**પિસ્તા, કાજુ, દ્રાખની હારે ... ચેરી ચોળું રે !**

**સખી, કો દિ મન પડે તો ...**
**શૂરસેનીની સાખે, કરતા સાલસા-ટૅંગો;**
**ઝબકારાઓ લાલ, પીળા હું પંડમાં ઓરું રે !**

# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું …



૨૨ સપ્ટેમ્બર ૧૯૩૧. આશરે ૮૦ વરસ પહેલાંની ઐતિહાસિક ઘટનાની આ છબિ છે. 'લંડન એક્સપ્રેસ / ગેટી ઈમેજિસ' દ્વારા લેવાયેલો આ ફોટો 'બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ સર્વિસ'ની વેબસાઈટ પરેથી, સૌજન્યતાએ, મેળવાયો છે. મોહનદાસ કરમચંદ ગાંધી પૂર્વ લંડનના કેનીંગ ટાઉન ખાતે, વિશ્વવિખ્યાત કલાકાર ચાર્લી ચેપ્લિનને મળવા ગયા, ત્યારનું આ દૃશ્ય છે. અસંખ્ય માનવમેદની વચ્ચે મહાત્મા ગાંધી મોટર ગાડીમાંથી ઊતરતા હોય તે વેળાનું દૃશ્ય આ છબિમાં ઝીલાયું છે. હિંદી બંધારણમાં સુધારાવધારા બાબત વિચારણાને સારુ, લંડનમાં, આ અરસામાં, ગોળમેજી પરિષદ મળી હતી. હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રતિનિધિ તરીકે મહાત્માજી લંડન આવ્યા હતા અને આ પરિષદમાં ભાગ લઈ રહ્યા હતા.

ગોળમેજી પરિષદ ટાંકણે, કામદારોના વિસ્તારમાં જ રહેવાનો ગાંધીજીએ આગ્રહ રાખેલો અને એમના માટે બૉ વિસ્તારમાં આવ્યા 'કિંગ્સલી હૉલ'માં ઊતારાનું નક્કી થયું. તે દિવસોમાં આ સ્થળે જે સામાજિક કેન્દ્ર ચાલતું હતું તેનું સંચાલન ઈસાઈ શાન્તિવાદી મુરિયલ લેસ્ટર કરતાં હતાં. 'એન્ટરટેઈનિંગ ગાંધી' નામની તેમની ચોપડીમાં આ ઘટનાની રોચક વિગતો જોવા મળે છે. ૧૯૩૨માં આ પુસ્તક પ્રકાશિત થયું હતું. ગાંધીજીની વિવિધ મુલાકાતો અહીં આ પુસ્તકમાં નોંધાઈ છે. ગાંધીજી ચાર્લી ચેપ્લિનને મળ્યા તેની ય વિગતો છે :

'પોતાના ખોળામાં એક તાર-સંદેશ લઈને ગાંધી બેઠા હતા, તેવું મને સ્પષ્ટ સાંભરે છે. એમના મોં પરે ભારોભાર આશ્ચર્યનો ભાવ વર્તાતો હતો. એમની ચોપાસ એમના મંત્રીઓ બેઠા હતા અને તારનો શો જવાબ વાળવો તેની ગડમથલમાં હતા. ખંડમાં જેવી હું દાખલ થઈ, તે વેળા, મને સમજાવા લાગ્યું કે નકારાત્મક દલીલો શાંતિનો ભંગ કર્યા કરતી હતી. 'એ તો વિદૂષક છે. તેમને મળવા જવાનો કોઈ અર્થ છે જ નહીં.' તે તાર-સંદેશનો નકારાત્મક જવાબ વાળવાનું નક્કી થયું અને મેં લાગલા તે પરનું નામ વાંચ્યું.

'બાપુ, તમે તેનું નામ સાંભળ્યું જ હશે ને ?' મેં પડપૂછ કરી. મને ભારોભાર તાજૂબી હતી. એમના મંત્રીઓ પાસેથી જે ઉત્તરની અપેક્ષા ગાંધીજીને હતી તે મેળવવા, જાણે કે, મારી તરફ વળી, તારના જવાબવાળો પાતળો કાગળ પાછો હાથમાં લેતા લેતા એમણે ઉત્તર વાળ્યો, 'ના'.

મેં કહ્યું, 'તે ચાર્લી ચેપ્લિન છે ! તે જગત ભરમાં જાણીતા માનવી છે. તમારે તેમને ચોક્કસ મળવું જોઈએ. સામાન્ય લોકોનાં જીવનને તેમણે તેમની કલામાં સતત કેન્દ્રસ્થ રાખ્યું છે. તમે જે પ્રકારે છેવાડાના માણસોને સમજો જાણો છો, તે જ રીતે, તે ય સમજે જાણે છે. તેમનાં ચલચિત્રોમાં તેનું જ સદાય દર્શન રહેતું હોય છે.'

આ ઘટનાના બીજા અઠવાડિયે, જાણીતા હિંદી દાક્તર ડૉ. કતિયાલના કેનીંગ ટાઉનના બેકટન રોડ પર આવ્યા નિવાસસ્થાને, આ બે મહાપુરુષોનું મિલન થયેલું. એ દિવસો દરમિયાન, પૂર્વ લંડનનો આ નિર્ધનોનો લતો ગણાતો હતો. આ બંને જગવિખ્યાત મહાપુરુષોનાં આ મિલનના પંડે સાક્ષી બનવા સેંકડો લોકો આ મકાનની આસપાસ એકત્ર થયેલા, તે વેળાની આ છબિ છે.

કહેવાય છે, આ મિલનને અંતે ગાંધીજીએ ચેપ્લિનને પૂછ્યું : 'અમે અહીં પ્રાર્થના કરી શકીએ કે ?' યજમાને જવાબ વાળ્યો : 'તેને સારુ અહીં પૂરતી જગ્યા જ નથી.' ગાંધી કહે : 'તમે સોફા પર બેસજો, અમે ભોંય પર બેસી જઈશું.' અને પછી ગાંધીજી તથા એમના સાથીદારોએ ત્યાં પ્રાર્થના કરી. આ ઘટના અંગે ચાર્લી ચેપ્લિને લખ્યું છે : 'ગાંધી અને એમના માણસોને મારી હાજરીમાં નીચે જમીન પર બેસતાં લગીર ભોઠપ લાગી નહોતી, પરંતુ હું તો ભારોભાર શરમ અનુભવી રહ્યો હતો. સોફા પર હું બેઠો હતો અને ગાંધી તેમ જ એમના સાથીદારોને હું નીચે બેઠેલાં દેખતો હતો.'

# આ કાયા કેરું કારાગાર

• મધુ રાય

**આકાશે આ ડાયરીમાં તબીબી પ્રક્રિયાઓનાં વર્ણન, આંકડા, થેરપિસ્ટો સાથે પોતાના અટકચાળાની વાતો, અને આ મહિનાઓ દરમિયાન પિતા-માતા-પુત્ર ત્રણેનો આત્મા કેવો એક થઈ ગયો તેની પણ ચર્ચા કરી. આ કિસ્સામાં દરદી એક નહીં ત્રણ હતા અથવા તે દરદ ત્રણ ભાગમાં વહેંચાયેલું હતું, અથવા આકાશ કહે છે તેમ, દર્દ ત્રણગણું વિસ્તરેલું હતું.**



સોળ વરસનો આકાશ શુક્લ દોસ્તો સાથે ફિલ્મ જોવા ગયો ને થિયેટરમાં એક કામણગારી ગોરી કન્યા સામે તેણે ઉત્સાહથી સ્મિત કર્યું, પણ છોકરીએ તેને બચ્ચું સમજી મોં ફેરવી લીધું. છએક દાયકાઓથી 'સમય' સામાહિક ચલાવતા સુરેન્દ્રનગરના પત્રકાર ભાનુભાઈ શુક્લ કવિ છે, તેમના અમેરિકાસ્થિત ઉદ્યોગપતિ પુત્ર રાહુલ શુક્લ વાર્તાકાર છે, અને રાહુલભાઈનો એન્જિનિયર પુત્ર આકાશ લેખક છે.

આકાશની આ વારસાગત બક્ષિસ આમ સરિયામ ઊતરી છે, કિન્તુ વિધાતાના અકળ સમીકરણથી તેના પિતા અને પિતામહ પૂર્ણ કાઠીના હોવા છતાં આકાશ ચાર ફૂટ સાડા અગિયાર ઇંચ (૧૫૧ સેમી) ઉપર આવીને વિરમી ગયેલો. વ્યાયામ, દવાઓ, વિટામિન, થેરપી એમ અનેક ઉપચાર પછી ડોક્ટરોએ ખિન્નતાથી ભાખેલું કે હવે તે વધશે નહીં.

તેજસ્વી, અટકચાળો, હસમુખો આકાશ આમ નાની કાયાના કારાગારમાં કેદ હતો, થિયેટરમાં થયો તેવો 'જાકારા'નો અનુભવ તેને વારંવાર થતો હતો જેનો અજંપો તેને અને તેનાં કરોડપતિ માતાપિતાને કસ્તરની જેમ ખૂંચતો હતો.

ભગવાને આપ્યું તે માથે મૂકીને સ્વીકારી લેવાને બદલે સાહસી, ઉત્પાતી તાસીરવાળા રાહુલભાઈ કુદરતના આ અકાટ્ય તર્કને કાપવા, ને આકાશની ઊંચાઈ વધારવાનો કોઈ ઉપાય સતત શોધતા હતા.

ચાર વર્ષના તપ પછી અચાનક ઇન્ટરનેટ ઉપર એક ક્રાંતિકારી ઉપાય દેખાયો. રોમાંચથી ને હેબતથી તેમનાં રુંવાડાં ઊભાં થઈ ગયાં. દીકરાના પગના હાડકાં કાપી તેના કપાયેલા છેડાઓની વચ્ચે નવું હાડકું વધારી શકાય! અવિશ્વાસથી રાહુલભાઈ તે પાનું જોતા રહ્યા ને પછી કલાકો સુધી તે બાબતનું સંશોધન કરતા રહ્યા.

સર્જરીમાં પગનાં હાડકાં કરવતથી કાપવાનાં? ઓહ ગોડ! પછી કપાયેલા છેડા દોરો દોરો સરકાવવાનાં? જિસસ! એવાં એક કે બે નહીં કુલ ત્રણ ઓપરેશન? માઈ ગોડ! મહિનાઓ સુધી આકાશની ચોવીસ કલાકની સારવાર? ત્રાડો પાડવી પડે તેવી અકલ્પ્ય વેદના? લાખોના લાખોનો ખર્ચ?

આ વાત તેમણે પત્ની મીનાબહેન અને પુત્ર આકાશને કરી ત્યારે એક ક્ષણ બ્રહ્માંડ સ્તબ્ધ થઈ ગયું. મહિનાઓ સુધી પરિવારે તેની ઉગ્ર ચર્ચા કરી. ઓપરેશનની નારકીય વેદના, તેના લાખોના ખર્ચ પછી પણ કદાચ નવું હાડકું ન ઊગે તો? ખોડ રહી જાય તો? પણ ઊગે તો દીકરો પાંચ ફૂટ બે ઈંચ જેવા સ્વીકાર્ય કદનો થાય. કામણગારી કન્યાના જાકારાથી દુભાયેલા આકાશે વેન લીધું કે ભલે જે થવાનું હોય તે થાય, ડૂ ઈટ!

અને આમ મંડાયો ડઝનબંધ ડોક્ટરો, વિધવિધ સર્જનો, એકાધિક થેરાપિસ્ટો, કુડીબંધ દવાઓના સરંજામ સાથે કુદરત સામેનો રૌદ્ર સંગ્રામ! જુદાં જુદાં રાજ્યોના વરિષ્ઠ તજજ્ઞો સાથે ધડકતા દિલે સંવાદ, ઊભરાતી ઉમેદ અને ઘેરાતી આશંકા. અનેક અવઢવ, કચવાટ ને આશંકા વચ્ચે પહેલું ઓપરેશન થયું, આકાશના પગે નશ્તર મુકાયું, તેના પગમાં લોઢાનાં ગોળ જંતરડાં ખોડાયાં, હાડકાંમાં સ્ક્રૂ ખુંચાડાયા, અને દિમાગમાં આશાનાં બીજ રોપાયાં.

આકાશ પથારીવશ થયો, રાહુલભાઈની હવેલીમાં વ્હીલચેર માટે નવા રેમ્પ મુકાયા, ને આકાશને વ્હીલચેરમાં બેસાડી ઘરે લવાયો. નીચેનો ગેસ્ટરૂમ હોસ્પિટલની રૂમમાં ફેરવાયો. ભીંતે બ્લેકબોર્ડ ખોડાયાં.

આકાશની દૈનિકચર્યામાં રજેરજની સતત સહાય આપવી, ટકોરાબંધ દવાઓ ખવડાવવી, હાડકાંના સ્ક્રૂ સમયસર મિલિમીટર મિલિમીટર ફેરવવા, પગની સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રગતિની નોંધ રાખવી, ડોક્ટરો, થેરપિસ્ટોની એપોઈન્ટમેન્ટ સાચવવી. આકાશનાં માતાપિતા મીનાબહેને અને રાહુલભાઈએ આ બધી કામગીરી માટે જાતે ભેખ લીધો ને દારુણ વેદનાથી ચિંઘાડતા દીકરાને સાચવ્યો, સમજાવ્યો, હસાવ્યો ને લડાવ્યો.

બીજું ને ત્રીજું ઓપરેશન થયું. દરમિયાન તેના અમાનુષી 'અત્યાચાર'માંથી માનસિક 'વેકેશન' મેળવવા આકાશે ડાયરી માંડી: કોને મળ્યા, કોણ મળવા આવ્યું, કોનો ઈમેઈલ આવ્યો, કોને લખ્યો, કોને ફોન કર્યા, કોના આવ્યા, કેટલીવાર ઊલટી થઈ, કેટલું રડ્યા, કેટલીવાર માથાં પછાડ્યાં, કઈ ટીવી સિરિયલ જોઈ.

આકાશે આ ડાયરીમાં તબીબી પ્રક્રિયાઓનાં વર્ણન, આંકડા, થેરપિસ્ટો સાથે પોતાના અટકચાળાની વાતો, અને આ મહિનાઓ દરમિયાન પિતા-માતા-પુત્ર ત્રણેનો આત્મા કેવો એક થઈ ગયો તેની પણ ચર્ચા કરી. આ કિસ્સામાં દરદી એક નહીં ત્રણ હતા અથવા તે દરદ ત્રણ ભાગમાં વહેંચાયેલું હતું, અથવા આકાશ કહે છે તેમ, દર્દ ત્રણગણું વિસ્તરેલું હતું.

આખરે આકાશના પગેથી લોઢાનાં જંતરડાં છૂટ્યાં, તેની ઊંચાઈ બે ઈંચ વધી, રૂઝ આવ્યા બાદ તેણે ભીંતે લાત મારી, પછી તે ત્રણ માઈલની રેઈસમાં દોડ્યો. આકાશની ડાયરીને તેના પિતાએ ખંતથી, વહાલથી સમારી, વધારી, કાતરી, વ્યવસ્થિત કરી. ને તેનું ૨૪૦ પાનાંનું અંગ્રેજી પુસ્તક 'મેઝર ઓફ એ મેન: બાય આકાશ શુક્લ વિથ રાહુલ શુક્લ' ફ્લોરિડાની લૂમિના પ્રેસે પ્રકાશિત કર્યું ને તેના પિતામહ ભાનુભાઈ શુક્લએ તેનું લોકાર્પણ કર્યું.

તેની આ મમતપૂર્વકની લડતની નોંધ અમેરિકાનાં વર્તમાનપત્રો, સામયિકો ને ટીવીએ લીધી, તેની વેબસાઈટ ખૂલી: આકાશની કીર્તિ થઈ ને આજે નખશિખ નરવો આકાશ કારાઓકીમાં હિંદી ફિલ્મોનાં ગીતો ગાય છે, દોસ્તો સાથે અમેરિકન મૂવિઝ જોવા જાય છે, ને યસ, કામણગારી કન્યાઓનાં ચિતડાં ચોરે છે.

કેવળ બે ઈંચની વૃદ્ધિથી જ તેમ થયું છે તેવું નથી, પરંતુ પોતે હવે 'વામન' નથી તેનો ગર્વિષ્ઠ અહેસાસ આપણા જણની ચિબુક ઉપર ને ચહેરા ઉપર ને ચાલમાં વરતાય છે, જે કામણગારી કન્યાઓની કાયાઓને આકર્ષે છે (કાવ્યાભાસી કથન માટે સોરી). તેની રામકહાણી ક્યારેક ચકિત, ક્યારેક રોમાંચિત, ને ક્યારેક ગળાગળા કરે તેવી છે.

(પુસ્તક amazon.com,, વીડિયો measureofaman.us, માહિતી akashshukla.com.) જય 'સમય'!

**(સદ્દભાવ : 'કળશ' પૂર્તિ, "દિવ્ય ભાસ્કર",૪.૪.૨૦૧૦)**

•

## બ્લૉગજગતને તીરે (નાળે) તીરે (નાળે)

• પંચમ શુક્લ

આ જોડણી, આ કોશને પૂંઠે દબાવી દઉં,
આ સાર્થ-ઊંઝા દોષને પૂંઠે દબાવી દઉં.
અકરાંતિયા માફક મળે તે ઝટ ગટર ઓરું,
હર સ્વાદના સંતોષને પૂંઠે દબાવી દઉં.
આ બોલનારા એમ ભસનારા કરડનારા,
નપુસંક સહુના રોષને પૂંઠે દબાવી દઉં.
મણમણની સોફાવ્યાં છતાં હૈયે નથી ટાઢક,
દિવેલ દઈ આક્રોશને પૂંઠે દબાવી દઉં.
આનંદથી, થઈ બેફિકર, ગમતું ઘસે રાખું,
વાચાળ-ને-ખામોશને પૂંઠે દબાવી દઉં.
આ શબ્દની બેઠક ઊપર બેઠા પછી છાનું,
મસૃણ આઠે ઠોસને પૂંઠે દબાવી દઉં.

હું એમ સમલૈંગિક ચુંબનની ઘડી ઉજવું,
મુજ ઓષ્ઠ પરના ગ્લૉસને પૂંઠે દબાવી દઉં.
એ પાર્વતીનું શવ લઈ તાંડવ રચે પહેલા,

# ગુજરાતની અસ્મિતા : વહેણ અને વમળ

• અબ્દુલકાદર કાસમભાઈ મેતર

**પ્રસ્તાવના :** ગુજરાતને પુરાતત્ત્વ અને ઈતિહાસની દૃષ્ટિએ જોઈએ તો સિંધુ સંસ્કૃતિના ભાગ લેખે, વાયવ્ય ખૂણેથી જુદા જુદા સમુદાયો આવ્યા હશે અને અહીં વસતી આદિવાસી ભીલ પ્રજા સાથે સંસર્ગમાં આવ્યા હશે. પાંચ હજાર વર્ષ પૂર્વે શ્રીકૃષ્ણની સાથે યાદવો મથુરાથી ગુર્જર પ્રદેશ પશ્ચિમ દિશાએ આવ્યા હશે. બે હજાર વર્ષ પૂર્વે શક અને કુશાનો ઉત્તરેથી આવીને અહીં રાજકર્તા બન્યા હશે. ગુજરાતની રાજધાની ગિરિનગર જૂનાગઢ બાદ વલ્લભી વિકસી હશે. ત્યાર બાદ પાટણમાં પહોંચી. તે ગાળામાં હૂણો અને ગુર્જરો મધ્ય એશિયાની સંસ્કૃતિ ગળથૂથીમાં લઈને આવ્યા હશે.

આ પ્રજાઓ ભૂમિ માર્ગેથી આવી. પરંતુ આરબ અને ઈરાની સોદાગરો ગુજરાતના બંદરો પર આવી વેપાર કરતા હતા, એવું અભિલેખોને આધારે તેમ જ આરબ મુસાફરોનાં વૃત્તાંતો પરથી કહી શકીએ. તે જ રીતે પારસીઓ સમુદ્ર માર્ગે આવી દૂધમાં સાકરની જેમ ભળી ગયા. આ રીતે તુર્ક, આરબ, ઈરાની, અફઘાની, મોગલ જે મધ્ય એશિયામાંથી સૈનિક તરીકે, તેમ જ ગુલામ તરીકે આવેલા સીદીઓ, બધા ઈસ્લામ ધર્મના અનુયાયીઓ પણ તેરમી સદી પછી ગુજરાતને પોતીકુ બનાવીને વસ્યા, આને પરિણામે ગુજરાતમાં પંચરંગી અવનવી રંગછાયાઓ ઉપસી. એ સઘળી રંગ છાયાઓ આજના ગુજરાતના પહેરવેશમાં, ખાનપાનમાં અને વાણીમાં અભિવ્યક્ત પામી છે. આજે જેને આપણે ગુજરાતની વિશિષ્ટ સંસ્કૃતિ ગણીએ છીએ, તે વાસ્તવમાં આદિવાસીઓના આરંભિક કાળથી શરૂ કરી, સિંધુ સંસ્કૃતિથી અંગ્રેજોનું શાસન સ્થપાયું, ત્યાર સુધીની, હજારો વર્ષથી આવીને વસેલી પ્રજાઓના પરિણામથી સંયુક્તરૂપે વિકસેલી સંસ્કૃતિ છે.

કનૈયાલાલ મુનશીએ 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના આશ્રયે, ઈ.સ. ૧૯૩૯માં, પાટણ મુકામે યોજાયેલ 'શ્રી હેમસારસ્વત જ્ઞાનસત્ર'ના પ્રમુખ સ્થાનેથી આપેલા વ્યાખ્યાનમાં જણાવેલ હતું કે 'આજે આપણે જેને ગુજરાત કહીએ છીએ એના પિતા તો છે સિધ્ધરાજ. મૂળરાજે જે જે શરૂ કર્યું તે એના વંશજે પૂરું કર્યું. ગુર્જર મંડલને લાટ, સોરઠ ને કચ્છ એના બાહુબળે ભેગા મળ્યા અને સતત યુધ્ધોત્સાહમાં એકતા પામ્યા. પણ મેં (ક.મા. મુનશી) ફરી ફરી કહ્યું છે તેમ ગુજરાત પ્રાંત નથી, માત્ર જનસમુદાય નથી, એ તો પેઢી દર પેઢી ગુજરાતીઓએ સંકલ્પપૂર્વક સેવેલી, પેઢીએ પેઢીએ નવી સિદ્ધિ પામતી, સામુદાયિક ઈચ્છા શક્તિએ એ સબબ બનેલી જીવનભાવના છે. એ ભાવનાનું તીવ્ર ભાન તે 'ગુજરાતની અસ્મિતા.''

**ગુજરાતમાં નવજાગૃતિની શરૂઆત :** ઓગણસમી સદીમાં પાશ્ચાત્ય શિક્ષણ અને સભ્યતાના પ્રભાવથી ગુજરાતમાં જે નવજાગૃતિ આવી હતી તેના પરિણામે સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે જે નવી વિચારસરણીઓનો ઉદ્ભવ થયો હતો તેની અસર વીસમી સદીમાં ચાલુ રહી હતી. આ નવી વિચારસરણીઓના કારણે ધર્મક્ષેત્રે જે ક્રાંતિકારી પરિવર્તન આવ્યું તેની ગુજરાતના સાંસ્કૃતિક જીવન પર નોંધપાત્ર અસર થઈ છે. મુખ્ય બાબત એ છે કે આ સમયગાળામાં શિક્ષણ અને ધર્મ સમાજ સુધારણાનું વાહન બને છે. પાશ્ચાત્ય શિક્ષણ સભ્યતાના પરિચયને કારણે ધર્મ વિશેનો અભિગમ બદલાઈ ગયો, ધર્મ વિશેના રૂઢ અને સંકુચિત ખ્યાલો દૂર થયા અને એ અંગે વિચારણા કરવા માટે ઐતિહાસિક દૃષ્ટિનો વિકાસ થયો, શિક્ષકો અને સમાજ સુધારકોએ સુધારાનો સૂર ધીમે ધીમે સંભળાવીને ધાર્મિક વહેમ, અંધશ્રધ્ધા, મૂર્તિપૂજા તેમ જ કર્મકાંડમાં ડુબેલી ગુજરાતની પ્રજામાં નવું ચૈતન્ય પ્રગટાવ્યું. આ ઉપરાંત યુરોપીય મિશનરીઓની તેમ જ સરકારી નિશાળો, ઉચ્ચ શિક્ષણ આપતી કોલેજો અને યુનિવર્સિટીઓ, છાપખાના, વર્તમાનપત્રો તેમ જ સામયિકો, વ્યવસાયી અને અવેતન રંગભૂમિ, ધર્મ, શિક્ષણ અને સાહિત્યના વિકાસ માટે સ્થાપવામાં આવેલી સંસ્થાઓ ઈત્યાદિને કારણે ગુજરાતમાં આ સમયગાળામાં સાંસ્કૃતિક ઉત્થાનની શરૂઆત થઈ હતી. ગુજરાતના સમજુ અને શિક્ષિત વર્ગમાં પરંપરાગત ધર્મ સંપ્રદાયોના મૂલ્યાંકનમાં ઐતિહાસિક અને વૈજ્ઞાનિક અભિગમ આવ્યો. પરિણામે ધાર્મિક આચાર વિચારમાં પરિવર્તન આવ્યું. બુધ્ધિવાદની સરાણ ઉપર ધર્મ સંપ્રદાયોની કસોટી થવા લાગી.

આ સમયગાળામાં, ઈ.સ. ૧૯૧૫માં, આફ્રિકાથી ગાંધીજીનું ભારતમાં આગમન એ ગુજરાતના ઈતિહાસની એક મહત્ત્વની ઘટના છે. વીસમી સદીના ભારત કે ગુજરાત પર જ નહિ, પરંતુ સમગ્ર જગત પર ગાંધી વિચારસરણીનો પ્રભાવ પડ્યો હતો. અસ્પૃશ્યતા નિવારણ અને 'હરિજન ઉધ્ધાર'નાં કાર્ય દ્વારા ગાંધીજીએ હિન્દુ ધર્મના રૂઢ આચારોમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા અને પ્રજામાં 'સર્વ ધર્મ સમભાવ'ની ભાવના જાગૃત કરી. મહાત્મા ગાંધીજીના પ્રભાવ હેઠળ કિશોરલાલ મશરૂવાળા, કાકાસાહેબ કાલેલકર, કેદારનાથ, સ્વામી આનંદ, પંડિત સુખલાલજી, વિનોબા ભાવે અને વિમલા તાઈ જેવાં વિદ્વાનોએ ધર્મનું ચિંતન સામાજિક, રાષ્ટ્રીય અને વૈશ્વીક ભૂમિકાએ કર્યું.

'હિન્દ સ્વરાજ્ય' માં મહાત્મા ગાંધીએ કહ્યા મુજબ ભારતીય પ્રજાની અસ્મિતા મુખ્યત્વે બંગાળના ભાગલાને લીધે ઘડાઈ, અંગ્રેજો તરફથી થતા અન્યાયો અંગે સભાનતા જન્મી અને તેથી આપણામાં એકતા આવી. આ એકતા પાછળની શક્તિ અભય અને આપભોગમાંથી આવ્યાનું ગાંધીજીએ આપણને કહ્યું છે. ઊભા થયેલા અશાંતિ અને અસંતોષને યોગ્ય માર્ગ મળવાથી આ અસ્મિતા રચાઈ હતી. આગવી અસ્મિતાથી રાષ્ટ્રની અવધારણા પણ મજબુત થઈ. સ્વરાજ પૂર્વે ઊભી થયેલી રાષ્ટ્રીય અસ્મિતામાં સાંસ્કૃતિક, મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક તત્ત્વો જોવા મળ્યા હતા. આ તત્ત્વો આપણી સભ્યતાના પણ સૂચક છે.

શું ભારત કે ગુજરાતની અસ્મિતા અને વૈશ્વીક અસ્મિતા વચ્ચે ટકરાવ છે? છેક ઈસ્વી સનની પાંચમી સદીમાં પાણિનિએ 'અષ્ટાધ્યયી'માં કચ્છ, સૌરાષ્ટ્ર, વલ્લભીપુર, આનર્ત, મહીં પ્રદેશ બતાવેલ છે. દસ હજાર વર્ષના અહીં કચ્છમાં 'લોથલ' સંસ્કૃતિના અવશેષો આજે પણ હયાત છે, જેને અમેરિકાના પૂર્વ પ્રમુખ બીલ ક્લીંટન નજરે જોવા આવ્યા હતા..

હકીકત એ છે કે હજારો વર્ષથી ગ્રીસ, રોમ, બેબીલોન સાથે ગૂગળ, હાથીદાંત, અકીક, પન્ના, સુતરાઉ, રેશમી કાપડનો વેપાર થયેલો છે. અહીં ગુજરાતમાં શૈવ, વૈષ્ણવ, સૂર્ય, બૌધ્ધ, જૈન જીવન પ્રણાલી છે. શક, હૂણ, મૈત્રક, બર્બર, ગુર્જર, બ્રાહ્મણ, ચાલુક્ય છે. સોલંકી વંશ પણ છે. ગુર્જર પરથી ગુજરાત થનાર આ મુલકને સોલંકી શાસને એકતા અર્પી હતી. આજથી એક હજાર વર્ષ પૂર્વે જ 'ગુજરાત' નામ આ પ્રદેશને સાંપડ્યું.

૧૨મી સદીમાં સોલંકી વંશે આરંભેલી ગુજરાતની ગાથા કરણઘેલોના રાજ સુધી રહી હતી. ૧૩મી સદીમાં ખીલજી, ગુલામ, તુઘલખ વંશો અહીં આવીને વસ્યા હતાં. ૧૫મી સદીમાં અહમદ શાહ બાદશાહે પાટણથી નવી રાજધાની અમદાવાદ વસાવી ગુજરાત પર રાજ કરતા હતાં. તેમના વંશજ મેહમુદ બેગડોએ જૂનાગઢ, કચ્છ, સિંધ, ચાંપાનેર સુધી રાજ્યનો વિસ્તાર કર્યો હતો. તે બાદ મોગલ, ફિરંગી અને અંગ્રેજ આવ્યાં. સોળમી સદીમાં ગુજરાતી ભાષાનું લેખિતરૂપ બંધાયું, નરસિંહ, મીરાં, ભાલણ, નાકર વગેરેએ ભાષાને આંકી સંસ્કૃત, પ્રાકૃત, પાલી દ્રવિડ, ફારસી, અરબી, ઉર્દૂ, રાજસ્થાની હિન્દીના મિશ્રણથી બનેલી રચનાઓ ગુજરાતમાં થતી રહી. લોક એની બોલીમાં જીવતું રહ્યું. દેશી પરદેશી ભાષા સાહિત્યનાં સ્વરૂપો એકમેકમાં ઊતરતા રહ્યા. કચ્છ, કાઠિયાવાડમાં સૂફી, નિર્જાર સ્વર પ્રસર્યા, આદિવાસી, મહામાર્ગ, હિન્દુ, ઈસ્લામ, પારસી, જૈન, શૈવ, સ્વામીનારાયણ, પ્રણામી ધર્મ, આર્યસમાજ, કબીરપંથ વગેરેની જીવન પ્રણાલીએ એકમેકમાં ગુંથાઈ છે. નાની મોટી સૌ જાતિઓની ઓળખ ખુલ્લી આવી છે. વિવિધ રંગી સમૂહો અહીં અડતા આખડતા માનવરંગી જીવ્યા છે. વેપાર, કારીગરી, ફક્ત મજૂરી વગેરેના આધારે લોક 'આ અમારી ગુજરાત' કરતી પેઢીઓને આગળ ચલાવે છે. દેશ પરદેશમાં જઈ ગુજરાતનું નામ રોશન કરે છે.

'ગુજરાત રાજ્ય' તથા 'ગુજરાતી ભાષા'ને તેની પહેલવહેલી ઓળખ મળી ત્યારથી આજ લગતમાં તેમાં અનેકવિધ પરિવર્તનો આવતા રહ્યાં

છે. તેથી સ્વાભાવિક રીતે જ ગુજરાતની અસ્મિતા પણ સમયે સમયે નવા નવા અર્થો ધારણ કરતી રહી છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં તથા વીસમી સદીના પૂર્વા-ર્ધ દરમિયાનના એક સદીના અંગ્રેજી શાસિત મુંબઈ રાજ્યના કાળમાં ગુજરાત અને ગુજરાતના અર્થસંકેતો જુદા હતાં. ઈ.સ. ૧૯૬૦ પછી, ગુજરાત રાજ્યની સ્થાપના બાદ, આજ દિન લગી, એના અર્થસંકેતો બદલતા રહ્યા છે. ગુજરાતમાં અસ્મિતાની વાત કરીએ ત્યારે ગુજરાતના માલેતુજાર, ધનિક, ઉચ્ચ વર્ણીય જ્ઞાતિના સમૂહો જ પ્રકાશમાં આવે અને બીજા બધા સમૂહો હાંસિયામાં રહી ન જાય તેની કાળજી રાખવાની જરૂર છે. નહિતર ગુજરાતની અસ્મિતાનું વાસ્તવિક ચિત્ર ઉપસશે નહિં.

આજે જેને આપણે 'પટેલ' તરીકે ઓળખીએ છીએ તે જ્ઞાતિસમૂહ ભૂતકાળમાં 'કણબી' તરીકે ઓળખાતો હતો, પછી 'પાટીદાર' તરીકે ઓળખાતો થયો અને હવે પટેલ તરીકે ઓળખાતો થયો છે. રજપૂતોમાં શરૂઆતમાં 'વજાજી', 'જેસાજી', 'કુંભાજી' વગેરે નામો હતાં. હવે વજેસિંહજી, જશવંતસિંહજી, કુંભદેવસિંહજી એવાં નામો થયાં. પૂર્વ સમાજકલ્યાણ નિયામક જયંત મલકાણીએ 'વાઘરીઝ ઓફ ગુજરાત' પર પુસ્તિકા બહાર પાડી હતી. આજે ગુજરાત વિધાનસભાના ઠરાવ અનુસાર આ જ્ઞાતિ 'દેવીપૂજક' તરીકે ઓળખવામાં આવે છે. બ્રાહ્મણોમાંથી કેટલાક ગામ છોડી નગરના વહીવટમાં આવ્યા અને પોતાને 'નાગર' તરીકે ઓળખવામાં આવે છે. બ્રાહ્મણોમાંથી કેટલાક ગામ છોડી નગરના વહીવટમાં આવ્યા અને પોતાને 'નાગર' તરીકે ઓળખાવી 'અમે બ્રાહ્મણ નથી, નાગર છીએ' તેમ કહેતા. શ્રી નિવાસે આ બદલાતી ઓળખની વાત સંસ્કૃતિકરણથી સમજાવેલી છે.

**પટેલ સમાજનાં વહેણ અને વમળ :** આઝાદી મળ્યા બાદ, સૌરાષ્ટ્ર એક રાજ્ય તરીકે ઉભર્યું હતું. તેના ગાંધીવાદી મુખ્ય પ્રધાન ઉછરંગરાય ઢેબરના જમીન સુધારાના કાનુની પગલાંઓને કારણે નોંધનીય સામાજિક, આર્થિક, રાજકીય અસરો થઈ હતી. આ પગલાંનો લાભ ગણોતિયા એવા પટેલોને મળ્યો અને જમીનના માલિક દરબારો આથી ગુસ્સે થયા. મુખ્યત્વે દરબારો અને પટેલો વચ્ચે જન્મેલા ઘર્ષણ-તાણને કારણે સૌરાષ્ટ્રભરના પટેલો દબાણ હેઠળ આવ્યા. તેમની પર વધેલી ભીંસ અને વર્ચસ્વકારી દરબાર સમૂહના દમનના કારણે ટકી રહેવા માટે પટેલોએ 'ઓળખ' કે 'અસ્મિતા'નું શરણું લીધું એમ કહી શકાય.

આમ જમીન સુધારાને પગલે સર્જાયેલ સામાજિક - રાજકીય ભૂકંપની પાર્શ્વ અસરરૂપે 'પટેલ અસ્મિતા'નું પરિબળ ઉભર્યુ કે જેણે ગુજરાતના સમગ્ર સામાજિક, રાજકીય આર્થિક વ્યવસ્થા પર ઘેરી અસરો જન્માવી, ગુજરાતના સામાજિક રાજકીય માહોલમાં એક વર્ચસ્વકારી પરિબળ તરીકે આ અનન્ય ઓળખે પગદંડો જમાવ્યો જેમાં કૃષિક્ષેત્રે રોકડા પાકોની ખેતી થકી આ સમૂહે સાધેલ 'પ્રગતિ' ઉપરાંત વિશેષતઃ સુરતના હીરા ઉદ્યોગથકી સૌરાષ્ટ્રના પટેલોએ આર્થિક વિશ્વમાં જમાવેલી ધાકનો વિશેષ ઉલ્લેખ કરવો અનિવાર્ય છે. આર્થિક ક્ષેત્રે અભૂતપૂર્વ વર્ચસ્વ વધવાને કારણે પ્રદેશના મુખ્ય પ્રવાહના ચૂંટણીલક્ષી રાજકારણમાં પણ 'પટેલ' પરિબળની પકડ વર્ષો પર્યંત રહી છે. આ 'પટેલ ઓળખે' પટેલ લોકોની વિભિન્ન પેટા કોમોમાં એકતા તો જન્માવી પણ સમગ્રપણે ગુજરાતના સમાજજીવન પર તેમનું પ્રભુત્વ રહ્યું. અર્થતંત્રમાં સાધેલ પ્રગતિના પરિપાક રૂપે ગુજરાતના મુખ્ય પ્રવાહના રાજકારણમાં, પછી તે કોઈ પણ પક્ષ હોય તે એક વર્ચસ્વકારી પરિબળ તો બની જ રહ્યાં પણ સાથે નાગરિક સમાજની વિભિન્ન સંસ્થાકીય પ્રવૃત્તિઓ પર પણ તેમની પકડ રહી. વિશેષ: તો પોતાની જ્ઞાતિ સભ્યોના કલ્યાણ માટે સામાજિક સંગઠન લક્ષી પ્રવૃત્તિઓની ભરમાર દ્વારા પટેલ સમાજને સમગ્રપણે સામાજિક આર્થિક સુરક્ષા પણ ઉપલબ્ધ થઈ. સુરતનો હીરા ઉદ્યોગ તેની ઉમદા મિશાલ છે. સૌરાષ્ટ્રના વિભિન્ન જિલ્લાઓમાંથી સ્થળાંતરિત થઈ સુરત આવી વસેલા પટેલોની જુદી જુદી પેટાજ્ઞાતિઓના વિભિન્ન સ્તરના સભ્યોને તેણે આર્થિક રીતે પગભર કર્યા, અલબત તે થકી સમૃધ્ધ, માલદાર માલેતુજાર બનેલ બહુ થોડા હતા. પણ સાથે શૈક્ષણિક અને આરોગ્યનાં ક્ષેત્રે શાળાઓ તથા હોસ્પિટલો સ્થાપવાથી માંડીને અનેકવિધ સંસ્થાકીય પ્રવૃત્તિઓ થકી સૂરતના 'સૌરાષ્ટ્ર પટેલ'ના સભ્યોને અનોખું સુરક્ષા કવચ પૂરું પડાયું. બીજી તરફ આ 'પટેલ અસ્મિતા' એક નુકીલી આક્રમકધાર પણ ધરાવે છે. જે હીરા ઉદ્યોગના આંતર જગતની પ્રવૃત્તિઓને લીધે સરકારીતંત્ર અને સુરતના નાગરિક સમાજના હસ્તક્ષેપ થાય છે જેથી સમાજમાં માઠી અસર ઊભી કરે છે. 'પટેલ ઓળખ'નો આ ડરામણો ચહેરો સુરતના હીરા ઉદ્યોગને એક અભેદ્ય દુર્ગ બનાવે છે. મધ્ય ગુજરાતમાં કૃષિક્ષેત્ર રોકડિયા પાકની ખેતી થકી તે વિસ્તારના પટેલોએ પણ પોતાની આગવી ઓળખ બનાવી છે. અલબત્ત આ બંને 'પટેલ ઓળખ' ભિન્ન અસ્તિત્વ ધરાવતી રહે છે. પણ તેણે સંયુક્તપણે ગુજરાતના સમાજજીવન પર જડબેસલાક વર્ચસ્વ જમાવ્યું છે. આ 'પટેલ અસ્મિતા' થકી ગુજરાતના અન્ય સમાજના લોકોને કોઈ ફાયદો થયો છે કે કેમ તે પણ જાણવું જરૂરી છે આ રીતે 'પટેલ અસ્મિતા'ને લીધે વિશાળ જનસમાજને કોઈ લાભ થયો હોવાનું પ્રતિતીપૂર્વક દર્શાવી શકાય તેમ નથી.

હાલમાં ગુજરાત સરકારના ઉદ્યોગપતિઓને સેઝ (SEZ) બનાવવા માટે જમીન ફાળવણીના મુદ્દે જાણીતા ગાંધીવાદી આગેવાન ચુનીભાઈ વૈદ્યે જણાવ્યુ છે કે 'હજારો એકર જમીન તેમના માલિકોને (ખેડૂતોને) વિશ્વાસમાં લીધા વગર તગેડી મૂકવામાં આવે અને વિકાસના નામે ઉદ્યોગો માટે જમીન ફાળવવામાં આવે તે સરાસર અન્યાય છે. ખેતમજૂરો, વિચરતી વિમુક્ત જાતિના સમુદાયો, ગરીબી રેખા હેઠળ જીવન જીવતાં કુટુંબો માટે રાજ્ય સરકાર કશી દરકાર કરતુ નથી તેવી છાપ ઉપસી રહી છે.'

**ગુજરાતની મહિલાઓની વર્તમાન પરિસ્થિતિ :** ગુજરાતમાં દીકરી જન્મી ગઈ અને જીવી ગઈ તો તેને થોડું ભણવા શાળાએ મોકલે તો મોકલે. સરકાર કેળવણી રથ કાઢે અને શિક્ષકો નામ લખે તેથી શું? છોકરીને ઘર બહાર મુકાય જ કેમ? બહુ બહુ તો ચોથા ધોરણ સુધી શાળાએ મોકલે ત્યાં ભણાવી નાખવાની વ્યવસ્થા ભલે હોય, ચાર ધોરણ પાસ બાળકો નિરક્ષર રહે છે તે વાસ્તવિકતા છે. આમ છતાં સમાજમાં શિક્ષણનું મહત્ત્વ સ્વીકારાયું છે અને હવે કન્યા કેળવણીનો વ્યાપ વધ્યો છે, સાથે છોકરાઓ વધુ ભણતાં નથી તેથી શિક્ષિત સ્ત્રીઓના લગ્ન અંગેના પ્રશ્નો ઊભા થયા છે.

ગુજરાતીઓ માને છે કે દીકરીને ઉછેરવામાં તેનાં પોષણ કે ઈલાજની ચિંતા કરવાની જરૂરત નથી. ૧ થી ૬ વર્ષની ઘણી બાલિકાઓ અપોષણથી મૃત્યુ પામે છે. ઈ.સ. ૨૦૦૧માં તેથી જ ૦ થી ૬ વર્ષની ઉંમરના બાળકોમાં દીકરાની ૧૦૦૦ એક હજારની સંખ્યા સામે બાલિકાની સંખ્યા ૮૭૮ હતી. હજુ સુધી ૨૦૦૯માં બહુ સુધારો જણાયો નથી. દીકરીઓને જન્મતાં પહેલાં જ હણી નાખવાની ગુજરાતીઓને સુગ નથી.

ગુજરાતમાં બાળલગ્નો હજુ પણ થાય છે, મોટા ભાગની બક્ષી પંચની પછાતજાતિ, હરિજન, આદિવાસી, વિચરતી વિમુક્ત જાતિઓમાં સાટા પધ્ધતિનો રિવાજ વધારે પ્રમાણમાં થાય છે. કન્યાની સંખ્યા જે જે જ્ઞાતિઓમાં ઓછી થઈ તે તે જ્ઞાતિઓએ સાટાનો રિવાજ કર્યો છે. પહેલાં ઉત્તર ગુજરાતના કડવા પટેલોમાં સાટાની પ્રથા હતી જેમાં દીકરી સાટે દીકરી લેવી, જે કુટુંબમાં દીકરી છે તે કુટુંબમાંથી પોતાના કુટુંબના પુરુષ માટે દીકરી લે તે પ્રથા હવે ઠાકોરો, કોળી પટેલો વગેરે જાતિઓમાં પણ પ્રસરી છે.

દીકરીના ઉછેરથી માંડીને તેના પ્રત્યે આચરાતો ભેદભાવ સર્વતોમુખી છે. ખોરાક, ભણતર, ઈલાજ, વ્યક્તિ તરીકે આદર, માન-સન્માન, કામ કર્યાનું વેતન, મિલકતોમાં ભાગ, દરેકમાં તેને ભાગે ઓછું જ હોય અથવા ન પણ હોય, કમાવા માટે સ્ત્રીને ઘરની બહાર જવાની છૂટ હોય છે, પૂર્વશરત સાથે કે ઘરનું કામ પતાવીને જ જવાય. સ્ત્રીની કમાણી પૂરેપૂરી ઘરમાં વપરાય જ, પુરુષનો તેના પર અધિકાર હોય. ઘણું કમાતી સ્ત્રીને પણ ખબર ન હોય કે તેની કમાણીમાંની બચત ક્યાં મૂકવામાં આવે છે, જેમ શ્રીમંતની વિધવાને પણ જાણ નથી હોતી કે પતિની કમાણી તેના હાથમાં આવશે કે કેમ? મિલકત માટે તો સ્ત્રીને ડાકણ ઠેરવીને મારી નાખવાના બનાવો ગુજરાતમાં બને જ છે. દીકરીને જન્મતા રોકે, કન્યાને નાની ઉંમરમાં પરણાવે, પત્નીને સળગાવી મરવા દે તે ગુજરાતની સંસ્કૃતિને કેવી સંસ્કૃતિ ગણવી???

સ્ત્રીઓને ઘરની બહાર નોકરી કરવાની છૂટ તો આપી પણ તેને વ્યક્તિ તરીકે સ્વીકારી તેના વ્યક્તિત્વનો આદર કરવાનું ગુજરાતીઓ પૂરું શીખ્યા નથી, તેવું લાગ્યા કરે છે. જાતીય સતામણી, અભદ્ર વર્તન, અશિલલ હરકતો શિક્ષણના ક્ષેત્રોમાં ક્ષોભકર છે જ, ઓફીસોમાં કાર્યરત સ્ત્રીઓને માટે પણ ક્ષોભ પમાડે તેવી છે. કોઈક જ સ્ત્રી તે વિશે ફરિયાદ કરે કેમ કે, તેવી ફરિયાદ કર્યાથી પોતાની પર જ સમાજનું પ્રત્યાઘાતી વલણ ઊભું થશે તેવો તેને ડર રહે છે. થાય છે પણ તેવું જ એક યુનિવર્સિટીના કર્મચારીઓ વિશે નહિ જેવી ફરિયાદ તો શું કરી કે કુલપતિ અને અન્ય સત્તાધીશોએ તેમને એટલી હદે પ્રભાવિત કરી કે તે કહેવાતી ફરિયાદમાં ફક્ત શંકા જ વ્યક્ત કરી હતી, તે પાછી ખેંચવાની થઈ એટલું જ નહિ સત્તાધીશોની માફી પણ માંગવી પડી. જુના જમાનાથી ચાલતું આવ્યું છે કે 'સ્ત્રી કાં દાસી, કાં ભૌગ્યા' (ભોગનું સાધન માત્ર).

આ સીમિત પરિધમાંથી નીકળવા સ્ત્રી આકળવિકળ થાય છે પણ હજુ સુધી સલામત માર્ગ જડ્યા નથી. ગુજરાતમાં સ્ત્રીઓના કમનસીબે હજુ એકવીસમી સદીમાં સ્ત્રીલક્ષી વિચારણા પ્રવેશી જણાતી નથી. જ્યાં સુધી ગુજરાતની લગભગ અર્ધી વસ્તી આમ માનવીય ગરિમા માણી શકતી ન હોય ત્યાંસુધી 'અસ્મિતા'ની વાત જ શું કરવાની???

**દલિત અસ્મિતાની શરૂઆત :** હિન્દુ સમાજ વ્યવસ્થાના સ્થાપકો અને પોષકો બ્રાહ્મણો રહ્યા છે. આ વ્યવસ્થા મનુસ્મૃતિ પર આધારિત છે જેના રચયિતા મનુ છે. વર્ણવ્યવસ્થાનુસાર બ્રાહ્મણ વર્ણ સૌથી ટોચનો સામાજિક મોભો ધરાવે છે. જ્યારે શુદ્રો કે જેઓ આજના દલિતો પૈકીના એક ભાગરૂપ હતા. તેમનું સ્થાન નિમ્નતમ હતું. આ વ્યવસ્થાને જડબેસલાક બનાવવા માટે તેને ઈશ્વરીય લેખીને વ્યાજબી ઠરાવવાનો પ્રયત્નો થયો છે.

પરંતુ સમય જતાં દલિત અસ્મિતાનો પ્રાદુર્ભાવ થયો છે. આધુનિક ગુજરાતમાં તે ક્યારે શરૂઆત થઈ તે કહેવું મુશ્કેલ છે. ૧૮મી સદીની શરૂઆતનાં વર્ષોમાં ગુજરાતના અસ્પૃશ્યોના માત્ર સ્પર્શના કારણે ઉચ્ચ કોમ અપવિત્ર બની જતી હતી તેવાં ઉદાહરણો જોવા મળે છે. બ્રિટિશ કાળમાં જો કે કેટલાક નીતિ વિષયક ફેરફારોના કારણે અસ્પૃશ્યો અને અન્યની સ્થિતિમાં તેઓ વચ્ચેના આંતર સંબંધોમાં ફેરફાર થાય તેવાં બીજ વવાઈ ચૂક્યાં હતાં. ગાંધીયુગના આગમન બાદ ગુજરાતમાં અસ્પૃશ્યોની આઝાદીના આંદોલનમાં લાવવા નવા જ પ્રકારનો અભિગમ પેદા થયો. ગાંધીજીએ અસ્પૃશ્યતા નાબૂદી માટે ખૂબ શ્રમ લીધો. શૂદ્રોને 'હરિજન' નામ આપ્યું, તેઓને સમાજના મુખ્યપ્રવાહમાં લાવવા પ્રયાસ કર્યો. આથી વીસમી સદીની શરૂઆતમાં દલિતોને શિક્ષણ આપવાની શરૂઆત થઈ હતી.

દલિત ચળવળ વિશેષપણે ૧૯૭૦ના દાયકા બાદ પ્રચલિત બની છે. જો કે ઈતિહાસ તરફ દૃષ્ટિપાત કરતાં માલુમ થાય છે કે આ પૂર્વે પણ દલિત ચળવળો થવા પામી હતી. તે ઘણાંબધાં તબક્કામાંથી પસાર થઈ છે. ૧૪મી અને ૧૬મી સદીમાં દલિત ચળવળ 'ભક્તિ આંદોલન' નામે ઊભી થઈ હતી. આ આંદોલનનો મૂળભૂત આશય સમાજ અને ધર્મના ક્ષેત્રોમાં સમતાલક્ષી સમાજ ઊભો કરવાનો હતો. 'ભગવાન સમક્ષ બહુ સરખા છે' એવા પ્રતિકાત્મક ધાર્મિક વિચાર પાછળ અસલી બાબત હિન્દુ સમાજમાં ધરમૂળથી પરિવર્તન લાવવાનો હતો. અને દલિતોને હિંદુ ધર્મમાં જ ટકાવી રાખવાનો હતો.

ઓગણીસમા સૈકાના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં અનેક નાના મોટા સંપ્રદાયો પાંગર્યા. કબીરપંથી, સંતરામ, બીજમાર્ગી, પ્રણામી અને છેલ્લે છેલ્લે સ્વામીનારાયણ સંપ્રદાયે શુદ્રોની લાગણી અને જરૂરિયાતોને સંતોષવા પ્રવૃત્તિ આદરી આને પરિણામે ગુજરાતમાં જેમ જેમ આ સંપ્રદાયોમાં શુદ્રો જોડાતા ગયા તેમ તેમ મંદિરોમાં જઈ, કથાવાર્તા સાંભળી, માંસમદિરા ત્યજી પોતપોતાની જ્ઞાતિઓમાં શુધ્ધ થતા ગયા.

કેટલાક દલિતો હિન્દુ સમાજ વ્યવસ્થામાં ગુંગળામણ અનુભવે છે જેને કારણે તેઓ હિન્દુ ધર્મનો ત્યાગ કરવાને માનસિક રીતે તૈયાર થાય છે. અવારનવાર વર્તમાનપત્રોમાં દલિતોએ હિન્દુ ધર્મ ત્યજીને પરધર્મ સ્વીકાર્યાના સમાચારો પ્રકાશિત થતા રહે છે.

હિન્દુ ધર્મવ્યવસ્થામાં દલિતો રહે તે માટે સમજાવટ અને ધમકી એમ બંને પ્રકારના પ્રયત્નો ચાલુ છે. એક તરફ સ્વાધ્યાય પરિવાર, આશારામબાપુ, મોરારીબાપુ, રમેશભાઈ ઓઝા, ગાયત્રી પરિવાર વગેરે તરફથી દલિતોને હિન્દુ વ્યવસ્થાના ભાગરૂપ માનીને તેઓને હિન્દુ ધર્મમાં જોડાયેલા રાખવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

બીજી તરફ તાજેતરના ૨૦૦૨ના કોમી રમખાણો બાદ ગુજરાતમાં હિન્દુત્વવાદીઓએ સત્તાના સૂત્રો અંકે કરી લીધા બાદ, દલિતોને હિન્દુ વ્યવસ્થાના અંતર્ગત રાખવા માટે અનેક પ્રકારના પ્રયત્નો થઈ રહ્યા છે. જેમાં આર.એસ.એસ., ભા.જ.પ., વિશ્વ હિન્દુ પરિષદ, દ્વારા દલિત સંગઠનોને હિન્દુત્વનો સ્વીકાર કરવા માટે પ્રયત્નો ચાલુ છે. હિન્દુ વ્યવસ્થામાં જકડી રાખવા પ્રયત્નશીલ છે. સૌ જાણે છે કે ફક્ત કાયદા કાનુનથી કેટલે અંશે શક્ય બની શકે તે કહેવું મુશ્કેલ છે.

એ પણ હકીકત છે કે દલિતો અને બિનદલિતો વચ્ચેનો પરંપરાગત અને રૂઢિગત આ સંબંધો તથા આચાર નિષેધો છેલ્લાં પચાસેક વર્ષમાં ઢીલા થયા છે જરૂર, પરંતુ સંપૂર્ણપણે નાબુદ થયા નથી.

અસ્પૃશ્યતા નિર્મુલન અંગે પણ ઘણા પ્રયત્નો થયા છતાં પણ હજુ પણ આ પ્રથા હયાત છે. ગુજરાતમાં આજે પણ સરકારી આંકડા અનુસાર ૬૪,૦૦૦ કુટુંબો માથે મેલું ઉપાડી રહ્યાં છે. આજે પણ સરકાર તે દૂર કરી શકી નથી. આમ આજે પણ મેલું ઉપાડવાની પ્રથા ચાલુ છે, જેની જાણકારી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના જ્ઞાનસત્રમાં ડિસેમ્બર ૨૦૦૮ દરમિયાન જિ. સૂરતના જાણીતા કર્મશીલ માર્ટીન મેકવાને આપી હતી.

દલિતો પોતાના આંદોલનને વેગ આપવા માટે રાજ્યના વિવિધ ભાગોમાં નાનાં મોટાં સભા સંમેલનો, પ્રવચનો યોજી રહ્યાં છે. બૃહદ્ સમાજમાં બનતી ઘટનાઓ અને બનાવોને ફુલે, આંબેડકરી પરિપ્રેક્ષ્યમાં મૂકીને લોકોના જનમાનસને તૈયાર કરવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે. આ કાર્યમાં સ્થાનિક લોકોનો સાથ સહકાર મળી રહ્યો છે. આ બધાંને પરિણામે ગુજરાતમાં માત્ર દલિતો જ નહિ, પણ અન્ય પછાત કોમોમાં પણ જાગૃતિનું સ્તર ઊંચું આવેલું જણાય છે. ઈ.સ. ૧૯૯૫ની આસપાસ ગુજરાતમાં બ્રાહ્મણવાદ વિરોધી આંદોલનની કોઈ નોંધ સુધ્ધા લેવા રાજી નહોતુ, હવે ઉપલી જ્ઞાતિ સમેત તમામ વર્ણ જ્ઞાતિના લોકો આ આંદોલનને ગણતરીમાં લેતા થયા છે. આ રીતે દલિતો પોતાની આગવી અસ્મિતા ઊભી કરવાની પ્રવૃત્તિમાં સફળતાની રાહ પર છે. દલિત સાહિત્ય પણ આમાં મદદરૂપ રહ્યું છે, જેની નોંધ લેવી રહી.

**આદિવાસીઓ મૂળ નિવાસી તરીકે :** આદિવાસીઓ અંગે બે મહત્ત્વનાં પુસ્તકો વેરિયર અને ઠક્કરબાપાએ લખ્યા છે. તે પુસ્તકોના શીર્ષકોમાં એબ ઓરિજીન્સ શબ્દનો ઉપયોગ થયો છે. પ્રસિધ્ધ સમાજશાસ્ત્રી જી.એસ. ગુર્યુએ આદિવાસીઓ માટે 'કહેવાતા મૂળ નિવાસી' અથવા 'પછાત હિન્દુઓ' એવા શબ્દપ્રયોગ કર્યો છે. જ્યારે કેટલાક અભ્યાસકર્તાઓએ આદિવાસીઓને 'વંશીય લઘુમતિ' 'ચોથી દુનિયા' તેમ જ પરિવર્તન પામતા 'ટ્રાઈબ્સ' એવો શબ્દપ્રયોગ કર્યો છે. ખાસ કરીને સમાજસુધારકો અને આદિવાસી આંદોલનકારીઓએ 'આદિવાસી' શબ્દપ્રયોગ કર્યો છે. આ શબ્દપ્રયોગનો હેતુ તેઓ આ જમીનના સૌથી પ્રથમ નિવાસી છે તેવો હતો, આદિવાસી શબ્દનો સૌથી પ્રથમ ઉપયોગ ઈ.સ. ૧૯૩૯માં આદિવાસી મહાસભાના નેતા જયપાલસિંઘે કર્યો હતો.

બંધારણ અંગેની પરિષદમાં જયપાલસિંઘે 'અનુસૂચિત જનજાતિ'ને બદલે 'આદિવાસી' શબ્દનો ઉપયોગ કરવા માટે આગ્રહ રાખ્યો હતો. પરંતુ બંધારણના મુખ્ય ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરે મત પ્રદર્શિત કર્યો હતો કે આદિવાસીઓના ટકાઉ અને મજબૂત વિકાસ માટે 'અનુસુચિત જન જાતિ' શબ્દપ્રયોગ વધુ અસરકારક સાબિત થશે. પરિણામે 'અનુસુચિત જનજાતિ' શબ્દ કાયદેસર રીતે અપનાવવામાં આવ્યો.

સંયુક્ત રાષ્ટ્રસંઘે (યુનો) ૧૯૯૩નું વર્ષ 'મૂળ નિવાસી વર્ષ' તરીકે જાહેર કર્યું હતું. આથી આદિવાસી અસ્મિતા અંગેના આંદોલનકારીઓએ

પણ ૧૯૯૩ બાદ આ શબ્દપ્રયોગનો વધારે ઉપયોગ શરૂ કર્યો છે. અને મૂળ નિવાસીઓ માટેનું ઘોષણાપત્ર પણ તૈયાર કર્યુ છે.

જ્યારે ગુજરાતના સંઘ પરિવારના સંગઠનો આદિવાસીઓને 'વનવાસી' તરીકે જાહેર કરે છે. તેવો માટેની યોજનાઓને વનવાસી ઉત્કર્ષ માટેની યોજનાઓ કહે છે. પરંતુ ખરી હકીકત એ છે કે ગુજરાતની ૧૫ ટકા આદિવાસી વસતી બહુધા પૂર્વ વિસ્તારમાં વસવાટ કરે છે જ્યાં પહાડો, જંગલો અને ગુજરાતની મુખ્ય નદીનાં ઉગમસ્થાનો છે. આ રીતે નૈસર્ગિક સંસાધનોના પ્રદેશમાં આદિવાસીઓ વસવાટ કરે છે. ગુજરાતમાં આઝાદી બાદ અમલમાં આવેલ વિકાસકીય પ્રકલ્પોને કારણે આદિવાસીઓનું જીવન અસ્તવ્યસ્ત થયું છે. કુલ આદિવાસી વિસ્તારોમાં અવારનવાર સંઘર્ષો થાય છે. તાજેતરનાં વર્ષોમાં ગુજરાત આદિવાસી પક્ષ દ્વારા રાજકીય રીતે આદિવાસીને જાગૃત કરીને તેમને થતાં અન્યાય સામે લડત આપવામાં આવી રહી છે. આ આંદોલનમાં પણ આદિવાસીઓની અસ્મિતા થકી આદિવાસીઓની ભેગા કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. તો બીજી તરફ આદિવાસી એકતા પરિષદ દ્વારા આદિવાસીઓની સાંસ્કૃતિક અસ્મિતાને ધ્યાનમાં રાખીને આદિવાસીઓને જાગૃત કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. જો કે આ પક્ષોના આદિવાસી નેતાઓ તેમને થતા સામાજિક અન્યાય, શોષણ અને પીડન એકઠા માટે થાય તે સર્વાંગે આવકાર્ય છે. સાથે સાથે આ અસ્મિતાના નારા થકી સમાજના સમૂહો વચ્ચે નફરત પેદા ન થાય તેની કાળજી અસ્મિતાના આંદોલનો ચલાવનાર નેતાગીરીએ સમજવી જરૂરી લાગે છે.

**પારસીઓની ઘટતી જતી વસ્તીની સમસ્યા :** હાલમાં સર્વે પ્રમાણે સમગ્ર જગતમાં પારસી સમાજની વસ્તી માંડ એકાદ લાખની કહેવાય છે. ભારતમાં મુખ્યત્વે ગુજરાત અને મુંબઈમાં વધારે પ્રમાણમાં પારસી રહે છે.

આજથી લગભગ ૧૩૮૦ વર્ષ પૂર્વે પારસીઓનું આગમન ગુજરાતમાં સંજાણ બંદરે થયું હતું. તે સમયના રાજા જાદી રાણાને દૂધમાં સાકરની જેમ ભળી જવાનું વચન આપેલું, તે વચન સંપૂર્ણપણે પાળી બતાવ્યું છે. આમ તો ગુજરાતીને માતૃભાષા તરીકે સ્વીકારી લીધી છે. આથી જ ગુજરાતના અખબાર, સામાયિક ગુજરાતીમાં સૌ પ્રથમ શરૂ કરવાનું બહુમાન પારસીઓને ફાળે જાય છે. તે જ પ્રમાણે ગુજરાતીમાં રંગભૂમિની શરૂઆત પણ પારસી લોકોએ જ કરી છે. ઈ.સ. ૧૮૧૧માં ફરહનજી મર્ઝબાને ગુજરાતી ભાષાનુ સૌ પ્રથમ છાપખાનુ સ્થાપ્યું. આથી જુલાઈ ૧૮૨૨માં ગુજરાતી ભાષાનું સૌ પ્રથમ અખબાર "મુંબઈ સમાચાર" બહાર પડ્યું હતું, જે મુંબઈથી આજની તારીખે પણ બહાર પડે છે. તેમના પારસી માલિક તથા પારસી તંત્રી છે. જેમાં દર રવિવારે પારસી સમાજની વિગતો પ્રકાશિત થાય છે.

પારસી માલિકનું બીજું અખબાર "જામે જમશેદ" ૧૨મી માર્ચ ૧૮૩૨માં પ્રગટ થયું હતું. મુંબઈથી આ સિવાય ફક્ત પારસીઓ માટે "કયસરે હિન્દ" સામયિક બહાર પાડેલ હતું. સુરતમાં "ગુજરાત મિત્ર" જેવા પ્રખ્યાત અખબારની સ્થાપના ૧૮૬૩માં દિનશા તાલીયારખાને કરી હતી. શરૂઆતમાં તેનું નામ "સુરત મિત્ર" હતું.

કલકત્તામાં ૧૧/૧૧/૧૯૧૭ના રોજ એદલજી નવરોજ કાંગાએ "નવરોઝ" નામનું મેગેઝીન પ્રગટ કર્યુ હતું.

આમ ગુજરાતના પારસીઓએ ગુજરાતમાં અને ગુજરાત બહાર ગુજરાતી અખબારો સામયિકો સૌ પ્રથમ પ્રગટ કરી ગુજરાતીઓની અસ્મિતા જાળવી રાખી હતી.

એ જ રીતે રંગભૂમિને જન્મ આપવાનો યશ પારસીઓને જાય છે. એમણે રંગભૂમિની ભાષા તરીકે ગુજરાતી ભાષા અપનાવેલી એ સમયગાળામાં નાટક લખનાર, નાટક કરનાર પણ પારસીઓ હતાં. આ દિશામાં પારસીઓ ૧૯મી સદીમાં તથા ૨૦ સદીના પહેલા ભાગ સુધી ખૂબ જ સક્રિય હતાં.

આ નાનકડા સમાજે રાજકારણ, અર્થકારણ, હુન્નર ઉદ્યોગ, કાયદો (લો), સખાવત, સમાજ સુધારો, રમતગમત, વિજ્ઞાન, શિક્ષણ, સંગીત, સાહિત્ય, પત્રકારત્વ, રંગભૂમિ, વિગેરે વિવિધ ક્ષેત્રોમાં નોંધનીય કાર્ય કર્યું છે અને ગુજરાતની અસ્મિતા ઘડવામાં અનુપમ અર્પણ કર્યું છે. પરંતુ પારસીઓની વસ્તીમાં સતત ઘટાડો નોંધાયો છે. લાંબે ગાળે કે એકવીસમી સદીના અંત સુધી પારસીઓની વસતી કે ધર્મ દુનિયા પર રહેશે કે કેમ? તે પ્રશ્ન ઊઠયો છે.

**માનવ સેવા એ જ લઘુમતિ ખ્રિસ્તીની અસ્મિતા :** ગુજરાતના ખ્રિસ્તીઓ વિશે આલેખીએ તો ગુજરાતમાં સાડા પાંચ કરોડ વસ્તીમાંથી માત્ર અડધો ટકો (૨,૪૮,૦૯૨) વસેલાં છે. ખ્રિસ્તીઓ પણ 'આદર્શ સહજ લઘુમતી' બનીને ગુજાતની સંસ્કૃતિમાં ભળી ગયાં છે તેમ જ ગુજરાતની અસ્મિતા માટે યોગદાન આપી રહ્યાં છે. ગુજરાતના ઈતિહાસમાં આર્થિક વિકાસમાં ખ્રિસ્તીઓએ ઘણો ફાળો આપ્યો છે. જેમાં ફાર્બસ અને ટેલર (વ્યાકરણ) સાહિત્યમાં ફાધર વાલેસ (નિબંધ) જોસેફ મેકવાન (નવલકથાકાર) યોસેફ મેકવાન (કવિ) માર્ટીન મેકવાન (જાણીતા કર્મશીલ), આનંદની અમૂલ ડેરીના વિકાસમાં શ્વેતક્રાંતિના પ્રેરક વર્ગીસ કુરીઅનએ ગુજરાત તથા ભારતભરમાં નામ રોશન કર્યું છે.

શૈક્ષણિકક્ષેત્રે સેન્ટ ઝેવીઅર્સ, સેંટ આન્સ, કોન્વેંટ અને ડોનબોસ્કો જેવી અતિ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ચાલતી હોવા છતાં નાત, જાત, ધર્મ કે લિંગના ભેદભાવ વગર માત્ર મેરીટને ધ્યાનમાં લઈ સમાજના સહુને સાથે લઈ ચલાવે છે. આ જ રીતે તબીબી સેવાઓ અને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ ખૂબ જ બહોળો ફાળો આપે છે.

આદિજાતિ, પછાત જાતિ તેમ જ આદિવાસી વિસ્તારમાં ખ્રિસ્તી મિશનરી સંસ્થાઓ દાયકાઓથી સેવા કાર્ય કરી રહી છે. ગુજરાતનો પૂર્વ વિસ્તાર જે ડાંગથી સાંબરકાઠા સુધી આદિવાસી વિસ્તાર ગણાય છે તે છેવાડાના વિસ્તારમાં શૈક્ષણિક તેમ જ તબીબી સેવાઓ માટે સંસ્થાઓ ચલાવે છે. સમાજથી બહિષ્કૃત જેવા રક્તપિતિયાઓ, ઘરડાગૃહો, અનાથ આશ્રમો અને વિકલાંગોની સેવા કરી એમને સમજમાં પોતાની આગવી જીવનશૈલીથી જીવવા પ્રેરે છે. વંચિતો અને ગરીબોને ઉપર લાવવામાં કમર કસીને કાર્ય કરે છે. છતાં પણ ગુજરાતના અમુક કટ્ટરવાદી હિન્દુત્વવાદી તત્ત્વો ખ્રિસ્તીઓ ઉપર અત્યાચારો કરે છે. દેવળો, સ્કૂલો, હોસ્પિટલો, ઘરોને સળગાવે છે તો પછી ગુજરાતની અસ્મિતા ક્યાં છે? કોને તમે ગુજરાતની અસ્મિતા કહો છો???

મહાત્મા ગાંધીએ "નવજીવન"ના તા.૯/૮/૧૯૨૫ના અંકમાં લખેલ છે કે 'ટૂંકમાં તમને (મિશનરીઓને) એટલું જ કહેવું છે કે તમો આંકડા ન ગણાવો, તમારી પ્રગતિનો કોઈ ઈતિહાસ માગે તો તમે કેટલા પરધર્મીઓને ખ્રિસ્તી કર્યા છે તેના આંકડા ન ધરો, પણ તમે લોકોનું કેટલું દુઃખ ટાળી શક્યા, કેટલાં તેમના સુખદુઃખમાં ભાગીદાર થઈ શક્યા છો તે બતાવો'.

**મુસ્લિમોની સમસ્યાઓ :** ગુજરાતમાં મુસ્લિમો ફક્ત ૯% જ છે. ગુજરાતમાં છેક સોલંકી કાળથી (ઈ.સ. ૯૪૨-૧૩૦૦) આરબ વેપારીઓ અને સૂફી સંતોનું આગમન થતાં મુસ્લિમોનો ઉદય અને વિકાસ થયો. ગુજરાતની મલ્ટી કલ્ચરલ વ્યાપારી સંસ્કૃતિને અનુરૂપ હિન્દુ, યહૂદી, જૈન, મુસ્લિમ, પારસી જેવી કોમો હજાર બારસો વર્ષથી રહેતી આવી છે. ગૌરવની વાત એ છે કે બધી કોમોએ દેશ વિદેશમાં ગુજરાતી ભાષાની અસ્મિતાને જીવંત રાખી છે.

મુસ્લિમોની સમસ્યાઓ અંગે ભારત સરકારના વડાપ્રધાનના સચિવાલયે ૯મી માર્ચ ૨૦૦૫ના આદેશથી જાહેરનામા દ્વારા જસ્ટીસ રાજેન્દ્ર સાચરના વડપણ હેઠળ, સાત સદસ્યોવાળી વડાપ્રધાનની ઉચ્ચ સ્તરીયે (હાઈ લેવલ) સમિતિ મુસ્લિમ સમુદાયના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્તર અંગે અહેવાલ તૈયાર કરવા માટે રચવામાં આવી હતી. તેમાં જણાવ્યા મુજબ આપણા બંધારણ મુજબ ભારતનો દરેક નાગરિક સમાન દરજ્જો ભોગવે છે. પરંતુ મુસ્લિમો ત્રણ સમસ્યાથી વધારે ચિંતિત છે.

(૧) મુસ્લિમ તરીકેની ઓળખ કે પહેચાનની અસ્મિતા

(૨) સલામતી

(૩) ન્યાયપૂર્ણ વહેવારની અપેક્ષા

ઉપરોક્ત બાબતો ગુજરાતના મુસ્લિમોને પણ લાગુ પડે છે. મુસ્લિમ તરીકેની પોતાની આગવી ઓળખ કે અસ્મિતા માટે મુસ્લિમ સાથે ભેદભાવ

રાખવામાં આવે છે. તેવું મુસ્લિમો સતત અનુભવી રહ્યા છે તેમ જ અસમાનતા અને અન્યાયપૂર્ણ વ્યવહાર થાય છે તે વાતનું ભારોભાર દુઃખ અનુભવે છે.

આથી આ અહેવાલમાં અસમાનતા અને અન્યાયપૂર્ણ વહેવાર તરફ વિશેષ ધ્યાન આપવામાં આવેલ છે. કેટલાક મૂળભૂત ઐતિહાસિક પાયાનાં કારણોના લીધે ભારતમાં સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં જ્ઞાતિ, ધર્મ, પ્રદેશ અને ભાષાના આધારે ભેદભાવો અને અલગતા પ્રવર્તે છે જેને લીધે દેશના વિવિધ સમુદાયના લોકો પર સામાજિક અને આર્થિક સંબંધો પર ઊંડો પ્રભાવ પડે છે. આની અસર મુસ્લિમ સમાજ પર પણ જણાય છે. આથી અન્ય સામાજિક ધાર્મિક જૂથોની સરખામણીમાં મુસ્લિમોની સ્થિતિ રજૂ કરવાના આ અહેવાલમાં પ્રમાણિક પ્રયત્ન કરવામાં આવ્યો છે. મુસ્લિમો વિકાસના તબક્કે ક્યાં ક્યાં વંચિત રહ્યા છે, કેટલા પછવાડે, પછાત રહ્યા છે, વિકાસમાં ક્યાં ઊણપો રહી છે તે મુદ્દાઓ ઉપર આ અહેવાલમાં અભ્યાસ, આંકડા, તારણો દરેક સ્રોત દ્વારા એકત્ર કરવામાં આવ્યા છે.

જેમાં મુસ્લિમોની શિક્ષણક્ષેત્રમાં પછાત અવસ્થા બાબતે સમિતિએ નીચે મુજબના તારણો બતાવ્યા છે :-

(૧) દેશના બિન મુસ્લિમોની તુલનામાં મુસ્લિમોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. મુસ્લિમો સાક્ષરતામાં પછાત રહી ગયા છે.

(૨) ગ્રામ્ય તથા શહેરના ઝુંપડપટ્ટી વિસ્તારમાં બાળકો નિશાળમાં ઓછી સંખ્યામાં જાય છે. માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક તેમ જ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં વસ્તીની ટકાવારીના પ્રમાણમાં મુસ્લિમ વિદ્યાર્થીઓની ટકાવારી અતિશય ઓછી જોવા મળે છે. મેડીકલ અને એંજિનીયરીંગ શાખામાં બહુ જ થોડા પ્રમાણમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ હોય છે.

(૩) બીજા ઘણાં કારણો ઉપરાંત મુસ્લિમોના શૈક્ષણિક પછાતપણા માટે દેશના રાજકારણ, વહીવટ, નીતિ નિર્ધારકો, તેમ જ નેતૃત્વ ક્ષેત્રે પણ મુસ્લિમોની અવગણના થતી રહે છે જેના કારણે મુસ્લિમોને શિક્ષણના લાભોથી વંચિત રહેવું પડે છે. ઉપરોક્ત બાબતો ગુજરાતના મુસ્લિમો વિશેષ અનુભવે છે.

આ સમિતિએ મુસ્લિમોનો શિક્ષણનો વ્યાપ વધારવા માટે મૌલાના આઝાદ એજ્યુકેશન ફાઉન્ડેશનની નાણાંકીય સહાય વધારી દેવી જોઈએ તેમ સૂચવેલ છે. જેથી તે રકમ શિક્ષણના વ્યાપ વધારવા ઉપયોગી થશે તેમ કમિટીનું માનવું છે.

ગુજરાતી મુસલમાનોને વધારે વ્યાપક દૃષ્ટિકોણથી સમજવાની જરૂર છે. ભારત અને ગુજરાતના મુસલમાનોએ અન્ય દેશોના મુસ્લિમોની સરખામણીએ વધારે ઉદાર મનના છે. કારણ કે તેઓએ ભારતના લોકશાહી સમાજને જોયો છે, અનુભવ્યો છે. ભારત અને ગુજરાતના મુસ્લિમો આંતકવાદનો વિરોધ કરતા રહ્યાં છે. ગુજરાતના મુસ્લિમોને પાકિસ્તાની, બાંગ્લાદેશી, અને ઈરાકી, અફઘાની મુસ્લિમો સાથે સરખાવી ના શકાય.

પાકિસ્તાની આતંકવાદીઓએ ૨૬મી નવેમ્બર-૨૦૦૮ ના રોજ મુંબઈ પર મહાવિનાશક આંતકવાદી હુમલો કર્યો ત્યારે ભારત, ગુજરાત અને બ્રિટનમાં રહેતા મુસ્લિમોએ એક સંપ થઈને પાકિસ્તાની આંતકવાદી અને ત્રાસવાદી રીત રસમોનો જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. જેની તે વખતે ભારત સહિત બ્રિટન અને અમેરિકાના અખબારોએ નોંધ લીધી હતી.

મહાત્મા ગાંધી હિન્દુ મુસ્લિમ એકતાના પ્રખર હિમાયતી હતા. તેઓ હિન્દુ મુસ્લિમને પોતાની બે આંખ કહેતા હતા. ઐતિહાસિક રીતે જોઈએ તો મહાત્મા ગાંધી ગુજરાતની અસ્મિતા હતા. ગુજરાતનું અહોભાગ્ય છે કે ગાંધીજી જેવા મનુષ્યે અહીં પોરબંદરમાં જન્મ લીધો. ગાંધીજીની વિચારધારા મૂળભૂત એક સ્વતંત્ર વિચારધારા હતી. તેઓ સમાજના દરેક વર્ગના લોકોને સાથે લઈ દેશના હિતમાં કાર્ય કરતા હતા. ગાંધીજી આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાની સર્વોત્તમ ઉપલબ્ધિ હતા. દુનિયાએ ગાંધીજીને શાંતિ અને અહિંસાથી ઓળખ્યા. જગતમાં ગાંધીજીના વિચારોનો જે પ્રભાવ પડ્યો તેને લીધે સંયુક્ત રાષ્ટ્ર સંઘે (યુનો) બીજી ઓક્ટોબરના ગાંધીજીના જન્મદિવસને 'નોન વાયોલન્સ ડે' - 'અહિંસા દિન' તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. આજે ગુજરાત દુનિયાના કોઈપણ ખૂણેથી ગાંધીજીના ગુજરાત તરીકે ઓળખાય છે.

પરંતુ હાલમાં ગુજરાતમાં બનેલા પ્રસંગો પરથી એવુ લાગે છે કે જાણે ગુજરાતે ગાંધીજીને છોડી દીધા છે. વાતાવરણ એવું સર્જાયું છે કે ગાંધીજીની વિચારધારા, તેમણે સ્થાપિત કરેલા સત્ય, અહિંસાનાં મૂલ્યોને તિલાંજલી આપી, તેમની વિરુધ્ધની જ વિચારધારા અપનાવેલ છે. આજે તો એવો પ્રચાર થઈ ગયો છે કે જાણે હિન્દુ ધર્મના રક્ષક કે તારણહાર આર.એસ.એસ.ના હેડગેવાર, ગુરુગોલવાલકર અને હિન્દુ મહાસભાના વીર સાવરકર જ છે.

આ ત્રણેયની વિચારધારા ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવા માટેની છે. તેઓ ભારતમાં રહેતા મુસ્લિમો, ખ્રિસ્તીઓ, પારસીઓને નાગરિકત્વ પણ આપવામાં માનતા નહોતા. તેમને ફક્ત સેકન્ડ ક્લાસ સિટીઝનનો દરજ્જો આપવામાં માનતા હતા. તેઓના જણાવ્યા મુજબ આ ધર્મના લોકોના પોતાના ધર્મસ્થાનકો બહાર પરદેશમાં હોવાથી તેમની આસ્થાઓ પરદેશ તરફ હોય છે.

આ ત્રણેય મુસ્લિમો અને ખ્રિસ્તીઓના કટ્ટર વિરોધી હતા. તેઓના લખાણોમાં મુસ્લિમો અને ખ્રિસ્તીઓ માટે લખેલું છે કે તેઓ વિદેશથી આવેલા મલેચ્છ અને તુચ્છ હતા.

ખરેખર વાસ્તવિક સ્થિતિ એ છે કે હજારો વર્ષથી મનુ સ્મૃતિ પ્રમાણે એ સમયે હિન્દુ સમાજના જે ચાર ભાગ પાડ્યા તેમાં બ્રાહ્મણોએ પોતાનું પ્રભુત્વ સ્થાપવા દલિત વર્ગને અછૂત ગણેલા. અને તેઓ પ્રત્યે ધૃણાથી જોતા હતા. આ દયાજનક અને અમાનવીય પરિસ્થિતિમાંથી બહાર આવવા દલિતો કે અન્ય પછાતવર્ગના લોકોએ ઈસ્લામ કે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો. આ રીતે વિશાળ જનસમુદાયે ધર્માન્તર કર્યું. તેઓ મૂળ આ દેશના જ અનેક સૂફી સંતો, મોહયુદીન ચિશ્તી અજમેરી ગરીબે નવાજ હિન્દલવલી, હઝરત નિઝામુદીન ઓલિયા જેવા સંતોનો પ્રભાવ હેઠળ ઈસ્લામનો સ્વીકાર થયો હતો. આજે તો ભારતીય ઉપ મહાદ્વીપના દેશોમાં ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશમાં ચાલીસ કરોડથી વધારે મુસ્લિમો રહે છે. તે આટલા બધા લોકો પરદેશી કેવી રીતે હોઈ શકે?

આપણા દેશની આઝાદીની લડતમાં મૌલાના આઝાદ, ખાન અબ્દુલગફારખાન, વગેરે ઘણા જ નેતાઓનું ખૂબ જ મોટું યોગદાન છે. ઉપરાંત દેશનું વિભાજન ના થાય અને દેશ અખંડિત રહે, હિન્દુ મુસ્લિમ સાથે રહે તે માટે દેવબંધના મૌલાના હુશેન મહમદ મદની સાહેબે મરણિયો પ્રયાસ કર્યો હતો.

એ રીતે ગુજરાતમાં ઈ.સ. ૧૯૪૬ના જુલાઈ માસમાં અમદાવાદમાં રથયાત્રા દરમિયાન કોમી ભડકો થયો હતો. પરંતુ તે વખતે વસંતરાવ હેગિષ્ટે અને રજબાલી લાખાણીએ પોતાની જાતનું બલિદાન આપી કોમી એકતાની મિશાલ કાયમી બનાવી હતી. આ રીતે કોમી એકતા માટે ગુજરાતના બે શાંતિદૂતો શહીદ થઈ ગયા. આને જ ગુજરાતની સાચી અસ્મિતા ગણાય.

હાલમાં જે 'ગુજરાતી અસ્મિતા'ની વાતો ચાલે છે તે પ્રાદેશિક, સંકીર્ણ ધ્વનિ ધરાવતી સાવ આભાસી, ખોખલી, છીછરી છે. તે થકી એક બે રાજકીય નેતા અને તેમના સાગરિતોના સંકીર્ણ હિતો ભલે સધાતા હોય કે એક ગણનાપાત્ર જનસંખ્યા ભલે તે થકી મિથ્યા પ્રદેશ દાઝથી ગેરમાર્ગે દોરવાતી હોય, પણ તેમાં નક્કરતા નથી અને તે આક્રમક દ્વેષયુક્ત હોઈ વિઘાતક છે. તે પ્રદેશના તમામ સમૂહોને સમાવતી નથી. પણ ઊલટું કેટલાક સમૂહોને બહાર ધકેલે છે. હાંસિયામાં ફગાવે છે તો વંચિત સમૂહો સંદર્ભે તેને કોઈ નિસ્બત નથી. કોઈ એક નક્કર સ્વરૂપની કદાચ 'ગુજરાતી ઓળખ' હોઈ શકે જ નહિ. ગુજરાત પ્રદેશમાં વિભિન્ન ધાર્મિક, સાંપ્રદાયિક, જ્ઞાતિય, સામુદાયિક જૂથો વસે છે અને સાંસ્કૃતિક વિશેષતા, અર્થોપાર્જનની પ્રવૃત્તિ સંદર્ભે તેમની દરેકની આગવી ઓળખ છે. કેટલાક સમૂહોએ આ ઓળખને સચેતપણે જાહેર જીવનમાં વાર્તાલાપમાં, પ્રસ્થાપિત પણ કરી છે. જે 'પટેલ ઓળખ' કે 'દલિત અસ્મિતા'ના કિસ્સામાં દેખાય છે.

# મુનશીની પ્રભુતા જીવનમાં અને સાહિત્યમાં

**• દીપક મહેતા**



કનૈયાલાલ મુનશીએ ૮૪ વર્ષની જિંદગીમાં અનેક જુદાં જુદાં ક્ષેત્રમાં કામ કર્યું અને એમાંનાં ઘણાખરાં ક્ષેત્રમાં નોંધપાત્ર સફળતા મેળવી. ચારેક પેઢીના સમકાલીન બનેલા મુનશીને જુદી જુદી વ્યક્તિઓ જુદે જુદે રૂપે ઓળખતી. મુનશી એમના જમાનાના એક પ્રખર અને અત્યંત સફળ ધારાશાસ્ત્રી હતા. યુનિવર્સિટીઓના કામકાજ અને વહીવટમાં મહત્ત્વનો ભાગ ભજવનાર કેળવણીકાર હતા. ૧૯૧૫ની હોમરૂલની ચળવળથી માંડીને ૧૯૪૭ સુધીની દેશની આઝાદી માટેની લડતમાં સક્રિય ભાગ લેનાર અગ્રણી હતા. મુંબઇ રાજ્યની અને કેન્દ્રની સરકારોમાં એમણે પ્રધાન તરીકે મહત્ત્વની કામગીરી બજાવી હતી. ભારત સરકારના પ્રતિનિધિ તરીકે હૈદરાબાદના મુક્તિસંગ્રામમાં આગળ પડતો ભાગ ભજવ્યો અને ઉત્તર પ્રદેશ જેવા દેશના સૌથી મોટા રાજ્યના ગવર્નર પણ બન્યા. ભારતના બંધારણના ઘડવૈયાઓમાં મુનશીનું સ્થાન આગળ પડતું છે. રાજગોપાલચારીએ સ્થાપેલા સ્વતંત્ર પક્ષના મુનશી એક અગ્રણી નેતા હતા. તેમણે ગુજરાત સાહિત્ય સંસદની સ્થાપના કરી, દાયકાઓ સુધી ગુજરાતી સાહિત્ય પરિષદનું કુશળતા અને સફળતાથી સંચાલન કરી તેને એક સક્ષમ અને સક્રિય સંસ્થા બનાવી. પણ સૌથી વધુ તો ૧૯૩૮માં ભારતીય વિદ્યાભવનની સ્થાપના કરી અને તેને એક આંતરરાષ્ટ્રીય સંસ્થા તરીકે વિકસી શકે તેવું આંતરિક બળ આપ્યું. મુનશીની દૂરદર્શિતાનો ખ્યાલ એ વાત પરથી આવે કે જ્યારે પર્યાવરણની જાળવણી કે વનીકરણની ચળવળ જેવી પ્રવૃત્તિઓ ફેશનેબલ નહોતી બની ત્યારે તેમણે વનમહોત્સવનો વિચાર રજૂ કરેલો, એટલું જ નહીં, તેનો અમલ કરવાનો પણ શક્ય તેટલો પ્રયત્ન કરેલો. પણ આ સૌ કરતાં વધુ મહત્ત્વની વાત તો એ છે કે આપણી ભાષાના મુનશી એક અત્યંત મોટા ગજાના લેખક અને સર્જક હતા. આટલાં બધાં ક્ષેત્રોમાં આટલા લાંબા વખત સુધી, આટલી મહત્ત્વની કામગીરી બજાવી હોય અને છતાં ઇયત્તા અને ગુણવત્તા પોતાનાં લખાણોમાં સતત જાળવી રાખી હોય એવો બીજો કોઇ લેખક આપણી ભાષામાં થયો નથી. મુનશીની પ્રભુતાને પડકારવાનું પરાક્રમ દાખવવાનું સહેલું નથી શું જીવનમાં કે શું સાહિત્યમાં.

નદીનો ધસમસતો પ્રવાહ કાળમીંઢ શિલાઓને પણ ઘસી નાખીને નાનકડા શાલિગ્રામ જેવા બનાવી દે છે. તેમ કાળનો સતત વહેતો પ્રવાહ ગમે તેવી સમર્થ પ્રતિભા ધરાવતી વ્યક્તિના વ્યક્તિત્વનાં ઘણાં પાસાંને ઘસી નાખે છે. જેમ જેમ વખત વીતતો ગયો છે તેમ તેમ મુનશીના નામ સાથે સંકળાયેલા અનેક અર્થોમાંથી કેટલાંક ઘસાઈ ગયા છે, કેટલાક ખરી પડ્યા છે. પણ ૧૯૧૩માં પ્રગટ થયેલી નવલકથા ‘વેરની વસૂલાત’થી શરૂ કરીને તેમણે જે ૫૬ જેટલાં ગુજરાતી અને ૩૬ જેટલાં અંગ્રેજી પુસ્તકો લખ્યાં છે તેને લીધે મુનશીનું નામ અને કામ ક્યારેય સર્વથા વિસરાઈ જાય એ શક્ય નથી. ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓ, અધ્યાપકો, રસિક વાચકો મુનશીને ‘ગુજરાતનો નાથ’, ‘પૃથિવીવલ્લભ’, ‘લગ્ન પાદૂકા’ અને ‘કૃષ્ણાવતાર’ જેવી નવલકથાઓના સર્જક તરીકે, ભાવના પ્રધાન ઐતિહાસિકપૌરાણિક નાટકોના અને હાસ્યવ્યંગપ્રધાન સામાજિક નાટકોના કર્તા તરીકે, થોડીક પણ સુંદર ટૂંકી વાર્તાઓ લખીને એ ક્ષેત્રના અગ્રયાયી બનનાર તરીકે ગુજરાતી સાહિત્યના ઇતિહાસ લેખક સંશોધક અને સમીક્ષક તરીકે અને એક રસપ્રદ આત્મકથાશ્રેણી લખનાર લેખક તરીકે ઓળખે છે અને ભવિષ્યમાં પણ ઓળખાતા રહેશે.

ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથા ‘સરસ્વતીચંદ્ર’નો પહેલો ભાગ બહાર પડ્યો તે જ વર્ષે ૧૮૮૭ના ડિસેમ્બરની ૩૦મી તારીખે મધ્યાહને ભરૂચમાં મુનશીનો જન્મ થયો. પણ મુનશીની કર્મભૂમિ મુંબઈ. નવીનચન્દ્ર ઉર્ફે સરસ્વતીચન્દ્રે ગૃહત્યાગ કરીને મુંબઇ છોડ્યું તે પછી તેની ખાલી ઘોડાગાડી ચર્નીરોડ સ્ટેશનની બહારથી મળી આવેલી. ૧૯૦૭ના જાન્યુઆરીની ચોથી

---

અત્યારના ગુજરાતમાં છેલ્લાં થોડાં વરસોથી કેટલુંક ન બનવા જેવું પણ બનતું રહ્યું તેમ જ હાલની ગુજરાત સરકાર ચૂંટણી જીતવા માટે ગૌરવ યાત્રાઓ, હિન્દુત્વની, લેબોરેટરી હોય તેમ સંચાર માધ્યમોમાં છવાયેલું રહ્યું. આને જ લોર્ડ મેઘનાદ દેસાઈએ ગુજરાતની અસ્મિતાને બદલે ભસ્મિતા કહી હતી.

પરંતુ હકીકત એ છે કે સાચી ‘ગુજરાતની અસ્મિતા’ એ જ હોઈ શકે કે અલગ ઓળખ ધરાવતો પ્રત્યેક સમૂહ અન્ય સમૂહોની ઓળખ સાથે સંમિલન સાધી, આત્મસાતપણું દર્શાવી પોતાની ઓળખને વધુ વ્યાપક, બૃહદ્ બનાવે છે. ફક્ત ગુજરાતના જ સમૂહો નહિ પણ તમામ ભૌગોલિક સીમાઓ વળોટીને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય વિભિન્ન સમૂહો જોડે આત્મીયતા, આત્મસાતપણાની અનિવાર્યતા છે.

કહેવાતી શાંતિપ્રિયતા, અહિંસાના ગુણો ધરાવતી ‘ગુજરાતની અસ્મિતા’ના આ દાયકાની શરૂઆતમાં બનેલ હિંસક વિભિષકા બાદ ચૂરેચૂરા થઈ ગયા છે તેનું પુનઃસ્થાપન તો ત્યારે જ શક્ય બને જ્યારે આ નૃશંસકાંડનો ભોગ બનેલાઓને યોગ્ય ન્યાય મળે અને દોષિતોને સજા.

'ગુજરાતની અસ્મિતા કોઈ એકાંગી, એકસ્તરીય, એકપરિમાણીય, એકધર્મિય, નક્કર સ્વરૂપ ધરાવતી નથી. પરંતુ તે તો પ્રદેશમાં અને પ્રદેશ બહાર રહેલા વિભિન્ન સમુદાયો, સમૂહોની સામાજિક, સાંસ્કૃતિક વિશેષતાઓની આગવી છટાઓને સમાવતી અને માનવતા, સમાનતા, સહનશીલતા, અહિંસા, ઉદારતા જેવા કેટલાક બુનિયાદી મૂલ્યોને પોષતી, સતત પરિવર્તનશીલ એક અનેરી જીવનશૈલી, જીવન ચેતના છે. 'અસ્મિતા' કોઈ ચોક્કસ જનસમૂહ કેન્દ્રીત ન હોય, પણ તે થકી જીવનમૂલ્યો ઉદ્‌ઘોષિત થવાં જોઈએ. ગુજરાતની અસ્મિતા દ્વારા પણ વિશ્વના સમાજને આવા કોઈ શાશ્વત મૂલ્ય-સંપુટની અપેક્ષા રહે છે. તે સર્વ સમાવેશક હોવા ઘટે કે જેથી વિશ્વભરના ઉત્તમ વિચારો, ખ્યાલોનું પ્રતિબિંબ તેમાં પડે.

**(ઘાંચીવાડ, જામનગર-૩૬૧ ૦૦૧, ગુજરાત)**

**સંદર્ભ સૂચિ :**

(૧) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ભાગ-૯
આઝાદી પહેલા અને પછી ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ.
(૨) આદિવચનો ભાગ-૧ કનૈયાલાલ મુનશી ગ્રંથાવલી-૧૨,
ગુર્જર પ્રકાશન, અમદાવાદ જન્મશતાબ્દી આવૃત્તિ.
(૩) ભારતમાં સામાજિક અને ધાર્મિક ચળવળ,
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
(૪) ‘હિન્દ સ્વરાજ્ય’ મહાત્મા ગાંધી,
નવજીવન, અમદાવાદ.
(૫) ‘ગુજરાતની અસ્મિતા’ ઉત્તમભાઈ પરમાર,
ક્રીમ એજ્યુકેશન સોસાયટી, કીમ સુરત.
(૬) ‘ગુજરાત ઘડવૈયા’ મકરંદભાઈ મહેતા, અમદાવાદ.
(૭) હિંદુ વર્ણવ્યવસ્થા, સમાજ પરિવર્તન અને ગુજરાતના દલિતો, મકરંદભાઈ મહેતા, અમદાવાદ.
(૮) ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ, ઈસ્લામયુગ
ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.
(૯) આ તે ગરવી (કે વરવી) ગુજરાત, મહેન્દ્ર મેઘાણી, જગદીશ શાહ, યજ્ઞ પ્રકાશન
ભૂમિપત્ર વડોદરા.
(૧૦) ગુજરાતનો સાંસ્કૃતિક વારસો
ડો. રસેશ જમીનદાર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

તારીખે મુંબઈમાં ગોવર્ધનરામનું અવસાન થયું. એ વાતને છ મહિના પણ નહોતા થયા ત્યાં ૧૯૦૭ના જૂનની શરૂઆતમાં એ જ ચર્નીરોડ સ્ટેશન પર ઊતરી મુનશી એલ.એલબી.નો અભ્યાસ કરવા માટે મુંબઈ આવ્યા. અને આત્મકથા 'સીધા ચઢાણ'માં મુનશી પોતે જ કહે છે: 'મુંબઈ આવ્યો ત્યારથી મુંબઈગરો થયો.' નર્મદ સુરતથી મુંબઈ આવ્યો. નડિયાદથી ગોવર્ધનરામ મુંબઈ આવ્યા. અને ભરૂચે મુંબઈને મુનશી આપ્યા. મુનશી જેવા મહત્ત્વાકાંક્ષી માણસ મુંબઈ જેવા મહાનગર પ્રત્યે ન આકર્ષાય તો જ નવાઈ. મુનશીના વ્યક્તિત્વમાં તેમના પોષાક, રહેણીકરણી, વાણીવર્તન, વિચારો, આદર્શો અને લખાણોમાં પણ જે સફાઈ, સુઘડતા, વ્યવસ્થા, મુક્તતા અને પારિષ્કૃત સંસ્કારીતા સતત જોવા મળે છે તે તેમના આ વાગદીપણાને લીધે. વિરોધીઓ અને ટીકાકારોની ખોટ મુનશીને ક્યારેય પડી નથી. તેમની હયાતીમાં, ૧૯૭૧ના ફેબ્રુઆરીની આઠમી તારીખે તેમનું અવસાન થયું. તે પછી અને આજેય તે મુનશીનો વિરોધ અને તેમની ટીકા થતા રહ્યાં છે. પણ સુજ્ઞરસિક વાચકો મુનશીને કંઈ નહીં તો તેમની નવલકથાઓને ક્યારેય ભૂલ્યા નથી. આજ સુધી તેમની નવલકથાઓ વખતોવખત ફરી છપાતી રહી છે. મુનશી તેમના જમાનાના તો એક 'બેસ્ટ સેલર' લેખક હતા જ, પણ આપણી ભાષાના તેઓ એક લોંગસેલર લેખક પણ રહ્યા છે. જે સમયગાળામાં આપણા સાહિત્ય વિવેચનમાં ઘટનારું તિરોધાન, આકૃતિનિર્માણ, ભાષાકર્મ વગેરેની બોલબાલા કરવામાં આવી રહી હતી એ જ સમયગાળામાં પ્રગટ થયેલી મુનશીની 'તપસ્વિની' અને 'કૃષ્ણાવતાર' જેવી નવલકથાઓને વાચકોએ મુક્તમને આવકારી હતી. ૧૯૬૪-૬૫ના અરસામાં સુરેશ દલાલને આપેલી એક મુલાકાતમાં મુનશીએ કહ્યું હતું: 'નવલકથામાં કળાની બીજી ઘણી કસોટી હશે પણ મારી તો એક જ શરત છે: તેમાં રસ પડવો જોઈએ. વાંચતાં રસ ન પડે તો બીજા ગમે તે ગુણ હોય હું એને નવલકથા ન કહું.'

શું જીવનમાં કે શું સાહિત્યમાં, 'જો' અને 'તો'ને અવકાશ નથી હોતો એ સાચી વાત. છતાં ક્યારેક વિચાર આવે છે: ગુજરાતીભાષાસાહિત્ય પર ગાંધીજીનો જેવો બીજાને જેટલો પ્રભાવ પડ્યો તેવો અને તેટલો ન પડ્યો હોત તો આજે 'ગાંધીયુગ' તરીકે ઓળખાતો સમયગાળો કયા નામે ઓળખાતો હોત? કદાચ 'મુનશીયુગ' તરીકે ઓળખાવતો હોત.

આજે (૩૦ ડિસેમ્બર), મુનશીના ૧૨૩મા જન્મ દિવસ 'વર્ડનેટ'ની તેમને આદરાંજલિ. અને સાથોસાથ એક ઇચ્છા: મુનશીના ૧૨૫મા જન્મ દિવસની ઉજવણીની તૈયારી આજથી જ આપણે સૌ શરૂ કરીએ.

**(સદ્ભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર" ૩૦ ડિસેમ્બર ૨૦૧૦)**

e.mail : deepakbmehta@hotmail.com

રત્નમણિરાવ ભીમરાવ જોટે ય
ચઢી ગ્યો ગોટે ....
અમદાવાદની આવી ભૂગોળ
એને પડે નહીં રે કોઠે. ...

માણેકનાથ બાવાની ધૂણી કને
એક ગાયે કર્યો રે પોદરો,
ને 'રાણીનો હજીરો' ગાળ બનીને
ભમતો હોઠે હોઠે ...

ભદ્ર કિલ્લાની દીવાલે
'બ્રા'નાં તોરણ લટકે
ને ..... સરખેજના રોજામાં
મોડેલ કે લટકે - ઝટકે .

એ ભાઈ ... ચલો, જરા હટકે ...

'વેન્ટીલેટર' પર ઊભેલું
આ કેલીકોનું ભૂંગળું,
દસ ને દસની વ્હીસલ મારવા
ઠેઠ 'બોટમ'થી ઝંખે.

સાંકડી પોળો હાઇ-વે જેવી
કોણે કરી
હાય - હાય ..
ડંડાવાળી સાઇકલ લઈને.
હેંડો ને ટ્રીન - ટ્રીન કરીએ ....
'હેરીટેજ'ના નામે કેટલું કરશો
ચાલ -ચાલ ...

આંખ મીંચીને ભીડો બાથ,
ને અહમેદશાહને કરો યાદ

લે આ તારું અમદાવાદ લે
આ તારું અમદાવાદ ...

**- વિવેક દેસાઈ**

by Vivek Desai <http://www.facebook.com/profile.php?id=1095555515> on Wednesday, 01 December 2010 at 05:11 (via facebook

•

## છે હતા ને રહેવાના

**• પંચમ શુક્લ**

ભૂત, પ્રેત, વ્યંતરડા છે હતા ને રહેવાના,
મંત્ર, તંત્રના ભરડા છે હતા ને રહેવાના.

મોઢે શીકલી બાંધો કે પહેરો લંગોટી,
પંડના આ ઉકરડા છે હતા ને રહેવાના.
સાપની જમાત આખી સાઈઝ ઝીરો થાશે પણ,
12-C ના ઊંદરડા છે હતા ને રહેવાના.
વેગ સાથે બદલાતા સઢના સર્વ સંયોગો,
જડભરત આ લંગરડા છે હતા ને રહેવાના.
નૈ ભૂલી શકો એને ટેન-પીન બોલિંગથી,
યાદના આ ભમ્મરડા છે હતા ને રહેવાના.

૨૩/૧૨/૨૦૧૦

**છંદોવિધાન: ગાલગા લગાગાગા ગાલગા લગાગાગા**

**શીકલી: મોઢે બંધાતી જાળી**

e.mail : spancham@yahoo.com

## ઘમંડ

**• ઈન્દ્ર શાહ**

એક વરસ ચઢતા થાય
એટલો ઊંચો ટાવર બાંધીને
નીમરૉડે ઈશ્વરનો ખોફ
વ્હોરેલો.
બાંધતા બાંધતા કડિયો પડે
એના કરતાં એક ઇંટ ખરે
તેનું દુઃખ વિશેષ.
એકસરખી ઇંટો જ
બાંધકામ માટે કામની,
નિરાળા પથ્થરો તો
શિલ્પીઓને માટે.
કહેવાય છે કે એક કાળે
એક જ ભાષા હતી.
ઈશ્વરે તેમને
બહુભાષી બનાવી
વેરવીખેર કર્યા
સજા રૂપે.
એ નીમરૉડનો
પુનઃજન્મ થયો છે ગુજરાતમાં.
જેણે દેશને એક કરેલો
એનું સૌથી ઊંચું
પૂતળું કંડારવાની યોજના
તે ઘડી રહ્યો છે.

e.mail : indrashah577@gmail.com

•

## કૃત્રિમ કિડની

**• અહમદ 'ગુલ'**

આજના, તાજા સમાચાર
અસલ કરતાંયે વધુ
સક્ષમ, કૃત્રિમ કિડનીની
શોધ.
કદાચ, આવતીકાલનું વિજ્ઞાન
હૃદય, ફેફસાં, મસ્તિષ્ક અને
બીજાં અનેક
કૃત્રિમ અવયવો
વિશ્વના બજારમાં મૂકશે
પછી, ધીરે ધીરે
થઈ જશે, આખો માણસ
ભીતરે કૃત્રિમ
તે પછી
કદાચિત્, એવુંયે બને
એકાદ, લોહી તરસ્યો
શાસક
એ અવયવો પહેરી
દીર્ઘાયુ પામી
રક્તની હોળી ખેલી
કંઈ કેટલા મુલકો, સપડાવી લે
એના પાશવી સકંજામાં.
અને
ન કરે નારાયણ

જ્યારે, એવું થશે, ત્યારે
અસલી માનવ, ફરીથી
ધકેલાઈ જશે
ગુલામીની ગર્તામાં
દીર્ઘકાળ !

•

## બોલીવુડ !

**• અહમદ 'ગુલ'**

Bombayમાંથી માત્ર B
Hollywoodમાંથી ollywood
કોઈ, ગુલામ માનસના
ફળદ્રુપ ભેજાંની
નીપજ … … Bollywood !!!
ભારતને wood સાથે
શી લેવાદેવા ?
એને તો સન '૪૭માં, આપણે
દરિયાપાર કરેલો
ફરી પાછા,
માનસિક ગુલામીના
ખીલા ઠોકવા
કોણ એને લઈ આવ્યું
ભારતની સરજમીન પર ?
હવે,
એ સમયની, રાજ જોઈએ
કોઈ, બીજા
Hollywoodમાંથી Holly લઈ
અને
Bombayમાંથી bay લઈ
Hollybay
નામ અપનાવે.

e.mail : ahmadlunat@yahoo.co.uk

•

હૃદયને વળગેલી
ધમનીઓ
સંકોચાઈ હશે
એનાં પોલાણોની સ્નિગ્ધતા
ખંડિત થઈ હશે
અને એ પર લપેડાયા હશે મેદનાં થર
એક ફેફસાથી વહેલો પ્રાણવાયુ
સતત ધબકતા સ્નાયુને
નહિ હોય પર્યાપ્ત કદાચ
એથી જ તો
સહેજ હાંફ સાથે જ
જાગે છે છાતીમાં
દુખાવો
તીવ્ર

**- 'બાબુલ'**

૨૦/૧૦ /૨૦૧૦, શિકાગો

e.mail : drvision@gmail.com

•

## બે કાવ્યો

**• હીમાંશુ પટેલ**

(૧)

એક સારા દિવસે અગ્નિ હતો.
રાત્રિ હતી.
અગ્નિમાં એક સારા દિવસે રાત્રે ઘર હતું.
મને હતું ઘરમાં બારી ખોલી
માછલી જેવો ચળકતો કાચ તડકામાંથી
અંદર પ્રવેશવા દઈશ.
બધું એકાએક સંતલસ થઈ ગયું.
કોઠામાંથી નીકળવું મોડું પડ્યું,
ગલમાં ઘોંચાઈ ગયેલી માછલી જેવું.
ઘરમાંથી મારે અંદર જવું હતું.
ધુમાડો વિચારોમાં ગણગણતો હતો,
ઊંઘ પૂજતી હતી અંધ-કાળ,
અગ્નિથી ધબકતા હૈયે.

**૬-૨૫-૨૦૧૦**

(૨)

હવે તો
સવારે સરરિયલ આંખો ખૂલી જાય છે.
રસોડામાં રાત્રી ભરી રાખેલો પ્યાલો
ચાથી ભરી દઉં
ત્યારે રાત્રિ મેં કરેલા સંક્ષિપ્ત અવાજમાં
નીકળી જાય છે.
રોજબરોજ આવું કર્યા જ કરું છું ….
આદત મારી નાખ્યા વગર
એ જ ખુરશીમાં એ જ મુદ્રામાં બેસી
એ જ ભરેલાં ડગલાં પાછાં ભરી
ચા પર જામેલું એ જ બાહ્યચર્મ
અને છેવટે તળીયે સુકાતું છીકણી બાકી …
અરવ - બીન-મહત્ત્વ પરિસ્થિતિ છે.

**૭-૮-૨૦૧૦**

http://himanshupatel555.wordpress.com/

•

## એ નજર …

**• વિવેક મનહર ટેલર**

હજારોની ભીડ ચીરીને
એ નજર
એ એક નજર
એ નજર
ક્ષણાર્ધમાં
ક્ષણાર્ધ માટે જ મને વીંધી ગઈ …
અને તીવ્ર થતા તડકા સામે બાષ્પીભૂતાતા ઝાકળની જેમ
આખી ભીડ …
આ જ નજરના હીંચકા પર
જિંદગીના
કંઈ કેટલા ય ખુશનુમા વરસો હીંચ્યા હતા.
આ જ નજરના ઝરણામાં
કંઈ કેટલાય સ્મરણો નાહી-ધોઈને ઉજળાં થયાં હતાં.
આ જ નજરના રસ્તે ચાલીને
કંઈ કેટલી ય ઈચ્છાઓ આંટણિયાળી થઈ હતી.
આ જ નજરના છાંયડામાં
જન્મોજનમના કોલ વાવ્યા હતા.
આ નજર મારી નજરમાં
એમની એમ જ અકબંધ લઈને
સદીઓથી
હું ત્યાં જ ઊભો હતો.
કોઈ તડકો-ટાઢ-વરસાદ-ધુમ્મસ કે આંધી
એને લગરીક પણ ધુંધળી કરી શક્યાં નથી.
આજે
અચાનક
સદીઓ પછી
એ ચિરાંકિત નજર ફરીથી રૂ-બ-રૂ થઈ.
ભીડ ગાયબ.
સમય-શબ્દ-સ્થળ-સૃષ્ટિ કંઈ જ ન રહ્યું …
ચંદ શ્વાસોની ચાલુ આવ-જા સિવાય
નિશ્ચેત દેહ લઈને
હું
એ નજરને
કાગળ પર શી રીતે ચાક્ષુષ કરવી
એ વિમાસણમાં
કદાચ સદીઓ સુધી ત્યાં જ ઊભો રહીશ …

(૨૮-૦૪-૨૦૧૦)

e.mail : dr_vivektailor@yahoo.com

•

## દાદાજી એવું ગાતા ..

**• પંચમ શુક્લ**

'કૃષ્ણ કરે તે ઠીક કરે છે': દાદાજી એવું ગાતા.
હજી ય જ્યારે સુનમુન થાઉં ત્યારે મનમાં પડઘાતા.

હજી ય મારી છીંક મહીં હા,
એ છીંકણીની ગંધ ભમે;
હજી ય પોચી કરચલિયાળી
રોજ હથેળી શીશ ફરે,
પગથી માથા સુધી ઓઢી સૂવું ત્યાં શ્વાસો થાતા.
'કૃષ્ણ કરે તે ઠીક કરે છે': દાદાજી એવું ગાતા.

ઊભડક પગ કે પદ્માસનની
મુદ્રામાં ઊતરી આવે;
અડવા જાતા ધૂપવલય શું
ખુદને પણ એ પ્રસરાવે,
ગોટે વળતાં સપનાંઓમાં ત્રુટકે ત્રુટકે સંધાતા.
'કૃષ્ણ કરે તે ઠીક કરે છે': દાદાજી એવું ગાતા.
૧૪/૧/૨૦૧૧

e.mail : spancham@yahoo.com

•

## અંજલિ સભા

**ગયા ડિસેમ્બર વેળા અવસાન પામેલાં, ૧૯૭૬-૭૮ની સુખ્યાત ગ્રનવિક હડતાળનાં આગેવાન જયાબહેન દેસાઈને જાહેર નિવાંજલિ આપવા, 'બ્રેન્ટ ટ્રેડ્ઝ યુનિયન કાઉન્સિલ'ને ઉપક્રમે, ૧૭ એપ્રિલ ૨૦૧૧ના બપોરે ઠીક ૨.૩૦ કલાકે, એક સ્મૃતિ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભા 'ટ્રાઈસિકલ સિનેમા (269 Kilburn High Rd, LONDON NW6 7JR) ખાતે મળશે.**

# ચલમનો ભડકો

• ભૂપેન્દ્રસિંહ રાઉલ

રામખિલાવન મહારાજની ગાંજો પીવાની શૈલી અદ્ભુત હતી. ઊભી ચલમ મુખના એક ખૂણે લગાવીને સતત ગાંજાના કસ ખેંચતા રહેતા. બાજુના ખૂણેથી ધુમાડાના ગોટે ગોટા નીકળતા રહેતા. એક શ્વાસે કસ ખેંચતા ખેંચતા ચલમ ઉપર ભડકો થઈ જાય, ત્યારે કસ ખેંચવાનું બંધ કરી, મિનિટો સુધી મુખમાંથી ધુમાડા કાઢે જતા. જોઈને આજુબાજુ બેઠેલા ભાવિક ભક્તો અહોભાવથી મંત્ર મુગ્ધ થઈ જતા. ઈડર પાસેના એક અંતરિયાળ ગામની સીમમાં જશુભાઈનું બાપીકું ખેતર હતું. ખેતરમાં એક કૂવો હતો. એમાંથી પાણી ખેંચવા એક ઈલેક્ટ્રિક મોટર મૂકેલી, તેને સાચવવા ઓરડી બનાવેલી હતી. બાજુમાં એક નાનું લીમડાનું વૃક્ષ હતું. રામખિલાવન મહારાજ આ લીમડા નીચે ક્યારે અવતર્યા તે કોઈને ખાસ ખબર નહોતી. આ વિસ્તારમાં ચોમાસામાં ખેતી થતી. શિયાળામાં ક્યારેક કૂવામાં પાણી સારું હોય તો થોડા ખાવા જેટલા ઘઉં પકવી લેવાતા. ઉનાળો સાવ સુક્કો ભઠ્ઠ પસાર થતો. કાળી પણ કાંકરાવાળી જમીનમાં કપાસ સારો થતો. ચોમાસામાં કઠોળ પણ સારું થતું. ઉનાળામાં કશું કામ નહિ હોય તો જશુભાઈ એકાદ અઠવાડિયું ખેતરમાં આવેલા નહિ. જ્યારે આવ્યા ત્યારે રામખિલાવન અહીં લીમડા નીચે બેઠા બેઠા ચલમના કસ ખેંચતા હતા. આધેડ ઉંમર, પાતળી ઊંચી દેહયષ્ટિ, કાબરચીતરી દાઢી, માથે એવી જ અંબોડી વાળેલી જટા, કાળો વાન. પહેલી નજરે બાવો આંખોને ગમે તેવો હતો નહિ. જશુભાઈ પણ વિચારતા હતા કે આ લપ અહીં ક્યાં પેઠું? પણ મૂળ ધાર્મિક માણસ અને પહેરવેશનું માન જાળવવા રામ રામ બાપજી કર્યા. સામેથી પણ જવાબ મળ્યો, જય રામજી કી.

'બાપજી ક્યાંથી પધારવાનું થયું?'

'સબ ભૂમિ ગોપાલ કી, હમારે લિયે સબ જગા ભગવાન કી હૈ.'

'બાપજી, હું તો ચાર દિવસથી આવ્યો નહોતો, આજે જ આવ્યો છું, ભોજન વગેરેનું શું કર્યું?'

'રામ ખિલાવે તો ખાના, વરના ઉપવાસ સમજી લેવાના. મેરા તો નામ હી રામખિલાવન હૈ.'

**

બાપજી હિન્દી મિશ્રિત ગુજરાતી બોલતા હતા. જશુભાઈને દયા આવી કે બાપજી મારા ખેતરમાં ભૂખ્યા બેઠા છે, સારું ના કહેવાય. જો કે ગામથી ખેતર ઘણું દૂર હતું, પણ થાય શું? જશુભાઈ મારતે ઘોડે ઘેર ગયા. ભોજન લઈને પાછા આવ્યા. ભોજન પતાવી, આશીર્વાદ આપી, મહારાજે ચલમ ભરી, થોડા કસ ખેંચીને જશુભાઈને ધરી દીધી. જશુભાઈ આમેય બીડીના કસ તો ગ્રામ્ય વિસ્તારમાં સામાન્ય ગણાતા વ્યસનથી ટેવાયેલા હોઈ ખેંચતા રહેતા. મહારાજની ચલમમાં કંઈ જુદો જ આનંદ હતો. બસ લાગ જોઈને મહારાજે કહી દીધું કે બચ્ચા થોડે દિન યહીં રહેના હૈ, બાદમે ચલા જાઉંગા. જશુભાઈએ સંમતિ આપી દીધી કે અપાઈ ગઈ કશું એમને જ સમજાયું નહિ. રાત્રે ઓરડીમાં સુવાની



ચલમનો ભડકો

વ્યવસ્થા થઈ ગઈ. આખો દિવસ મહારાજ રામચરિતમાનસની ચોપાઈ ગાયા કરતા. અને ચલમ ખેંચે રાખતા. જશુભાઈ પણ હવે નિયમિત આવતા થઈ ગયેલા. ભોજન પણ લેતા આવતા. આમેય હવે ઉનાળો પૂરો થવા આવેલો. કપાસ વાવવાની તૈયારી કરવાની હતી. દર ઉનાળે બોરડીનાં જાળાં આખા ખેતરમાં વધી જતાં. તેમને ખોદીને દૂર કરવા પડતાં. ખેતરમાં કામ હતું એટલે નિયમિત સવાર સાંજ આવવું પડતું. ઘણી વાર, ગામથી ખેતર દૂર હોવાના કારણે સવારે આવતા તો સાંજે જ જતા. કોઈ વાર અંધારું પણ થઈ જતું. એવે ટાણે બપોરે જશુભાઈની દીકરી, મંજુલા બપોરનું ભાતું લઈ આવતી.

**

સોળ વરસની મંજુલા ભણવામાં કંઈ ઉકાળી શકેલી નહિ. એસ.એસ.સી.માં નાપાસ થવાથી સ્કૂલમાંથી ઊઠાડી મૂકેલી. ખેતરમાં અને ઘરકામમાં મદદ કરતી. કોઈ સારો વર મળી જાય તો પરણાવી ઠેકાણે પાડી દેવી એવું વિચારતા હતા. મંજુલા બહુ દેખાવડી તો નહોતી પણ શરીરે પણ દૂબળી પાતળી હતી.

**

રામખિલાવન મહારાજ ધીમે ધીમે અહીં જામી પડ્યા હતા. જશુભાઈ એમના ભક્ત બની ગયેલા. હવે બાપજીની ચલમ વગર ચાલતું નહોતું. એક અલગ ઓરડી પણ એમની બની ગઈ હતી. એના ઉપર ધજા પણ લાગી ગયેલી. ભક્તો પણ વધવા લાગેલા. મહારાજ સુંદર રીતે ચોપાઈ ગાતા, ધર્મ ધ્યાનની વાતો કરતા. કોઈનાં દુઃખ નિવારણ માટે પ્રયત્નો પણ કરતા. નાના મોટા આશીર્વાદ આપવાનું સામાન્ય હતું. એમાં અકસ્માતે કોઈનું કામ થઈ જતું તો એને બહેલાવી બહેલાવીને કહેવામાં આવતું. ભક્તોને ખાસ તો બાપુની ચલમ ફરતી ફરતી એમની પાસે ક્યારે આવે તેનું ખાસ ધ્યાન રહેતું. ઓરડી નાની પડતા બીજી મોટી ઓરડી પણ ચણાઈ ગઈ અને એની ઉપર 'રામખિલાવન આશ્રમ' પણ લખાઈ ગયું. નવી ઓરડી વળી ભોંયરાની સગવડવાળી બની ગઈ હતી. બાપજી સવારે ભોંયરામાં સાધના કરતા. ભોંયરામાં કોઈને પ્રવેશ નહોતો, ખાલી જશુભાઈ જઈ શકતા અને દીકરી મંજુલા સાફસફાઈ કરવા જતી. કોઈવાર આ લોકોના દેખતા, ઉટપટાંગ આસનો કરતા. જશુભાઈ પૂછે, કુતૂહલ વશ થઈને, તો કહેતા કે યોગ કરતા હું, ધ્યાન કરતા હું, સાધના કરતા હું. ભગવાન કે સાથ તાર જોડા રહા હું.

**

જશુભાઈને ઓણસાલ વરસાદ સારો થવાથી કપાસ તો સારો થયેલો, પણ શિયાળામાં કૂવામાં પાણી પણ સારું ચાલ્યું. એના કારણે ઘઉં અને થોડી વરિયાળી પણ સારી થઈ. બધું બાપજીની સેવાને કારણે થયું એવું મન માનવા લાગેલું. બાપજીની ચલમ પીવાની અદ્ભુત આવડતથી જશુભાઈ સંમોહિત હતા. એમના જેવો ચલમ ઉપર ભડકો કોઈ કરી શકતું નહિ. જો કે તમાકુમાં ચરસ અને ગાંજો ઉમેરાતો તેનાથી બધાને એમની ચલમનું વ્યસન થઈ ગયેલું. હવે બાપજીની ચલમ મફત ના પિવાય તેથી પૈસા પણ લોકો દાન તરીકે આપતા. રાત્રે શંકાસ્પદ માણસો આવતા. અને બાપજી જોડે ભોંયરામાં મંત્રણાઓ કરી ચાલ્યા જતા. કોઈવાર રાતવાસો કરવા આવતા તો જશુભાઈને બાપજી ખુલાસો કરી લેતા કે મેરે ભક્તજન હૈ, દૂર સે આતે હૈ. ધીમે ધીમે જશુભાઈએ પણ રાતવાસો કાયમનો કરી નાખેલો, એનું મૂળ પેલી ચલમ હતી. જશુભાઈને પણ ખબર તો પડી ગયેલી કે ચલમમાં ગાંજો હોય છે પણ હવે એનાથી છૂટવું નહોતું. આખો દિવસ ચમત્કારની વાતોમાં જશુભાઈ રમમાણ રહેતા. અનાયાસે બાપજીના એજન્ટ બની ચૂક્યા હતા.

**

બાપજી કહેતા કે દેખ, જશુ, થોડે દિન મેં યહાં તેરે ખેત મેં પ્લેન ઉતરેંગે. બહોત બડે નેતા લોગ આયેંગે. જશુભાઈ અહોભાવથી જોઈ રહેતા. બાપજી ફેંકવામાં નંબર એક હતા. જશુભાઈ અહોભાવથી મોહિત બની રહેવામાં નંબર એક હતા. એકવાર બાપજીએ જશુભાઈને કહ્યું, અબ મંજુલા બેટી કો હમ યોગ શીખાના મંગતા હૈ. દેખના લોગ તેરી બેટી કે પાવ પડેંગે. મુજે ઉસ કા ભવિષ્ય બહોત ઉજ્જ્વળ દેખાઈ દેતા હૈ. લોગ ઉસે ગુરુમાઈ કહેકર પુકારેંગે. જશુભાઈ તો ખુશ થઈ ગયા. મારા અહોભાગ્ય કે મારા ઘેર આવી દીકરી અવતરી. પહેલાં તો અભાગણી કહેતા હતા. મંજુલાએ શરૂમાં તો કંઈ શીખવું નથી કહી, ના પાડી. પિતાનો આદેશ; અને મંજુલા ભોંયરામાં યોગના આસનો શીખવા લાગી. દીકરી વહેલી સવારે આઠ વાગે ખેતરમાં હાજર થઈ જતી. શરૂમાં પિતાના દેખતા બાપજી આસનો શીખવતા. પછી ધીમે ધીમે જશુભાઈને બંધ કર્યા કે હવે આગળની સાધનામાં કોઈની હાજરીથી વિક્ષેપ પડે. કલાક પછી બાપજી ઉપર આવી જતા અને જશુભાઈને કહેતા, જાવ બેટી કા દર્શન કર કે આવ. કૈસા ધ્યાન લગ ગયા હૈ? ભગવાન કે સાથ તાર જૂડ ગયા હૈ. અવાજ મત કરના. જશુભાઈ નીચે જઈ આંખો બંધ કરી પદ્માસનમાં બેઠેલી બેટીને પગે લાગી આવી જતા. અહોભાવમાં વધારો થઈ જતો.

**

જેમ જેમ મંજુલાની સાધના આગળ વધતી જતી હતી તેમ તેમ એનું રૂપ ખીલવા માંડ્યું હતું. શરીર પણ ભરાવા માંડ્યું હતું. મંજુલા હવે શરીરનું ધ્યાન વધારે રાખતી થઈ ગઈ હતી. હોઠ પર લાલી પણ લગાવતી થઈ ગઈ હતી. જશુભાઈ વિરોધ કરતા તો બાપજી રોકતા : બચ્ચી કો મત ડાન્ટો, સાક્ષાત્ જોગમાયા દીખતી હૈ. બાપજી આગળ જશુભાઈનું કશું ના ચાલતું. પાછું સવારે સાધના પછી જશુભાઈ ધ્યાનમગ્ન દીકરીને પગે લાગી આવતા એટલે તે જે કરે તે બધું યોગ્ય લાગતું. સવારે હવે સાધનાનો દોર ભોંયરામાં લંબાઈ જતો હતો. ઉપર આવીને બાપજી ચાપાણી કરતા. જશુભાઈ બધું તૈયાર રાખતા હતા. બાપજીની કાબરચીતરી મૂછોને લાગેલો લાલ રંગ ચામાં ઓગળી જતો. જશુભાઈને એ રંગ દેખાતો નહિ. સીધા દોટ મૂકીને ધ્યાનસ્થ દીકરીને પગે લાગવા દોડી જતા.

**

આજે આશ્રમ ઉજ્જડ છે. રાજયોગ કે કામયોગ ? – વિચારતું સાક્ષી એવું ભોંયરું ખાલી પડી રહ્યું છે. 'રામખિલાવન આશ્રમ' લખેલા પર કાળો કૂચડો ફેરવાઈ ગયો છે. જશુભાઈ વિલા મોઢે, આંખના ખૂણે એક અશ્રુ બિંદુ જાળવી, એકલા લીમડા નીચે બેઠા હોય છે, જ્યાં પહેલીવાર બાપજી અવતરેલા. વહાલસોઈ દીકરી માટે હવે વર શોધવાની પળોજણ રહી નહોતી. રામખિલાવન મહારાજની ગાંજો પીવાની શૈલી અદ્ભુત હતી. એક શ્વાસે ચલમ ખેંચતા ઉપર ભડકો થઈ જતો.

**(નોંધઃ- સત્યઘટના ઉપર આધારિત વાર્તા છે.)**

http://brsinh.wordpress.com/2010/12/24/ચલમનો-ભડકો/

# ફાર્બસ ગુજરાતી સભાની અપીલ

સન્માનનીય સ્નેહીજન,

આપણી આ 'ફાર્બસ ગુજરાતી સભા'ની સ્થાપના ઈ.સ. 1865માં, ગુજરાતી સંસ્કૃતિ અને સાહિત્યનાં સંશોધન, જાળવણી અને વિકાસ માટે, ફાર્બસસાહેબ, મનઃસુખરામ ત્રિપાઠી વગેરે વિદ્યાપ્રેમીઓ દ્વારા, તે સમયના આપણા શ્રેષ્ઠિઓ અને શાસકોની ઉદાર સહાયથી થઈ. ઈ. 2015માં ગુજરાતીઓની એ સભાની સ્થાપનાને દોઢસો વર્ષ પૂરા થશે. દોઢસો વરસ પહેલાના, સંસ્કૃતિ, સાહિત્ય અને ગુજરાતીપણાના (આપ જેવાને અત્મીય લાગે એવા) ચાહકોએ જે કામની શરુઆત કરી હતી, એ કામની નોંધ આ દોઢસો વર્ષમાં વિદ્વદજગતમાં લેવાઈ છે. ફાર્બસ સભામાં જળવાયેલી હસ્તપ્રતોનો ઉપયોગ દેશ-દુનિયાના સંશોધકોનાં પુસ્તકોમાં થયેલો જોવા મળે છે.

સભાનું વિચારપત્ર, "ફાર્બસ ત્રૈમાસિક" 1936માં અમ્બાલાલ બુલાખીદાસ જાનીના સમ્પાદનમાં શરુ થયું. સંશોધન-વિવેચન-સંસ્કૃતિ ચિંતનના આ સામયિકે 2010માં એના પંચોતેરમા વર્ષમાં પ્રવેશ કર્યો. 2011માં ગુજરાતીઓની આ સભાના આ સામયિકના સળંગ પ્રકાશનનાં પંચોતેર વર્ષ પૂરાં થશે.

એના લેખકમંડળમાં મહિપતતરામ નીલકંઠ, નરસિંહરાવ દીવેટિયા, કનૈયાલાલ મુનશી, ઈમામુદ્દીન દરગાહવાલા, હરિપ્રસાદ શાસ્ત્રી, બળવન્તરાય ઠાકોરથી, કાકા કાલેલકર, એરચ તારાપોરવાલા, ઉમાશંકર જોશી, કે કા શાસ્ત્રી, હરિવલ્લભ ભાયાણી, જયંત કોઠારી, ભોગીલાલ સાંડેસરા, રામલાલ મોદી, મુહમ્મદ ઉમર 'કવિ કોકિલ', મંજુલાલ મજમુદાર, ભૂપેન્દ્ર ત્રિવેદી અને સુરેશ જોશી સહિત, મધુસૂદન ઢાંકી, નરોત્તમ પલાણ, ચન્દ્રકાંત ટોપીવાલા, સુમન શાહ, શિરીષ પંચાલ, અજીત ઠાકોર. નીરવ પટેલ સુધીના અને આજના બીજા વિવિધ સંશોધકો, સંસ્કૃતિ-વિચાર-કારો, સર્જનાત્મક સાહિત્ય અંગે ઊહાપોહ કરનારા લેખકોનો સમાવેશ થયો છે. ગુજરાતની સંસ્કૃતિનાં બહુવિધ આયામો અંગે, એનાં ભૌતિક, વૈચારિક, ભાવાત્મક અને સાહિત્ય-કલા-પરક પાસાં અંગે, રસપ્રદ અને વિશ્વસનીય સંશોધનો, અભ્યાસો અને આલોચનાઓ ઊંડું ખેડાણ કરનારા લેખકોના સહકારથી આ સભા સામયિકમાં પ્રકાશિત થતાં રહ્યાં છે.

ગુજરાતી સભાના આ સામયિકને, એના પંચોતેરમા વર્ષની પૂર્ણાહુતિના પ્રસંગે, આપની શુભકામના મળે, તો ઘણો આનન્દ થશે. સંશોધન અને સંસ્કૃતિ-વિચારનું આ સામયિક ચાલતું રહે, વધારે પાંગરે, એનું લેખક અને વાચક મંડળ વિસ્તરતું રહે, એ માટે આ શુભ અને ઐતિહાસિક પ્રસંગે આપના તરફથી આપને અને આ ગુજરાતી સભાને શોભી ઊઠે એવી આર્થિક સહાય મળે, એ વિનંતી અને અપીલ.

અમારી લઘુતમ અપેક્ષા પહેલાં રજૂ કરીએ ! આપના નામથી આ સામયિક (આપની પસન્દગીની અથવા અનુમતિ સાથેની) પચીસ વિદ્યાસંસ્થાઓ (કોલેજો, સ્કૂલો, છાત્રાલયો) સુધી, એક વર્ષ સુધી, પહોંચે, એ માટે આપ માત્ર રૂ. 7,500/- નું અનુદાન કરશો ?

અમારું લઘુતમ અને આપનું લઘુતમ જૂદાં હોવાનો પૂરો સમ્ભવ છે ! તો બીજા બે-ત્રણ વિકલ્પો : **1.** 25 વિદ્યાસંસ્થાઓને આજીવન લવાજમ આપના તરફથી મળે એ માટે રૂ. 3000 x 25 = 75,000/- (પંચોતેર હજાર રૂપિયા) –નું અનુદાન આપ કરો. ( રૂ. 25,000નું અનુદાન આપના તરફથી મળે તો બીજાં બે એવાં અનુદાનો સાથે જોડવાનું અમે કરીશું.) **2.** 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક ભંડોળ' માં આપની ઈચ્છા મુજબ અનુદાન આપો.

આપની અનુકૂળતા ટેલિફોન પર જાણી, પ્રત્યક્ષ આપને મળવાનું ગોઠવવાનો પ્રયત્ન કરીશું. એમ રૂબરૂ મળીએ ત્યારે, અથવા સંસ્થાના ઉપર લખ્યા સરનામે આપના ઉદાર અનુદાનની રકમ, ચેક કે ડ્રાફ્ટ ('ફાર્બસ ગુજરાતી સભા', એ નામે લખી) મોકલી આપવા વિનંતી.

તમારો સ્નેહ અને તમારી સહાય અમને મળતી રહેશે, એ આશા.

સ્નેહાદર સાથે,

**સિતાંશુ યશશ્ચન્દ્ર,**

સમ્પાદક, ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક
કીતન કેન્દ્રને ત્રીજે માળે, સંત જ્ઞાનેશ્વર માર્ગ, જૂહુ, મુમ્બઈ 400 039

# એતાનશ્રી –

### 'સિંધુ' - 'સિંહપુર' અને 'સાહુ'

• "ઓપિનિયન"ના છેલ્લા અંકમાં, મધુ રાય અને બીજાઓની ઈંગ્લિશ અને ફારસી / અરબી શબ્દોના ગુજરાતી સ્પેલિંગ બાબતે હૈયાવરાળ વાંચી.

મને લાગે છે કે ગુજરાતીઓએ શુદ્ધ ઈંગ્લિશ બોલવું અને લખવું જોઈએ. પણ આપણે ગુજરાતીમાં પર-ભાષી શબ્દોનાં વ્યાકરણ વિશે ચિંતીત રહેવાની જરૂર નથી.

ગ્રીક અને ફારસીભાષી યોદ્ધા અને લૂંટારા જો 'સિંધુ' શબ્દને ઉચ્ચારી શક્યા હોત, તો ભારત 'ઈન્ડિયા' નહીં, પણ 'સિંધિયા' તરીકે ઓળખાત અને આપણે 'હિન્દુ' નહીં, પણ 'સિન્ધુ' ધર્મના ગણાત. દુર્ભાગ્યે તે લોકોએ 'સિંધુ'ને

'ઈન્ડસ' કહેવડાવી. આવા હજારો ઉદાહરણો શોધકર્તાઓ પાસે છે. તમને 'સિંહપુર' ગમે કે 'સિંગાપોર', 'બોમ્બે' લેશો કે 'મુંબઈ'. ચેતન 'શાહ' સાચું કે ચેતન 'સાહુ' ('સાધુ' મૂળમાંથી).

**- ચેતન શાહ**
જેદ્દા, અલ અરબીઆ અલ સુઉદીઆ
e.mail : chetan.gshah@gmail.com

## જમાનો બદલાયો

ઓરે ઓરે જમાનો બદલાયો
કેવો સાવ જમાનો બદલાયો
પહેલાં મગન ત્રાજવે શાક ભાજી તોળતો'તો,
હવે? હવે ટેસ્કોમાં પ્રીપેક વેંચાય છે ....જમાનો
પહેલાં રમુભાઈ શાકભાજી તોળતા'તા,
હવે? હવે રાજુ પ્લાસ્ટિક બેગ પકડાવે .... જમાનો
પહેલાં દેવજી દૂધ દહીં દેતો'તો,
હવે? હવે અમૂલની પોટલી પામીએ .... જમાનો
પહેલાં ઘેર ઘેર રમેશ છાપું આપતો'તો,
હવે? હવે ઈન્ટરનેટ પર ખબરું વંચાય છે .... જમાનો
પહેલાં તનસુખ ટપાલી ટપાલ લાવતો'તો,
હવે? હવે ઇનબોક્સમાં નજરું નંખાય છે ....જમાનો
પહેલાં પોસ્ટકાર્ડ કવર અમે લખતાં'તાં,
હવે? હવે ઈ મેઈલમાં કાગળ લખાય છે .... જમાનો
પહેલાં ચીઠ્ઠી ચપાટી દોસ્તો લખતા'તા,
હવે? હવે એસએમએસ 'ને ટેક્સ્ટ ટપકાવાય છે .... જમાનો
પહેલાં રંજન, દિવ્યા હંસા સાથે હસતાં'તાં,
હવે? હવે ટીવીમાંના ચહેરા હસે છે .... જમાનો
પહેલાં ફૂલના હારતોરા પહેરતાં'તાં,
હવે? હવે પીનકોડ 'ને પાસવર્ડ પહેરાય છે ... જમાનો
હોવ્વે હોવ્વે જમાનો બદલાયો
પેલો જૂનો જમાનો બદલાયો
હવે મારો જમાનો બદલાયો .......

છેલ્લાં ત્રીસેક વરસ દરમ્યાન, આપણા રોજબરોજના જીવનમાં આવેલા કેટલાક ફેરફારોનો થોડા ગમા-અણગમા સાથે આપણે સહુએ સ્વીકાર કર્યો જ છે. આધુનિક સગવડોનો આપણે સહુએ હોંશે હોંશે સ્વીકાર કર્યો છે અને તેના લાભો પણ અચૂક માણીએ છીએ, તેની ના નથી. એની આડ અસર એ થઈ છે કે શાકવાળો કદીક આદુ –મરચાં ઉપરથી આપતો, કરિયાણાના વેપારી બહેનને ચપટીક મમરા વધુ આપતા, ભાભીની મશ્કરી કરીને એનું મન જીતી લેતા તો વળી બાની થેલી ઉપાડીને રિક્ષામાં મૂકી આપતા, એ બધું હવે અનુભવવા નથી મળતું. વેપારીઓની ઘરાકી સચવાતી એ ખરું, પણ એમાં માનવતાની સુવાસ પણ હતી કે નહીં ? કહો જોઉં, ભલા ?

જો સુપરમાર્કેટ, ઈન્ટરનેટ અને ટેલિવીઝનની પકડ વધતી જશે તો આવતાં ત્રીસ વર્ષોમાં માણસને ઘરની બહાર જવાની જરૂર નહીં પડે, એકબીજા સાથે આંખ માંડીને વાત નહીં કરે અને પોતાની સારપ બતાવવાની તક નહીં મળે તો આ માણસ માનવ છે એમ ખબર શાથી પડશે? કદાચ કોઈ ઈલેક્ટ્રોનિક સાધનની મદદથી એના માનવીય ગુણોનું માપ કાઢવાની રીત શોધાશે?!

ત્યારે હું તો મારી ત્રીજી પેઢીને ઉપલું ગીત ગાઈ સંભળાવીશ : જય જૂનો જમાનો!!!!

**- આશા બૂચ**
e.mail : ten_men@hotmail.com

## એ જ છલંગ એ જ ન્હોર, નેત્રમાં ય એ જ તેજ એ જ તોર

• "ઓપિનિયન"ના નવેમ્બર અંકનો ઉઘડતો લેખ નટવર ગાંધીનો છે - 'ગુજરાતી ડાયસ્પોરા લેખન - સ્વતંત્રતાની હાકલ'. એમણે ટાંકેલી કેટલીક વાતો સ્પર્શી ગઈ. પ્રગટ થતાં પુસ્તકોનાં અવલોકનો આપતાં સમસામયિકોમાં પુસ્તકોનાં વેંચાણ વધારને સારું જાહેરાત આપવાનું પ્રકાશકોને આજકાલ સૂજતું નથી તેમાં ય એ જણાવે છે : ઓગણીસમી સદીમાં અમેરિકી સાક્ષરોની પાકટતા પામીને બ્રિટિશ સમસામયિકો ત્યાંના સાક્ષરોનાં લખાણો છપાય તે માટે પ્રયત્ન કરતા રહેતા, જે લોકોને સુલભ રહેતું. ગહન ચિંતક રાલ્ફ વાલ્ડો એમરસને અમેરિકી લેખકોને સ્વાશ્રયી બનવા પડકાર ફેંકેલો. અને તેમણે કહેલું : 'પોતાની ભૂમિના મબલખ જીવનમાંથી પ્રેરણા લઈને સર્જન કરતા રહો ... તે માટે સર્જનાત્મક આચરણ અદા કરતા રહો; સર્જનાત્મક કૃત્યો હોવા પડવાનાં અને ન્યાયી સમજણ ... તમારા ખુદ પર મદાર રાખજો. કોઈની નકલ કદિ ય ન કરશો. ... દરેક પળે તમારી જાતને સમગ્ર જીવનના ખેંચાણમાંથી ઉત્તરોત્તર વર્ધિત જોમપૂર્વક ભેટ સોગાદ ધરી શકશો ... '

ઉત્તમ સલાહ સૂચન સૂચવતા, ધન્ય કરી દેતા શબ્દો ... ! આ ઉપરાંત સાહિત્ય સંમેલનો - સાહિત્ય સભાઓ સંચાલકોએ પણ પોતાની સક્રિયતા દાખવવી જોઈએ. સ્થાનિક લેખકોએ પણ સભાબેઠકો રાષ્ટ્રીય સ્તરે ભરવી જોઈએ. સુંદર લખાણ - સુંદર અને સુલભ મૂળ અંગ્રેજીનું ભાષાન્તર. ધન્યવાદ.

આ ઉપરાંત, હરીશ ત્રિવેદીનો લેખ, 'શબ્દચિંતન' નામે ર.કા. ભટ્ટનો તેમ જ સંભારાણાં પત્રો - જુગલકિશોરનો લેખ પણ ગમી ગયા. વિષયવૈવિધ્ય સાથે વિવેચનાત્મક લેખો અવશ્ય ઘણા જ સુલભ બન્યા છે. હા ... વિશેષ તો 'સુણો ગુણીજનો, મારું નિવેદન' નામે વિરાફ કાપડિયાએ તો છંદોબધ્ધ રીતે અમેરિકાની 'ગુજરાતી લિટરરી અકાદમી'નો ૨૦૧૦નો અહેવાલ વર્ણવીને સાહિત્યસંમેલનો, સંસ્થાપકો અને સભ્યોના વાણીવ્યવહાર અને માનસિકતાનું ખૂબ ઝીણું ઝીણું કાંતીને તૈયાર કરેલું - વણેલું અફલાતૂન 'પોત' તૈયાર કર્યું છે. તેમની કલમ, શબ્દચિંતન અને શબ્દસાધનાને અમારા અંતરથી ધન્યવાદ. સરકતી સરિતાની જેમ સરકતી કલમે અવશ્ય ચિર:સ્થાયી અસર ઉપસાવી છે. પહેલાં કહેવાતું કે ઢાકાના કારીગરોનાં કાપડ કે સાડી એક જ વીંટીમાંથી આબાદ સરકતી જતાં હતાં તેવાં જ ઉત્તમ સાહિત્યસર્જન તેઓ કરતા રહો.

સદર કાવ્યછણાવટમાં તે જણાવે છે : નિરંજન ભગત માટે 'એ જ છલંગ એ જ ન્હોર, નેત્રમાં ય એ જ તેજ એ જ તોર ... ' 'એ ખુમાર એ ખમીર આત્મા એ જ તેજ એ જ હીર.' તો વળી, ભોળાભાઈ પટેલ માટે તેમના શબ્દો પડઘો પાડે છે : 'એના એ ડુંગરા ... પડઘી રહે સૌએ ... સાથે શ્રોતા પણ લયે લયે ... ' ખૂબ જ સ્પર્શી જાય તેવું લખાણ.

વર્ષા અડાલજાનાં અંતરમાંથી ઝંકૃત થતી પીડા માટે શબ્દ સ્ફૂરે છે - માતા થતી નવયૌવનારૂપે બીજપ્રાપ્તિ ધરતીબાળ ... નિજમાં સ્વસ્વનું સિંચન કરી પાંગરિત રહેતી સર્જનપ્રક્રિયા અને અંતે સમાપ્તિએ ફળપ્રાપ્તિએ ફળતું માતૃત્વ ... યાતનાગ્રસ્ત નારી પાસે પ્રબળતા પામતી; પ્રભુનું સ્મિત સમું સર્જન ... ! સર્જનપ્રક્રિયા પણ એ જ સ્તરે એવી રીતે થતી રહે છે ને ?

અમે અહીંના ઘરદીવડાનો પ્રકાશ પાથરતા રહીશું, એની નોંધ અન્યત્ર લેવાય ન લેવાય, કોઈ વાંધાવચકા લેતા નથી; પથરાતો પ્રકાશ કંઈક તો પ્રદાન કરતો રહેશે. હા ... હૈયે ઊંચા શિખરોનાં સપનાં તો સર્જાતાં રહે. હૈયે હામ પણ હોય જ. અમારા હૈયાં ઓરતા જાગતા રહે, કદિ ન ઓલવાય એમ માનસ પર અંકિત થતા રહે ... તમે આપેલી કંઈ કેટલી ય હૈયાધારણા, ટકોર - થાબડ ... સ્મૃતિઓ સળવળે છે હરહંમેશ ... ! હા, અહીં બેઠાં બેઠાં સર્જાતાં સાહિત્યને પ્રગટ કરવા કેટકેટલું મથવું પડે છે તેનો તો જેને અનુભવ થયો હોય તેને જ ખબર હોય ... હા, રચાતી રચનાઓ વિષયક વિવેચનો, વખાણો કે વિશ્લેષણોથી ગભરાઈ જવાથી શું વળે ? કાં તો લખાતું બંધ થાય અથવા લખાણોનાં ઉન્નત પ્રમાણો પ્રકાશન ન પામે. બધે ય ઊંચી, દુર્ગ સમાન દીવાલો રચાઈ ગઈ હોય, વ્યવસાયલક્ષી ધોરણો ય ખરાં અને ગાંઠનાં ગોપીચંદન ઘસીને કેટલું પ્રસિદ્ધ પ્રસાર પામે ? તેમાં ય વળી, તેની સમાલોચનાની ધારદાર કેટલી તીવ્ર હોય ! હા, સાચા સર્જક તો સમાજને કંઈક ને કંઈક પ્રદાન કરતો રહેવાનો ... હૈયે એક આશાવાદ તો જાગે છે ...

વિદેશના સર્જકોનું સર્જન ઊંચું નિર્ણાયક પરિબળ બને તે દૃષ્ટિએ તમારું મંતવ્ય અને મૂલ્ય સ્વીકાર્ય તો ખરું જ. ક્યાંક પ્રસિદ્ધ થતા રહેતા અત્રેની વિદેશી રચનાઓનું સંપાદન 'વાર્તાની છાજલી' કે 'સમરણો દરિયાપારના' જેવાં બીજા અનેક થતાં રહે તો ... આછાપાતળા સર્જક ચહેરા અવશ્ય ઉપસતા માલુમ પડશે જ. અને વાંચકો, ભાવકો કે વિવેચકો આવા સંચયોને અવશ્ય આવકારશે જ. 'વાર્તા વતુળ' જેવી બેઠકોમાં પણ બિનજરૂરી ચર્ચાઓ છોડી દઈને મૂળ હેતુઓ વાર્તાઓ કે સર્જનપ્રક્રિયા વધુ ધારદાર થતી રહે એ રીતે સંચાલિત થતી રહેશે અને સર્જનનો વ્યાપ વિસ્તરો રહેશે.

**- ઉપેન્દ્ર ગોર**
[24 Fernbank Avenue, SUDBURY HILL, Middlesex HA0 2TR, U.K.]

**(અનુસંધાન છેલ્લા પાન પરેથી)**

'બની શકે. બધું બની શકે ... પણ હવે એક વાર નિર્ણય લેવાઈ ગયો, એમાં ફેરફાર કરવાની મને કોઈ ઈચ્છા નથી.' 'જીવનમાં કેટલીયે વાર આપણે આપણા નિર્ણયો ફેરવતા નથી હોતા ? દૃષ્ટિ થોડી બદલીએ. થોડા પોઝિટીવ થઈએ તો બની શકે દુનિયા કંઈક અલગ પણ દેખાય.'

'કદાચ તમારી વાત સાચી હશે.' 'કદાચ નહીં. … સો ટકા સાચી જ છે.'

દિશા જાણે એક ઝનૂનમાં આવી ગઈ. 'હશે. પણ મારે હવે એવું કશું વિચારવું નથી. જીવવા માટે આટલા બધા સમાધાન કરવાના હોય ... ડગલે ને પગલે આપણે જ ....' સામે છેડેથી શબ્દો અધૂરા જ રહ્યા.

'મુશ્કેલીઓથી હારીને રણમેદાન છોડી દેવું. એ તો કાયરતા કહેવાય ....'

દિશાની કાઉન્સેલરની ભૂમિકા અનાયાસે આગળ ચાલી.

'ઘણીવાર સાવ નાની વાતમાં આપણે આવેશમાં આવી જતા હોઈએ એવું પણ બને.'

'હા, બની તો બધું શકે ... આમ તો કોઈએ કહ્યું જ છે ને કે એક દરવાજો બંધ થાય, ત્યારે બીજો આપોઆપ ખૂલે છે. ફક્ત આપણી દૃષ્ટિ જ એ ખુલ્લા દરવાજા તરફ બદલવાની જરૂર હોય છે. હમ્બગ બધું ...'

'અને કોઈ દોઢડાહ્યા કવિએ તો વળી ગાયું જ છે ને કે .. **'આગલા વળાંકે વાટ જુએ છે વસંતો ....''**

'કવિઓને બીજું કામ પણ શું હોય છે ?'

'અરે, વાહ.! તમે તો કવિતાના શોખીન લાગો છો ?' 'કવિતા ? સારું છે, તમારું નામ કવિતા નથી. સમજાયું નહીં ...'

'મને પણ પૂરું ક્યાં સમજાયું છે ? આમ પણ આપણે બધી વાત સમજીને જ બોલીએ છીએ એવું થોડું છે ? સમજ્યા વિના પણ જીવનમાં કેટકેટલું થતું હોય છે .. કરતા હોઈએ છીએ.'

'તમે તો સારું એવું વાંચ્યું લાગે છે ... અભ્યાસી છો ..' 'થેન્કસ ફોર કોમ્પ્લીમેન્ટસ ... પણ વાંચેલું બધું અમલમાં થોડું મૂકી શકાય છે ? એ બધું તો પોથીમાંનાં રીંગણ જેવું. બીજાને કહેવું આસાન છે .. બાકી પોતાની ઉપર થોડા પ્રોબ્લેમ આવે ત્યારે પોતે બધું ભૂલી જાય છે. જુઓ કોઈ હૈયાફૂટો લેખક શું કહે છે ? – 'ફૂલે નિઃસાસો નાખ્યો, હાય ... મારું ઝાકળબિન્દુ સૂકાઈ ગયું .. પણ સવાર પડી ત્યારે આસમાનનો તો આખો તારાલોક ખોવાઈ ગયો હતો.'

'લેખકોને તો ઠીક છે લખી નાખવું છે.' 'ના, ના, સાવ એવું તો નથી. ઘણાં પુસ્તકોએ અનેકની દુનિયા બદલી નાખી હોય એવા ઉદાહરણોની ખોટ નથી જ.'

'તમારી વાત વિચારવા લાયક તો ખરી જ. અને સાચું કહું તો કયારેક મને એવો વિચાર પણ આવે છે કે હું તો આત્મહત્યા કરીને છૂટી જઈશ .. મારે તો પછી કંઈ જોવાનું રહેતું નથી ... પણ એટલો સ્વાર્થી હું થઈ શકું ? કદાચ આપણા જવાથી દુનિયાને ખાસ કોઈ ફરક ન પડે. પણ ... પણ એકાદ બે વ્યક્તિ તો ક્યાંક હોવાની જ. જેમને આપણા જવાથી ખરેખર દુઃખ થાય. અને તેથી જ આટલા સમય સુધી વિચારતો હતો.' 'તે વિચારી વિચારીને અંતે તો આવું નેગેટિવ જ વિચાર્યું ને ?' 'શું કરું ? આદત સે મજબૂર ...' 'ના, ના, એમ કહીને છૂટી જવાનો આપણને કોઈ હક નથી. આપણી અત્યાર સુધીની જિંદગીમાં કેટલાયે લોકોનો ફાળો હશે જ. માતા પિતા, સગાં વહાલાંઓ. મિત્રો .. કોઈક તો હશે જ જેમણે આપણા માટે .....'

બોલતાં બોલતાં દિશા અચાનક અટકી ગઈ. પોતે આમ વાતોના પ્રવાહમાં આવીને કોઈ અપરિચિત વ્યક્તિ સાથે આ બધું શું બોલી રહી છે ? અને એ પણ ક્યારે ? જ્યારે પોતે પણ મરવાનું નક્કી કરી લીધું છે. આ ક્ષણે આવી કોઈ દલીલો પોતાને શોભે ખરી ? પણ ના, પોતાની દલીલોથી કોઈનું જીવન બચી શકતું હોય તો .... જતાં જતાં એક સત્કાર્ય .....'

'કેમ, તમે પણ બોલતા બંધ થઈ ગયા ને ? પોતાની વાત આવે એટલે બધા આમ જ .. બીજાને ઉપદેશ આપવો કે મોટી મૉટી વાતો કરવી જ આસાન છે. અમલ આસાન થોડો જ છે ?'

અને હું જાણું છું કે હવે તમે આવું જ કશું લેક્ચર કરશો કે જીવન અણમોલ છે. અરે, સમાજમાં આપણાથી વધારે દુઃખી અગણિત લોકો છે .. હશે .. તેમના તરફ દૃષ્ટિ રાખીએ ત્યારે જ સમજાય કે ઈશ્વરે આપણને કેટલું આપ્યું છે ...!' 'આવું જ કંઈક કહેવું છે ને તમારે ? અરે, મેડમ, .. આવું ઘણું બધું હું સાંભળી ચૂક્યો છું ... અને મને હવે એની કોઈ અસર નથી થતી.'

દિશાને થોડો ગુસ્સો ચડયો. બધું જાણવા છતાં જેને સમજવું જ નથી .. એને કોણ સમજાવી શકે ?

છતાં ... જાણ્યા પછી કોઈને આમ મરવા થોડા દેવાય ? જિંદગી કંઈ આમ ફેંકી દેવા માટે થોડી જ છે ?

'જુઓ મિસ્ટર, તમે જે હો તે ... પણ ... લેટ મી ટેલ યુ વન થીંગ .... તમે નિર્ણય ભલે કરી લીધો, પણ એક કામ કરો .. તમે વધારે નહીં તો એક દિવસ માટે તમારો આ વિચાર મુલતવી રાખી ન શકો ? આત્મહત્યા કરવી જ હોય તો આવતીકાલે કરો તો પણ ચાલેને ?'

'એક દિવસમાં શું ફરક પડી જવાનો ?' 'એ તો મને પણ નથી ખબર ... પણ કદાચ તમે આ પગલું કોઈ ક્ષણિક આવેશમાં લીધું હોય ... બની શકે આવતી કાલનો સૂરજ તમારે માટે કોઈ શુભ સંદેશ લઈને પણ ઊગે .... તમારા કારણોની તો મને જાણ નથી .. પણ બની શકે, કાલે તમને જિંદગી જીવવાલાયક પણ લાગે ... તમે જ કહ્યું તેમ આગલા વળાંકે કોઈ વસંત તમારી પ્રતીક્ષામાં .....'

'દલીલ પૂરતી તમારી વાત સાચી છે. તમને લોકોને સમજાવતા સારું આવડે છે. તમે એક કામ કરો ને .. એક કાઉન્સેલિંગ સર્વિસ ખોલી નાખો .. સારી ચાલશે.'

'તમારી ઉપર મારા કાઉન્સેલિંગની કોઈ અસર થતી નથી તો મારી સર્વિસ સારી ચાલશે એમ કેમ કહી શકાય ?' 'કોણે કહ્યું ? અસર નથી થઈ ?' 'એટલે ? તમે ... તમે મારી વાત સ્વીકારી ?' પોતે ઉત્સાહમાં કેમ આવી ગઈ તે દિશાને સમજાયું નહીં.

''આ પળે તો લાગે છે એક વધુ દિવસ રાહ જોવાનું તમારું સૂચન કંઈ ખોટું તો નથી જ. વિચારવાલાયક તો ખરું જ.'

'ફક્ત વિચારવાલાયક જ નહીં .. અમલમાં મૂકવાલાયક પણ ખરું જ ..'

દિશાએ ભારપૂર્વક પોતાની વાત દોહરાવી.

'ઓ.કે. .. મેડમ, .. તમે જીત્યા ... અને હું હાર્યો ... તમારી વાત સ્વીકારી હું આજનો દિવસ .. ફક્ત આજનો દિવસ મારો મરવાનો કાર્યક્રમ મુલતવી રાખુ છું. બની શકે, આપ મારા માટે ખરા અર્થમાં દિશાસૂચક બનો ... ખૂબ ખૂબ આભાર .. સો નાઈસ ઓફ યુ ...'

અને રોંગ નંબર કપાઈ ગયો. દિશાના કાનમાં પોતાના શબ્દો જ પડઘાઈ રહ્યા ...

બે પાંચ મિનિટ મૌન પસાર થઈ ગઈ. તેના મનમાં આખી વાતચીત પડઘાતી રહી.

થોડીવારે તેણે હાથમાં રહેલી ગોળીઓની બોટલનો ઘા કર્યો.

બરાબર ત્યારે 'રોંગ નંબર' ખુશખુશાલ થતો પિક્ચર જોવા જતો હતો.

બાજુમાં બેસેલ તેનો મિત્ર પૂછતો હતો ... 'શું હતું આ બધું ? આ આત્મહત્યાની વાતો કોની સાથે કરતો હતો ?'

'હું જરા જોક કરવાના મૂડમાં હતો. અને સામે સાચેસાચ કોઈ દિશા નામની સ્ત્રી હતી ... આત્મહત્યા કરવાના વિચારોમાં અટવાયેલી હતી. મેં મારી સાયકોલોજી કામે લગાડી. બની શકે તેણે મરવાનો તેનો વિચાર પડતો મૂકયો હોય. '

… અને રોંગ નંબરે ખુશ થઈ મોઢેથી વ્હીસલ વગાડી. •

e.mail : nilamhdoshi@gmail.com

**મરણ કે જીવન હો, એ બન્ને સ્થિતિમાં,**
**'મરીઝ', એક લાચારી કાયમ રહી છે.**
**જનાજો જશે તો જશે કાંધેકાંધે,**
**જીવન પણ ગયું છે સહારેસહારે.**

# રૉંગ નંબર ...

• નીલમ દોશી

'જીવનની અંતિમ સાંજ ... ! બસ ... હવે બહુ થયું. આ જીવનનો કોઈ અર્થ નથી. કોઈને મારી પડી જ નથી. આખી જિંદગી શું બધાનું સાંભળ્યા કરવાનું અને સહન કર્યા કરવાનું ? કોઈને મારી જરૂર નથી. હું તો સાવ વધારાની થઈ ગઈ છું ... નકામી. સાવ નકામી બની ગઈ છું. જાણે ખાલી શીશીમાં તડકો ભરવાની રમત રમ્યા કરું છું. અર્થહીન જિંદગીની માફક અર્થહીન રમત ......

આવાં જીવન કરતાં તો ..... અને હવે આ નિર્ણયમાં કોઈ ફેરફર નહીં .... આમ પણ આ ચાર દિવસ એકલી છું. આવો મોકો બીજી વાર મળે ન મળે ... બસ .... જેને જે માનવું હોય, ... જે વિચારવું હોય, તે વિચારે. મર્યા પછી મને શો ફરક પડે છે ? દુનિયા આખી સ્વાર્થી છે. બે દિવસમાં બધું ભૂલી જશે. દિશા હોય કે ન હોય કોને ફરક પડે છે ? મારા એક વિના દુનિયા અટકી તો નથી પડવાની. હું નહીં હોઉં ત્યારે જ બધાને મારી કીંમત સમજાશે.'

બધાને ખબર પાડી દેવા માટે હાથમાં ગોળીઓની આખી બોટલ સાથે બેસેલી દિશાની વિચારમાળા આગળ ચાલે, તે પહેલાં જ બાજુમાં ટીપોય પર રહેલ ફોન રણક્યો. દિશાએ કંટાળાથી ફોન તરફ જોયું. આને પણ છેલ્લી ઘડીએ રણકવું છે ? નથી ઉપાડવો. ... હવે ઉપાડીને કામ પણ શું છે ? ભલે વાગતો .... મારે હવે આ બધી બાબતો સાથે કોઈ નિસ્બત ખરી ?

પણ ફોન કરનાર જાણે જીદે ભરાયું હોય તેમ રણકવાનું બંધ જ નહોતું થતું. ... કંટાળીને કે ગુસ્સાથી દિશાએ ફોન ઉપાડયો.

'લાવ, જોઉં તો ખરી. ... મારા નશીબમાં અંતિમ વાત કોની સાથે કરવાની લખાઈ છે ...'

'હલ્લો...' 'વિરલ છે ?' 'કોણ વિરલ ?' 'વિરલ ... વિરલ શાહ ...' સોરી .. રોંગ નંબર ... અહીં કોઈ વિરલ રહેતો નથી.' 'તો કોણ રહે છે ત્યાં ?' 'તમારે મતલબ ?' દિશાના અવાજમાં ગુસ્સો ભળ્યો. પૂછવાનો અર્થ એ હતો કે આપ કોણ બોલો છો ? 'હું વિરલ તો નથી જ બોલતી ... એટલું પૂરતું નથી ?' 'એ તો સમજાઈ ગયું. આ અવાજ વિરલનો નથી. પણ .. પ્લીઝ કોઈ ગેરસમજ ન કરશો. આ તો જસ્ટ તમારો અવાજ ખૂબ સરસ ... બહુ મીઠો લાગ્યો તેથી પૂછાઈ ગયું. સોરી .. કંઈ ખરાબ લાગ્યું હોય તો .... ' દિશાનો ગુસ્સો થોડો શાંત થયો .. એકાદ પળ મૌન રહી તેણે જવાબ આપ્યો. 'હું દિશા બોલુ છું. આઈ મીન ... મારું નામ દિશા છે.' 'ઓહ ! ગ્રેટ .. જીવનમાં બધાને ગાઇડ કરનાર ... દિશા બતાવનાર .... વાહ .. !' 'સોરી ... હું કોઈને ગાઈડ કરતી નથી.' 'અગેઈન સોરી ... આઈ વોઝ જસ્ટ જોકીંગ.' 'અજાણ્યાઓ સાથે જોક કરવાની તમને આદત છે ?' 'ના, પણ તમે અજાણ્યા લાગ્યા જ નથી .. એનું શું ?' 'વાત કરવામાં તો સ્માર્ટ લાગો છો.' ''ખાલી વાત કરવામાં ? હું આખ્ખો સ્માર્ટ છું.' 'તમારી જાત વિશે બહું ઊંચી માન્યતા ધરાવતા લાગો છો.' 'પોતાની જાત વિશે માન હોવું એ મારા ખ્યાલ મુજબ કંઈ ખરાબ વાત તો નથી જ. જાતની અવગણના શા માટે ? લેખક છો ?' લેખક થવાના સ્વપ્નો જોઉં છું ખરો..' 'સપના ? હમ્ ! ખાલી દિવાસ્વપ્નોમાં રાચો છો કે પછી મહેનત પણ કરો છો ?' દિશા અજાણપણે વાતમાં ગૂંથાતી જતી હતી.

'આ અત્યારે શું કરી રહ્યો છું ? મહેનત જ ને ? દિશા નામની કોઈ સુંદર છોકરીને પટાવવાની ...' 'વોટ ?' હવે દિશાના અવાજમાં ગુસ્સો ભળ્યો.

'સોરી .. સોરી .. મીઠાશની સાથે તીખાશ પણ છે કે નહીં તે જરા ચકાસતો હતો. એકલી મીઠાશ બહુ સારી નહીં. ડાયાબિટીશ થઈ જાય. આમ પણ મને રોગીઓ પ્રત્યે બહુ માન નથી જ. પણ તમારે વાંધો નથી .. મીઠાશ .. તીખાશ બંને છે તમારામાં.' 'બોલતાં ... મસ્કાં મારતાં સારું આવડે છે ...' 'થેન્કસ ફોર કોમ્પ્લિમેન્ટસ .. તમારા જેવી સુંદર યુવતીઓની શુભેચ્છાઓની મહેરબાની હંમેશાં મારી ઉપર રહી છે.' 'હું સુંદર છું, એમ કોણે કહ્યું ?' 'યુવતીઓને હું સુંદર જ ગણુ છું. આમ પણ સુંદરતા તો દૃષ્ટિમાં છે ... અને મારી દૃષ્ટિ સુંદર છે જ. તેથી મને વિશ્વમાં કશું અસુંદર દેખાતું જ નથી. હું તો સીધો કવિ કલાપીનો વંશજ ..'

અને સામે છેડેથી ખડખડાટ હાસ્યનો અવાજ સાંભળી દિશા થોડી ખીજાઈ : 'જાતે સુંદર બની જવાનો તમારો આ આઈડિયા સારો છે. પેલા દલા તરવાડીની વાર્તા વાંચી લાગે છે.' 'તમે બધા નાહક દલા તરવાડીને વગોવો છો. તેણે બિચારાએ તો આપણને કેટલી બધી સગવડ કરી આપી છે.' 'ઓહ .. ! તમને દલા તરવાડી માટે પક્ષપાત લાગે છે .. કે પછી એના પણ વંશજ છો ? એની વે .. તમારી સેન્સ ઓફ હ્યુમર સારી લાગે છે.'

નહોતું હસવું તો પણ દિશાના ચહેરા પર એક મંદ સ્મિતની લહેરખી તો ફરી જ વળી. બાકી આત્મહત્યાની અંતિમ પળે વળી હાસ્ય કેવું ? જીવનમાં હાસ્યની પળો નિર્માણી હોત તો તો આવો વિચાર જ ....

'મારી સેન્સ ઓફ હ્યુમર માટે મિત્રોને માન છે.' 'તમારા મિત્રોને હ્યુમર એટલે શું ? એ ખબર નહીં હોય.' 'કેમ તમને હ્યુમરમાં ખબર નથી પડતી?' 'હું તમારી મિત્ર થોડી છું ?' 'નથી ? હું તો ભ્રમમાં હતો કે તમે મારા મિત્ર બની જ ગયાં છો. રોંગ નંબર સાથે કોઈ આટલી વાત થોડી જ કરે ?' દિશાએ ધડ દઈને ફોન કાપી નાખ્યો. સમજે છે શું એના મનમાં ?

બે પાંચ મિનિટ એમ જ પસાર થઈ. ત્યાં વળી ફોન રણક્યો. ન જાણે કેમ પણ દિશાથી આ વખતે ફોન તુરત ઉપાડાઈ ગયો. નક્કી એ જ .. ! એમ સહેલાઈથી પીછો છોડે તેમ નથી લાગતું. જરા ખખડાવવો પડશે. સમજે છે શું પોતાની જાતને ?' 'હેલ્લો ...' દિશા સાચી હતી. સામેથી ફરી એ જ અવાજ .. 'સોરી દિશાજી, મારો ઈરાદો તમને હર્ટ કરવાનો નહોતો. આ તો મને એમ કે જીવનની અંતિમ પળે કઈ નશીબદાર વ્યક્તિ સાથે વાત કરીને હું સંસારને અલવિદા કરીશ ? એ જાણવાના લોભમાં ......'

દિશા ચમકી. આ પણ કોઈ પોતાના જેવું સમદુઃખિયુ છે કે શું ? નહોતું બોલવું તો યે મોંમાંથી નીકળી જ ગયું. 'એટલે ? તમેયે મારી જેમ ... ?' સામે છેડે એકાદ ક્ષણ મૌન ... 'મારી જેમ એટલે ? તમે પણ ... ?' 'હા, મારી પણ આ અંતિમ સાંજની અંતિમ વાત છે. આપણી મુલાકાત કંઈક અનોખી નથી લાગતી ?' 'અનોખી છે જ. અંતિમ પળના સાથીદાર નહીં ?'

'પણ તમે તો પુરુષ છો. તમારે વળી આત્મહત્યાનું શા માટે વિચારવું પડે ?' એકાદ બે ક્ષણના મૌન પછી .. 'કેમ પુરુષને કોઈ તકલીફ ન હોય એવો કોઈ નિયમ છે ?' દિશા ગૂંચવાઈ .... 'ના, ના, નિયમ તો નથી .. પણ સામાન્ય રીતે આપણો સમાજ પુરુષપ્રધાન છે, તેથી જે સહન કરવાનું આવે તે મોટે ભાગે સ્ત્રીઓને જ ફાળે આવે છે ને ?' 'એ તમારો ભ્રમ છે. આપણી અંતિમ સાંજે હવે એ ભ્રમ તોડીને શું ફાયદો? નહીંતર જરૂર કહેત. જતાં પહેલાં કદાચ દિલ હળવું કરવાની એક તક ..... પણ, ના જવા દો ... અંતિમ સાંજે દિલ હળવું થાય કે નહીં. શો ફરક પડે છે ખરું ને ?' 'હા .... ના .. સાવ એવું તો નહીં .... કોઈ સહૃદયી વાત સાંભળનાર મળે તો જરૂર ગમે. હસતા હસતા દુનિયાને અલવિદા કહેવાનું સદનશીબ બધા પાસે નથી હોતું.' 'તમે તો ફિલસૂફની માફક વાત કરવા લાગ્યા..' 'અંતિમ પળે કદાચ દરેક માનવી ફિલસૂફની અવસ્થાએ આપોઆપ પહોંચી જતો હશે. નહીં ?'

દિશા અનાયાસે વાતોના પ્રવાહમાં ખેંચાઈ. આમ તો પોતાની વાતો સાંભળવાનો સમય કોઈની પાસે હતો જ કયાં ?

'બની શકે, તમે સાચા હો ... પણ મને તો આ પળે મોત જેવું બીજું કોઈ સુખ દેખાતું નથી.' સામે છેડેથી નિરાશ અવાજ સંભળાયો : 'ના, ના, સાવ એવું નથી. તમે તો પુરુષ થઈને પણ સાવ હિમત હારી ગયા. આમ સાવ નિરાશાવાદી થવું તમને બરાબર લાગે છે ?' 'મને તો કશું જ બરાબર નથી લાગતું ... બરાબર લાગતું હોત તો મરવાનો વિચાર જ શા માટે આવત ?' 'બધું બરાબર હોય ત્યારે તો સૌ કોઈ જીવે. મરવું તો બહુ આસાન છે. બની શકે કે તમે જીવવાનો પૂરતો પ્રયત્ન જ ન કર્યો હોય ?'

દિશા જાણ્યે, અજાણ્યે કાઉન્સેલરની ભૂમિકામાં આવી ગઈ.

**(અનુસંધાન પાન 23 પરે)**